પદાર્થ પ્રકાશ ભાગ ૨૧

# શ્રીગુરુગુણષટ્‌ત્રિંશત્ષટ્‌ત્રિંશિકાકુલક

(પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-વિવૃતિ)

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ

આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

પદાર્થ પ્રકાશ ભાગ ૨૧

# શ્રીગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકાકુલક

## (પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-વિવૃતિ)


**❀ સંકલન + સંપાદન ❀**

**પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ**

**આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



**વીર સં.૨૫૪૦ વિ.સં.૨૦૭૦ ઈ.સ.૨૦૧૪**

**❀ પ્રકાશક ❀**

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**

## પ્રાપ્તિસ્થાન

**પી. એ. શાહ જ્વેલર્સ**
૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦ ૦૨૬.
ફોન : ૨૩૫૨૨૩૭૮/૨૩૫૨૧૧૦૮

**દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
૪, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૭૦૧૮૯

**બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૫. મો. ૯૪૨૬૫ ૮૫૯૦૪.

**ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**
૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા ગરનાળા પાસે,
પાટણ-૩૮૪૨૬૫. (ઉત્તર ગુજરાત),
ફોન : (૦૨૭૬૬) ૨૩૧૬૦૩

**ડો. પ્રકાશભાઈ પી. ગાલા**
બી/૬, સર્વોદય સોસાયટી, સાંઈનાથ નગર, સાંઘાણી એસ્ટેટ,
એલ.બી.એસ.માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.
ફોન : ૨૫૦૦૫૮૩૭, મો. ૯૮૨૦૫ ૯૫૦૪૯

**અક્ષયભાઈ જે. શાહ**
૫૦૨, પદ્મ એપાર્ટમેન્ટ, જૈનદેરાસરની સામે,
સર્વોદયનગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૭૪૭૮૦, મો. ૯૫૯૪૫ ૫૫૫૦૫

**પ્રથમ આવૃત્તિ * નકલ ૩૫૦ * મૂલ્ય રૂ.૭૦.૦૦**

Printed by : **SHREE PARSHVA COMPUTERS,**
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.9909424860

## દિવ્યવંદના

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**પ્રેમસૂરીશ્વરજી મહારાજા,**

પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અને

પરમ પૂજ્ય સમતાસાગર પન્ન્યાસપ્રવર
**શ્રી પદ્મવિજયજી મહારાજા**

આ પૂજ્યોના ચરણોમાં

અનંતશઃ વંદના

## શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

અને

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** ની

અમીદૃષ્ટી સદા અમારી ઉપર
વરસતી રહો.

ઉપકારી ઉપકાર
તમારો કદીય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ

પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજા

પૂ.પ્રવર્ત્તિની શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ

પૂ.સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મહારાજ

પૂ.સાધ્વીજી શ્રી દિવ્યયશાશ્રીજી મહારાજ

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના



## પ્રકાશકીય

'પદાર્થપ્રકાશ ભાગ ૨૧' સહર્ષ પ્રકાશિત કરીએ છીએ. આ પુસ્તકમાં **શ્રીરત્નશેખર-સૂરિજીકૃત** **શ્રીગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકાકુલક** અને તેની **સ્વોપજ્ઞ વિવૃતિ**ના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-વિવૃતિનું સંકલન કર્યું છે. આ પૂર્વે પદાર્થપ્રકાશના ભાગ ૧ થી ૨૦માં અમે ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણિ, ક્ષેત્રસમાસ, કર્મપ્રકૃતિ, બાર પ્રકીર્ણક ગ્રંથો, તત્ત્વાર્થાધિગમસૂત્ર, શ્રાવકવ્રતભંગપ્રકરણ, ગાંગેયભંગપ્રકરણ, સિદ્ધપ્રાભૃત, સિદ્ધપંચાશિકા, સંસ્કૃત નિયમાવલી અને વિચારસપ્તતિકા - આ ગ્રંથોના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ-અવચૂરિ-ટીકાનું પ્રકાશન કર્યું છે. આ પદાર્થપ્રકાશશ્રેણિનું સંકલન -સંપાદન પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવ આચાર્યદેવશ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરિશ્વરજી** મહારાજાએ કરેલ છે. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં કૃતજ્ઞભાવે નમન કરીએ છીએ.

વિવૃતિ સહિત શ્રીગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકાકુલકનું પૂર્વે પૂજ્યપાદ પ્રવર્તક શ્રીકાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજે સંશોધન-સંપાદન કરેલ. તે વિક્રમ સંવત્ ૧૯૭૧માં ભાવનગરની જૈનઆત્માનંદસભા તરફથી પ્રકાશિત થયેલ.

આ પુનઃપ્રકાશન પ્રસંગે પૂર્વેના સંશોધક-સંપાદક-પ્રકાશકનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ અને તેમને કૃતજ્ઞભાવે ધન્યવાદ આપીએ છીએ.

આ પુસ્તકમાં સુંદર ટાઈપસેટીંગ કરનાર શ્રીપાર્શ્વ કોમ્પ્યુટર્સવાળા વિમલભાઈને આ અવસરે ધન્યવાદ આપીએ છીએ.

ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર ચઢિયાતી શ્રુતભક્તિ કરી શકીએ એવી શ્રુતાધિષ્ઠાયિકા શ્રીસરસ્વતીદેવીને પ્રાર્થના કરીએ છીએ.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સહુ કોઈ ગુરુના ગુણોને જાણીને તેમની પ્રત્યે તીવ્ર અહોભાવવાળા બને અને ભવસાગરને તરે એ જ અભ્યર્થના.

લી.

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટના ટ્રસ્ટીગણ**

તારાચંદ અંબાલાલ શાહ　　ધરણેન્દ્ર અંબાલાલ શાહ

પુંડરીક અંબાલાલ શાહ　　મુકેશ બંસીલાલ શાહ

ઉપેન્દ્ર તારાચંદ શાહ

## ગુરુ - ગુણના ભંડાર

એકવાર સિકંદર પોતાના ગુરુ એરિસ્ટોટલ સાથે ક્યાંક જઈ રહ્યો હતો. વચ્ચે નદી આવી. સિકંદર બોલ્યો, 'ગુરુદેવ ! આપ અહીં બેસો. પાણી કેટલું ઊંડું છે તે તપાસીને પછી આપને સામે કિનારે લઈ જઈશ.' ગુરુદેવ બોલ્યા, 'ના સિકંદર ! પહેલા હું નદી પાર કરીને પાણીની ઊંડાઈ માપીશ, પછી તને સામે કિનારે લઈ જઈશ.' સિકંદરે ગુરુદેવની આજ્ઞા ન માની. તે પાણીમાં કૂદી પડ્યો. તે સામે કિનારે પહોંચ્યો. ત્યાંથી તેણે ગુરુદેવને કહ્યું, 'ગુરુદેવ ! પધારો, પાણી બહુ ઊંડું નથી.' ગુરુદેવે નદી પાર કરી. સામે કિનારે જઈ તેમણે સિકંદરને પૂછ્યું, 'પાણી ઊંડું હોત અને તું ડૂબી જાત તો ?' સિકંદર બોલ્યો, 'ગુરુદેવ ! હું ડૂબી જાત તો મારા જેવા સેંકડો સિકંદરોને આપ પેદા કરી શકત, પણ આપ પહેલા નદીમાં ઊતર્યા હોત અને ડૂબી જાત તો હું આપના જેવા તત્ત્વચિંતક ગુરુદેવને પેદા ન કરી શકત.' સિકંદરના હૃદયમાં ગુરુનું કેટલું ઊંચું સ્થાન હશે !

આ પ્રસંગ એમ કહે છે કે ગુરુનો મહિમા અપરંપાર છે. માત્ર જૈનદર્શન નહીં પણ બીજા દર્શનોએ પણ ગુરુનો મહિમા ખૂબ ખૂબ ગાયો છે.

કહ્યું છે કે,

**'સબ પૃથ્વી કાગજ કરું, કલમ કરું વનરાઈ;**
**સાત સમંદર સ્યાહી કરું, તો ભી ગુરુગુણ લિખ્યા ન જાઈ.'**

અપેક્ષાએ પરમાત્મા કરતા પણ ગુરુનું મહત્ત્વ વધી જાય છે, કેમકે પરમાત્માની અને પરમાત્માએ બતાવેલા ધર્મની ઓળખાણ કરાવનાર ગુરુ છે. માટે જ આપણે ત્યાં દેવ-ગુરુ-ધર્મ આ તત્ત્વત્રયીમાં ગુરુતત્ત્વને વચ્ચે મૂક્યું છે. અન્ય દર્શનમાં પણ કહ્યું છે કે -

**'ગુરુ ગોવિંદ દોનું ખડે, કાકો લાગુ પાય;**
**બલિહારી ગુરુદેવ કી, જો ગોવિંદ દિયો બતાય.'**
**'હરિ સેવા સોલહ બરસ, ગુરુસેવા પલ ચાર;**
**તો ભી નહીં બરાબરી, વેદન કીયો વિચાર.'**

ગુરુ પરમાત્માના પ્રતિનિધિ છે. ગુરુમાં પરમાત્માને જોવાના છે. જેવી પરમાત્માની ભક્તિ કરીએ છીએ તેવી ગુરુની ભક્તિ કરવાની છે. ગુરુની પરમાત્મા જેવી ભક્તિ કરનારને બધી સમૃદ્ધિઓ મળે છે. કહ્યું છે કે -

**'यस्य देवे परा भक्तिः, यथा देवे तथा गुरौ।**
**तस्यैते सकला अर्थाः, प्रकाशन्ते महात्मानः ॥'**

ગુરુ આપણને ધર્મ પમાડનાર છે. તેમના ઉપકારનો બદલો વળી શકે એમ નથી. **પ્રશમરતિમાં** કહ્યું છે -

**'दुष्प्रतिकारौ मातापितरौ, स्वामी गुरुश्च लोकेऽस्मिन्।**
**तत्र गुरुरिहामुत्र च, सुदुष्करतरप्रतीकारः ॥७१॥'**

**મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે** પણ કહ્યું છે કે -

**'સમકિતદાતા ગુરુ તણો, પચ્ચુવયાર ન થાય;**
**ભવ કોડાકોડે કરી, કરતા કોટિ ઉપાય.'**

બીજે પણ ગુરુનો મહિમા ગાતા કહ્યું છે -

**'ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિના ઘોર અંધાર;**
**જે ગુરુવાણી વેગળા, તે રડવડિયા સંસાર.**
**કુંભે બાંધ્યું જલ રહે, જલ વિણ કુંભ ન હોય;**
**જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરુ વિના જ્ઞાન ન હોય.**
**નિર્લોભી નિર્લાલચી, નિર્મલ નિરહંકાર;**
**નિષ્કારણ બંધુ ગુરુ, શુદ્ધ પ્રરૂપણહાર.**
**ગુરુ ચંદન ગુરુ આરસી, ગુરુ ગૌતમ અવતાર;**
**એવા ગુરુવર કબ મીલે, ટાળે સર્વ વિકાર.**
**મુંગા વાચા પામતા, પંગુ ગિરિ ચઢી જાય;**
**ગુરુકૃપા બલ ઔર હૈ, અંધ દેખન લગ જાય.'**

આમ ગુરુની ગરિમા અવર્ણનીય છે. ગુરુ અનેક ગુણોથી અલંકૃત છે. તેમના મુખ્ય ૩૬ ગુણો છે. આ ૩૬ ગુણો 'પંચિંદિય સૂત્ર'માં બતાવેલા છે. ગુરુના ૩૬ ગુણોની આ તો માત્ર એક જ છત્રીશી બતાવી છે. ગુરુના ગુણોની આવી અનેક છત્રીશીઓ છે. **'શ્રીગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા-**

**કુલક**' નામના પ્રસ્તુત ગ્રંથમાં ગુરુના ગુણોની આવી છત્રીશ છત્રીશીઓ બતાવી છે. **સંબોધપ્રકરણ**માં **શ્રીહરિભદ્રસૂરિ** મહારાજે ગુરુના ગુણોની ૪૫ જેટલી છત્રીશીઓ બતાવી છે. **સમ્યક્ત્વપ્રકરણ**માં અને **પ્રવચનસારોદ્ધાર**માં પણ ગુરુના ગુણોની અમુક છત્રીશીઓ બતાવી છે.

**વીશસ્થાનકની પૂજા**માં **શ્રીલક્ષ્મીસૂરિ મહારાજે** કહ્યું છે કે -

**'બારસે છન્નું ગુણે ગુણવંતા, સોહમ જંબૂ મહંતા;**
**આયરિયા દીઠે તે દીઠા, સ્વરૂપ સમાધિ ઉલ્લસંતા.'**

**સમ્યક્ત્વસપ્તતિકા**ની ૩૮મી ગાથાની ટીકામાં કહ્યું છે,

**'आचार्यः षण्णवत्यधिकद्वादशशतगुणालङ्कृतः ।'**

આચાર્ય બારસો છન્નુ ગુણોથી અલંકૃત હોય છે.

મોક્ષે જવા માટે ગુરુબહુમાન એ અસાધારણ કારણ છે. એના વિના મોક્ષ શક્ય નથી. ગુરુબહુમાનથી પરમાત્માનો સંયોગ થાય છે. પરમાત્માનો સંયોગ થવાથી અવશ્ય મોક્ષ થાય છે. પંચસૂત્રમાં કહ્યું -

**'आयओ गुरुबहुमाणो, अवंझकारणत्तेण ।**
**अओ परमगुरुसंजोगो, तओ सिद्धी असंसयं ।'**

ગુરુના ગુણોનું જ્ઞાન થવાથી ગુરુ પ્રત્યેનું બહુમાન વધે છે. માટે આપણા હૃદયમાં ગુરુબહુમાનને વધારવા પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારે ગુરુના ગુણોની છત્રીશ છત્રીશીઓ બતાવી છે, એટલે કે ગુરુના ૧,૨૯૬ ગુણો બતાવ્યા છે.

આ મૂળગ્રંથ પ્રાકૃત ભાષામાં રચાયો છે. તેની ૪૦ ગાથાઓ છે.

આ ગ્રંથના રચયિતા બૃહદ્ગચ્છમાં થયેલા શ્રીદેવસૂરિ મહારાજની પરંપરામાં થયેલા શ્રીજયશેખરસૂરિ મહારાજના શિષ્ય શ્રીવ્રજસેનસૂરિ મહારાજના શિષ્ય **શ્રીરત્નશેખરસૂરિ મહારાજ** છે. તેઓ શ્રીહેમતિલકસૂરિ મહારાજની પાટે બિરાજમાન હતા. તેઓ વિક્રમની ૧૫મી સદીમાં થયા હતા. તેમણે પ્રસ્તુત ગ્રંથ સિવાય શ્રીપાલકથા, ગુણસ્થાનક્રમારોહ, ક્ષેત્રસમાસ વગેરે ગ્રંથો રચ્યા છે.

આ મૂળગ્રંથના રહસ્યોને સમજાવવા ગ્રંથકારે સંસ્કૃતભાષામાં સુંદર વિવૃતિ પણ રચી છે. તે ૧૩૦૦ શ્લોક પ્રમાણ છે. તેમાં તેમણે મૂળગાથાઓના

પદાર્થોને અનેક શાસ્ત્રપાઠોના આધારે સમજાવ્યા છે.

પ્રસ્તુત પુસ્તકમાં અમે પહેલા મૂળ ગ્રંથ અને વિવૃતિના આધારે પદાર્થસંગ્રહનું સંકલન કર્યું છે. આ પદાર્થસંગ્રહમાં પદાર્થોને સરળ, સંક્ષિપ્ત અને સચોટ રીતે સમજાવ્યા છે. આ પુસ્તકના માધ્યમે એ પદાર્થોનો શીઘ્ર બોધ થાય છે. પદાર્થસંગ્રહમાં દરેક છત્રીશી નવા પાને શરૂ કરેલ છે. દરેક છત્રીશીમાં પહેલા સંક્ષેપમાં ૩૬ ગુણો બતાવી પછી તેમને વિગતવાર સમજાવ્યા છે. પુસ્તકની શરૂઆતમાં આપેલ વિસ્તૃત વિષયાનુક્રમમાંથી છત્રીશીઓના વિષયોનું સામાન્ય જ્ઞાન થશે.

પદાર્થસંગ્રહના સંકલન પછી અમે મૂળગ્રંથ અને તેની વિવૃતિનું પણ સંકલન કર્યું છે.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સહુ કોઈ ગુરુના ગુણોને જાણીને તેમના પ્રત્યે અપ્રતિમ બહુમાનવાળા થઈને શીઘ્ર પોતાની મુક્તિને સાધે એ જ શુભેચ્છા.

પરમ પૂજ્ય પરમગુરુદેવ કર્મસાહિત્યનિષ્ણાત આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પરમ પૂજ્ય પ્રગુરુદેવ ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા અને પરમ પૂજ્ય ગુરુદેવ સમતાસાગર પન્ન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી મહારાજ - આ ગુરુત્રયીની અસીમ કૃપાના બળે જ આ પુસ્તકનું સંકલન-સંપાદન થયું છે. તે પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદનાવલી.

આ પુસ્તકમાં મતિમંદતા કે પ્રેસદોષના કારણે કોઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો તેની અમે ક્ષમા યાચીએ છીએ અને તેને સુધારવા બહુશ્રુતોને વિનંતિ કરીએ છીએ.

- પરમપૂજ્ય સમતાસાગર
**પન્ન્યાસપ્રવરશ્રી પદ્મવિજયજી મહારાજનો**
ચરણોપાસક
**આચાર્ય વિજય હેમચન્દ્રસૂરિ**

મહા સુદ ૧૫,
વિ.સં. ૨૦૭૦,
સેરિસાતીર્થ.

## પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

### ✹ ગુજરાતી સાહિત્ય ✹

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧ (જીવવિચાર-નવતત્ત્વનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૨) પદાર્થપ્રકાશ ભાગ-૨ (દંડક-લઘુસંગ્રહણીનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૩) પદાર્થપ્રકાશ ભાગ-૩ (૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૪) પદાર્થપ્રકાશ ભાગ-૪ (૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૫) પદાર્થપ્રકાશ ભાગ-૫ (ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૬) પદાર્થપ્રકાશ ભાગ-૬ (પાંચમા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૭) પદાર્થપ્રકાશ ભાગ-૭ (છટ્ઠા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૮) પદાર્થપ્રકાશ ભાગ-૮ (બૃહત્સંગ્રહણિનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૯) પદાર્થપ્રકાશ ભાગ-૯ (બૃહત્ક્ષેત્રસમાસ અને લઘુક્ષેત્રસમાસનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૦) પદાર્થપ્રકાશ ભાગ-૧૦ (કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૧) પદાર્થપ્રકાશ ભાગ-૧૧ (કર્મપ્રકૃતિ સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૨) પદાર્થપ્રકાશ ભાગ-૧૨ (કર્મપ્રકૃતિ ઉદીકરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૩) પદાર્થપ્રકાશ ભાગ-૧૩ (કર્મપ્રકૃતિ ઉદયાધિકાર, સત્તાધિકારનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૪) પદાર્થપ્રકાશ ભાગ-૧૪ (શ્રીક્ષુલ્લકભવાવલિપ્રકરણ, શ્રીસિદ્ધદંડિકાસ્તવ, શ્રીયોનિસ્તવ અને શ્રીલોકનાલિદ્વાત્રિંશિકાનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૫) પદાર્થપ્રકાશ ભાગ-૧૫ (શ્રીકાયસ્થિતિસ્તોત્ર, શ્રીલઘુઅલ્પબહુત્વ, શ્રીદેહસ્થિતિસ્તવ, શ્રીકાલસપ્તતિકાપ્રકરણ, શ્રીવિચારપંચાશિકા, શ્રીપુદ્ગલપરાવર્તસ્તોત્ર, શ્રીઅંગુલસત્તરી અને શ્રીસમવરણસ્તવનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૬) પદાર્થપ્રકાશ ભાગ-૧૬ (શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રનો પદાર્થસંગ્રહ તથા મૂળસૂત્ર-શબ્દાર્થ)
(૧૭) પદાર્થપ્રકાશ ભાગ-૧૭ (શ્રીશ્રાવકવ્રતભંગપ્રકરણ અને શ્રીગાંગેયભંગપ્રકરણનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-અવચૂરિ)
(૧૮) પદાર્થપ્રકાશ ભાગ-૧૮ (શ્રીસિદ્ધપ્રાભૃત અને શ્રીસિદ્ધપંચાશિકાનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-ટીકા-અવચૂરિ)
(૧૯) પદાર્થપ્રકાશ ભાગ-૧૯ (સંસ્કૃત નિયમાવલી)
(૨૦) પદાર્થપ્રકાશ ભાગ-૨૦ (શ્રીવિચારસપ્તતિકાનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-વૃત્તિ)
(૨૧) મુક્તિનું મંગલદ્વાર (ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)
(૨૨) શ્રીસીમંધરસ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)
(૨૩) ચાતુર્માસિક અને જીવનના નિયમો (૨૪) વીશ વિહરમાન જિન સચિત્ર
(૨૫) વીશ વિરમાન જિન પૂજા
(૨૬) બંધનથી મુક્તિ તરફ (બારવ્રત તથા ભવ-આલોચના વિષયક સમજણ)

(૨૭) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપનોંધ (૨૮) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ
(૨૯) તત્ત્વાર્થ ઉષા (લે.પૂ.આ.શ્રી ભુવનભાનૂસૂરિ મ.સા.)
(૩૦) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પ.પં.પદ્મવિજયજી મ.સા.નું જીવનચરિત્ર)
(૩૧) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ.પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)
(૩૨) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)
(૩૩) પ્રેમપ્રભા ભાગ-૩ (બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો સાનુવાદ)
(૩૪) સાધુતાનો ઉજાસ (લે.પૂ.પં.પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)
(૩૫) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકરણ, ગૌતમકુલક સાનુવાદ (પૂ.આ.જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)
(૩૬) ગુરુ દીવો, ગુરુ દેવતા (પ્રેમપ્રભા ભાગ-૬)
(૩૭) પ્રભુ ! તુજ વચન અતિ ભલું (પ્રેમપ્રભા ભાગ-૭)
(૩૮) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)
(૩૯) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯)
(૪૦) કામ સુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦)
(૪૧) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧ (પ્રેમપ્રભા ભાગ-૧૧)
(૪૨) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૧૨)
(૪૩) પરમપ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ) (૪૪) ભક્તિમાં ભીંજાણા (લે.પં.પદ્મવિજયજી ગણિવર્ય) (વીરવિજયજી મ. કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન) (૪૫) આદીશ્વર અલબેલો રે (સં.પૂ.ગણિ કલ્યાણબોધિવિજયજી) (શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)
(૪૬) ઉપધાનતપવિધિ (૪૭) રત્નકુક્ષી માતા પાહિણી
(૪૮) સતી-સોનલ (૪૯) નેમિદેશના (૫૦) નરક દુ:ખ વેદના ભરી
(૫૧) પંચસૂત્રનું પરિશીલન (૫૨) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
(૫૩) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ) (૫૪) અધ્યાત્મયોગી (આ.કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવનદર્શન)
(૫૫) ચિત્કાર (૫૬) મનોનુશાસન (૫૭) ભાવે ભજો અરિહંતને
(૫૮) લક્ષ્મી-સરસ્વતી સંવાદ (૫૯-૬૧) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧ થી ૩
(૬૨-૬૫) રસથાળ ભાગ ૧ થી ૪ (૬૬) સમતાસાગર (પૂ.પં.પદ્મવિજયજી મ.ના ગુણાનુવાદ)
(૬૭) પ્રભુ દરિસણ સુખ સંપદા
(૬૮) શુદ્ધિ (ભવ-આલોચના) (૬૯) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો
(૭૦) જયવીયરાય (૭૧) પ્રતિકાર (૭૨) તીર્થ-તીર્થપતિ (૭૩) વેદના-સંવેદના

## ✹ અંગ્રેજી સાહિત્ય ✹

1. A Shining Star of Spirituality (સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)
2. Padarth Prakash Part-1 (જીવવિચાર-નવતત્ત્વ)
3. Pahini-A Gem-womb Mother (રત્નકુક્ષી માતા પાહિણીનો અનુવાદ)

## ✹ સંસ્કૃત સાહિત્ય ✹

૧. समतासागरचरितम् (પં. પદ્મવિજયજી મ.નું જીવન ચરિત્ર)

# ✹ વિષયાનુક્રમ ✹


| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | ગુરુના ગુણોનું કીર્તન શા માટે ? | ૧ |
| ૨ | **પહેલી છત્રીશી** | **૨-૮** |
| (i) | ૪ પ્રકારની દેશના | ૨ |
| (ii) | ૪ પ્રકારની કથા | ૨-૩ |
| (iii) | ૪ પ્રકારનો ધર્મ | ૩-૫ |
| (iv) | ૪ પ્રકારની ભાવના | ૫ |
| (v) | ૪ પ્રકારના સ્મારણા વગેરે | ૫-૬ |
| (vi) | ૪ પ્રકારના ધ્યાન | ૬-૮ |
| ૩ | **બીજી છત્રીશી** | **૯-૧૩** |
| (i) | ૫ પ્રકારનું સમ્યક્ત્વ | ૯-૧૦ |
| (ii) | ૫ પ્રકારનું ચારિત્ર | ૧૦-૧૧ |
| (iii) | ૫ પ્રકારના વ્રત | ૧૧-૧૨ |
| (iv) | ૫ પ્રકારનો વ્યવહાર | ૧૨ |
| (v) | ૫ પ્રકારનો આચાર | ૧૨ |
| (vi) | ૫ પ્રકારની સમિતિ | ૧૨-૧૩ |
| (vii) | ૫ પ્રકારનો સ્વાધ્યાય | ૧૩ |
| (viii) | ૧ પ્રકારનો સંવેગ | ૧૩ |
| ૪ | **ત્રીજી છત્રીશી** | **૧૪-૧૮** |
| (i) | ૫ ઈન્દ્રિયો | ૧૪-૧૫ |
| (ii) | ૫ વિષયો | ૧૫-૧૬ |
| (iii) | ૫ પ્રમાદો | ૧૬ |
| (iv) | ૫ આસ્રવો | ૧૬-૧૭ |
| (v) | ૫ નિદ્રા | ૧૭ |
| (vi) | ૫ કુભાવનાઓ | ૧૭-૧૮ |
| (vii) | ૬ કાય | ૧૮ |
| ૫ | **ચોથી છત્રીશી** | **૧૯-૨૬** |
| (i) | ૬ પ્રકારના વચનના દોષો | ૧૯ |
| (ii) | ૬ પ્રકારની લેશ્યાઓ | ૧૯-૨૦ |
| (iii) | ૬ પ્રકારના આવશ્યકો | ૨૧-૨૨ |
| (iv) | ૬ પ્રકારના દ્રવ્યો | ૨૨-૨૩ |
| (v) | ૬ પ્રકારના તર્કો | ૨૩-૨૬ |
| (vi) | ૬ પ્રકારની ભાષા | ૨૬ |
| ૬ | **પાંચમી છત્રીશી** | **૨૭-૨૮** |
| (i) | ૭ પ્રકારના ભય | ૨૭ |
| (ii) | ૭ પ્રકારની પિંડૈષણા | ૨૭-૨૮ |
| (iii) | ૭ પ્રકારની પાનૈષણા | ૨૮ |
| (iv) | ૭ પ્રકારનું સુખ | ૨૮ |
| (v) | ૮ પ્રકારના મદસ્થાનો | ૨૮ |
| ૭ | **છટ્ઠી છત્રીશી** | **૨૯-૪૩** |
| (i) | ૮ પ્રકારના જ્ઞાનાચાર | ૨૯-૩૫ |
| (ii) | ૮ પ્રકારના દર્શનાચાર | ૩૫-૪૨ |
| (iii) | ૮ પ્રકારના ચારિત્રાચાર | ૪૨ |
| (iv) | ૮ પ્રકારના આચારવાન વગેરે ગુણો | ૪૨-૪૩ |
| (v) | ૪ પ્રકારની બુદ્ધિ | ૪૩ |
| ૮ | **સાતમી છત્રીશી** | **૪૪-૪૮** |
| (i) | ૮ પ્રકારના કર્મો | ૪૪ |
| (ii) | ૮ પ્રકારના યોગના અંગો | ૪૪-૪૫ |
| (iii) | ૮ પ્રકારની મહાસિદ્ધિઓ | ૪૫ |
| (iv) | ૮ પ્રકારની યોગદષ્ટિઓ | ૪૫-૪૭ |
| (v) | ૪ પ્રકારના અનુયોગ | ૪૮ |
| ૯ | **આઠમી છત્રીશી** | **૪૯-૫૧** |
| (i) | ૯ તત્ત્વો | ૪૯ |
| (ii) | ૯ બ્રહ્મચર્યની વાડો | ૫૦ |
| (iii) | ૯ પ્રકારના નિયાણા | ૫૦-૫૧ |
| (iv) | ૯ કલ્પી વિહાર | ૫૧ |

ક્ર. વિષય .................... પાના નં.

૧૦ **નવમી છત્રીશી** ........... ૫૨-૫૩
(i) ૧૦ પ્રકારના અસંવર ............૫૨
(ii) ૧૦ પ્રકારના સંક્લેશ ..... ૫૨-૫૩
(iii) ૧૦ પ્રકારના ઉપઘાત ...........૫૩
(iv) ૬ પ્રકારના હાસ્ય વગેરે .........૫૩

૧૧ **દશમી છત્રીશી** ........... ૫૪-૫૮
(i) ૧૦ પ્રકારની સામાચારી... ૫૪-૫૬
(ii) ૧૦ પ્રકારના ચિત્તસમાધિસ્થાનો. ૫૬
(iii) ૧૬ કષાયો ................ ૫૬-૫૮

૧૨ **અગ્યારમી છત્રીશી**........ ૫૯-૬૨
(i) ૧૦ પ્રકારની પ્રતિસેવા .... ૫૯-૬૦
(ii) ૧૦ પ્રકારના આલોચનાના દોષો ..... ૬૦-૬૧
(iii) ૪ પ્રકારની વિનયસમાધિ........૬૧
(iv) ૪ પ્રકારની શ્રુતસમાધિ ..........૬૧
(v) ૪ પ્રકારની તપસમાધિ .... ૬૧-૬૨
(vi) ૪ પ્રકારની આચારસમાધિ.......૬૨

૧૩ **બારમી છત્રીશી**........... ૬૩-૬૪
(i) ૧૦ પ્રકારની વેયાવચ્ચ ..........૬૩
(ii) ૧૦ પ્રકારનો વિનય ....... ૬૩-૬૪
(iii) ૧૦ પ્રકારનો ધર્મ ................૬૪
(iv) ૬ પ્રકારના અકલ્પ્ય.............૬૪

૧૪ **તેરમી છત્રીશી**............ ૬૫-૬૬
(i) ૧૦ પ્રકારની રુચિ ...............૬૫
(ii) ૧૨ અંગો .........................૬૫
(iii) ૧૨ ઉપાંગો.......................૬૬
(iv) ૨ પ્રકારની શિક્ષા ...............૬૬

૧૫ **ચૌદમી છત્રીશી**........... ૬૭-૬૯
(i) ૧૧ શ્રાવકની પ્રતિમાઓ ........૬૭
(ii) ૧૨ શ્રાવકના વ્રતો ..............૬૮
(iii) ૧૨ ક્રિયાસ્થાનો ........... ૬૮-૬૯

૧૬ **પંદરમી છત્રીશી** .......... ૭૦-૭૨
(i) ૧૨ ઉપયોગ............... ૭૦-૭૧
(ii) ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્ત.........૭૧
(iii) ૧૪ પ્રકારના ઉપકરણો.... ૭૧-૭૨

૧૭ **સોળમી છત્રીશી** .......... ૭૩-૭૬
(i) ૧૨ પ્રકારના તપ................૭૩
(ii) ૧૨ પ્રકારની સાધુની પ્રતિમા .... ૭૩-૭૫
(iii) ૧૨ પ્રકારની ભાવના...... ૭૫-૭૬

૧૮ **સત્તરમી છત્રીશી**.......... ૭૭-૮૦
(i) ૧૪ ગુણઠાણા ............. ૭૭-૭૯
(ii) ૧૪ પ્રતિરૂપ વગેરે ગુણો ........૭૯
(iii) ૮ સૂક્ષ્મો ..........................૮૦

૧૯ **અઢારમી છત્રીશી** ......... ૮૧-૮૪
(i) ૧૫ પ્રકારના યોગ......... ૮૧-૮૨
(ii) ૧૫ પ્રકારની સંજ્ઞા ........ ૮૨-૮૩
(iii) ૩ પ્રકારના ગારવો ........ ૮૩-૮૪
(iv) ૩ પ્રકારના શલ્યો ................૮૪

૨૦ **ઓગણીસમી છત્રીશી**..... ૮૫-૮૮
(i) ૧૬ પ્રકારના ઉદ્ગમના દોષો ............ ૮૫-૮૬
(ii) ૧૬ પ્રકારના ઉત્પાદનના દોષો ............ ૮૬-૮૮
(iii) ૪ પ્રકારના અભિગ્રહ............૮૮

૨૧ **વીશમી છત્રીશી** .......... ૮૯-૯૦
(i) ૧૬ પ્રકારના વચનો.............૮૯
(ii) ૧૭ પ્રકારનું સંયમ ........ ૮૯-૯૦
(iii) ૩ પ્રકારની વિરાધના ............૯૦

૨૨ **એકવીશમી છત્રીશી**....... ૯૧-૯૪
(i) દીક્ષા માટે અયોગ્ય પુરુષના ૧૮ દોષો........ ૯૧-૯૩

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| (ii) | ૧૮ પાપસ્થાનકો | ૯૩-૯૪ |
| **૨૩** | **બાવીશમી છત્રીશી** | **૯૫-૯૬** |
| (i) | ૧૮ હજાર શીલાંગો | ૯૫-૯૬ |
| (ii) | ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય | ૯૬ |
| **૨૪** | **ત્રેવીસમી છત્રીશી** | **૯૭-૯૯** |
| (i) | ૧૯ કાઉસ્સગ્ગના દોષો | ૯૭-૯૮ |
| (ii) | ૧૭ પ્રકારના મરણ | ૯૮-૯૯ |
| **૨૫** | **ચોવીસમી છત્રીશી** | **૧૦૦-૧૦૪** |
| (i) | ૨૦ અસમાધિસ્થાનો | ૧૦૦-૧૦૧ |
| (ii) | ૧૦ એષણાના દોષો | ૧૦૧-૧૦૪ |
| (iii) | ૫ ગ્રાસૈષણાના દોષો | ૧૦૪ |
| (iv) | ૧ પ્રકારનું મિથ્યાત્વ | ૧૦૪ |
| **૨૬** | **પચીશમી છત્રીશી** | **૧૦૫-૧૦૭** |
| (i) | ૨૧ શબલો | ૧૦૫-૧૦૬ |
| (ii) | ૧૫ સ્થાનો વડે શિક્ષાશીલ | ૧૦૬-૧૦૭ |
| **૨૭** | **છવ્વીશમી છત્રીશી** | **૧૦૮-૧૧૧** |
| (i) | ૨૨ પરીષહો | ૧૦૮-૧૧૧ |
| (ii) | ૧૪ અભ્યંતર ગ્રંથી | ૧૧૧ |
| **૨૮** | **સત્તાવીશમી છત્રીશી** | **૧૧૨-૧૧૪** |
| (i) | ૫ પ્રકારના વેદિકાદોષો | ૧૧૨ |
| (ii) | પડિલેહણમાં વર્જવાના ૬ દોષો | ૧૧૨-૧૧૩ |
| (iii) | ૨૫ પ્રકારનું પડિલેહણ | ૧૧૩-૧૧૪ |
| **૨૯** | **અઠ્ઠાવીશમી છત્રીશી** | **૧૧૫-૧૧૬** |
| (i) | સાધુના ૨૭ ગુણો | ૧૧૫-૧૧૬ |
| (ii) | ૯ કોટી | ૧૧૬ |
| **૩૦** | **ઓગણત્રીશમી છત્રીશી** | **૧૧૭-૧૨૧** |
| (i) | ૨૮ લબ્ધિઓ | ૧૧૭-૧૨૦ |
| (ii) | ૮ પ્રભાવકો | ૧૨૦-૧૨૧ |
| **૩૧** | **ત્રીશમી છત્રીશી** | **૧૨૨-૧૨૩** |
| (i) | ૨૯ પ્રકારના પાપશ્રુતો | ૧૨૨-૧૨૩ |
| (ii) | ૭ પ્રકારના શુદ્ધિના ગુણો | ૧૨૩ |
| **૩૨** | **એકત્રીશમી છત્રીશી** | **૧૨૪-૧૨૬** |
| (i) | ૩૦ પ્રકારના મોહનીયના બંધસ્થાનો | ૧૨૪-૧૨૫ |
| (ii) | ૬ પ્રકારના અંદરના શત્રુઓ | ૧૨૬ |
| **૩૩** | **બત્રીશમી છત્રીશી** | **૧૨૭-૧૨૮** |
| (i) | ૩૧ સિદ્ધગુણો | ૧૨૭-૧૨૮ |
| (ii) | ૫ જ્ઞાન | ૧૨૮-૧૩૨ |
| **૩૪** | **તેત્રીશમી છત્રીશી** | **૧૩૩-૧૩૭** |
| (i) | ૩૨ પ્રકારના જીવો | ૧૩૩-૧૩૫ |
| (ii) | ૪ પ્રકારના ઉપસર્ગો | ૧૩૬-૧૩૭ |
| **૩૫** | **ચોત્રીશમી છત્રીશી** | **૧૩૮-૧૪૧** |
| (i) | વંદનના ૩૨ દોષો | ૧૩૮-૧૪૧ |
| (ii) | ૪ પ્રકારની વિકથા | ૧૪૧ |
| **૩૬** | **પાંત્રીશમી છત્રીશી** | **૧૪૨-૧૪૪** |
| (i) | ગુરુ પ્રત્યેની ૩૩ આશાતના | ૧૪૨-૧૪૪ |
| (ii) | ૩ પ્રકારના વીર્યાચાર | ૧૪૪ |
| **૩૭** | **છત્રીશમી છત્રીશી** | **૧૪૫-૧૪૭** |
| (i) | ૩૨ પ્રકારની ગણી-સંપદા | ૧૪૫-૧૪૭ |
| (ii) | ૪ પ્રકારનો વિનય | ૧૪૭ |
| **૩૮** | **શ્રીગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા-કુલકની મૂળગાથા અને વિવૃતિ** | **૧૪૮-૨૪૨** |

શ્રીરત્નશેખરસૂરિકૃત

# શ્રીગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકાકુલક

સ્વોપજ્ઞ વિવૃતિ યુક્ત

## પદાર્થસંગ્રહ

શ્રીગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકાકુલક શ્રીરત્નશેખરસૂરિજીએ રચેલ છે. તેની ઉપર તેમણે વિવૃતિ પણ રચેલ છે. આ બન્નેના આધારે આ પદાર્થોનું સંકલન કર્યું છે.

આ ગ્રંથમાં ગુરુના ગુણોની ૩૬ છત્રીશીઓનું વર્ણન છે.

**પ્રશ્ન :-** આ રીતે ગુરુના ગુણોનું કીર્તન શા માટે કરાય છે ?

**જવાબ :-** આ પાંચમા આરામાં અજ્ઞાનઅંધકારથી સન્માર્ગ ઢંકાઈ ગયો છે. તેથી સન્માર્ગ બતાવવા ગુણવાન ગુરુ તેજસ્વી દીપક સમાન છે. તેથી તે ગુરુ ઘણા ગૌરવને યોગ્ય છે. **ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિ**માં કહ્યું છે કે, 'ગુરુના ઉપકારનો બદલો વાળવો આ ભવમાં અને પરભવમાં મુશ્કેલ છે. આ શાસ્ત્રોનું જ્ઞાન ગુરુને આધીન છે. માટે હિતની ઈચ્છાવાળાએ ગુરુની આરાધનામાં તત્પર થવું.' આમ ગુરુ ગૌરવપાત્ર છે. માટે આ રીતે તેમના ગુણોનું કીર્તન કરાય છે.

## (૧) પહેલી છત્રીશી

| | |
|---|---|
| ૪ પ્રકારની દેશના<br>૪ પ્રકારની કથા<br>૪ પ્રકારનો ધર્મ<br>૪ પ્રકારની ભાવના<br>૪ પ્રકારના સ્મારણા વગેરે | સ્વયં કરવામાં, બીજાને કરાવવામાં અને તેનો ઉપદેશ આપવામાં કુશળ બુદ્ધિવાળા |

૪ પ્રકારના આર્તધ્યાનને જાણનારા
૪ પ્રકારના રૌદ્રધ્યાનને જાણનારા
૪ પ્રકારના ધર્મધ્યાનને જાણનારા
૪ પ્રકારના શુક્લધ્યાનને જાણનારા

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો

### ૪ પ્રકારની દેશના

(૧) **આક્ષેપિણી** :- જે દેશના વડે આચાર, વ્યવહાર, હેતુ, દૃષ્ટાંત, દૃષ્ટિવાદ વગેરે કહીને જીવોને જૈનધર્મ તરફ આકર્ષિત કરાય છે તે આક્ષેપિણી દેશના.

(૨) **વિક્ષેપિણી** :- જે દેશનામાં પરમતને જાણનારા પરમતના વચનો વડે જીવોને પરમતથી દૂર કરે છે તે વિક્ષેપિણી દેશના.

(૩) **સંવેજની** :- જે દેશનામાં ઉપશમ, વિવેક, સંવર, સમતા, સંતોષથી થતાં સુખનું વર્ણન કરાય છે તે સંવેજની દેશના. સંવેગ એટલે મોક્ષની અભિલાષા, સંવેજની દેશના વડે મોક્ષની અભિલાષા ઉત્પન્ન કરાય છે.

(૪) **નિર્વેદની** :- જે દેશનામાં જરા, મરણ, રોગ, શોક વગેરેથી અતિભયંકર એવું સંસારનું સ્વરૂપ વર્ણવાય છે તે નિર્વેદની દેશના. નિર્વેદ એટલે સંસારનો કંટાળો. નિર્વેદની દેશના વડે સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન કરાય છે.

### ૪ પ્રકારની કથા

(૧) **અર્થકથા** :- ધનને પ્રાપ્ત કરવાના ઉપાયો (વ્યવસાયો)ને કહેનારી કથા

તે અર્થકથા. તે ચિત્તને સંક્લિષ્ટ કરતી હોવાથી અને પાપનો બંધ કરાવતી હોવાથી દુર્ગતિનું કારણ છે.

(૨) **કામકથા** :- કામ સંબંધી કથા તે કામકથા. તે કામોને વિષે રાગ કરાવનારી હોવાથી અને ભ્રમિત કરનારી હોવાથી દુર્ગતિનું કારણ છે.

(૩) **ધર્મકથા** :- દયા, દાન, ક્ષમા વગેરે ધર્મના અંગો સંબંધી કથા તે ધર્મકથા. તે ચિત્તને શુદ્ધ કરનારી હોવાથી અને પુણ્યબંધ તથા નિર્જરા કરાવનારી હોવાથી દેવલોક અને મોક્ષનું કારણ છે.

(૪) **સંકીર્ણકથા** :- ધર્મ-અર્થ-કામના હેતુઓનું પ્રતિપાદન કરનારી કથા તે સંકીર્ણકથા. તે અનેક ફળ આપનારી અને હોંશિયાર કરનારી હોવાથી સદ્‌ગતિનું કારણ છે.

## ૪ પ્રકારનો ધર્મ

(૧) **દાન** :- દાન ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે :-

(i) **જ્ઞાનદાન** :- સમ્યગ્જ્ઞાન આપવું તે જ્ઞાનદાન.

(ii) **અભયદાન** :- પોતાની શક્તિ પ્રમાણે જીવોની રક્ષા અને જયણા કરવી તે અભયદાન.

(iii) **ધર્મોપષ્ટંભદાન** :- ધર્મની સાધના કરનારા સાધુ ભગવંતોને આહાર, પાણી, વસ્ત્ર વગેરે આપવા તે ધર્મોપષ્ટંભદાન.

(૨) **શીલ** :- શીલ ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે :-

(i) સદાચારના પાલનરૂપ શીલ.

(ii) અઢાર હજાર શીલાંગોના પાલનરૂપ શીલ.

(iii) બ્રહ્મચર્યના પાલનરૂપ શીલ.

(૩) **તપ** :- તપ બે પ્રકારનો છે. તે આ પ્રમાણે :-

(a) **બાહ્ય તપ** :- લોકો જાણી શકે એવો તપ, અથવા જેનાથી બાહ્ય શરીર વિગેરેને અસર થાય એવો તપ તે બાહ્ય તપ. તે ૬ પ્રકારનો છે -

(i) **અનશન** :- અલ્પકાળ માટે કે ભવના અંત સુધી જૈનસિદ્ધાંતની વિધિપૂર્વક આહારનો ત્યાગ કરવો તે અનશન.

**(ii) ઊણોદરી** :- ભૂખ કરતાં ઓછું વાપરવું તે ઊણોદરી.

**(iii) વૃત્તિસંક્ષેપ** :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભોજનસંબંધી અભિગ્રહોને ધારણ કરવા તે વૃત્તિસંક્ષેપ.

**(iv) રસત્યાગ** :- વિગઈઓનો ત્યાગ કરવો તે વૃત્તિસંક્ષેપ.

**(v) કાયક્લેશ** :- લોચ, વિહાર વગેરેના કષ્ટો સહન કરવા તે કાયક્લેશ.

**(vi) સંલીનતા** :- અંગો-ઉપાંગોને સંકોચી રાખવા તે સંલીનતા.

**(b) અભ્યંતર તપ** :- લોકો જાણી ન શકે એવો તપ, અથવા જેનાથી બાહ્ય શરીર વગેરેને અસર ન થાય એવો તપ તે અભ્યંતર તપ. તે ૬ પ્રકારનો છે -

**(i) પ્રાયશ્ચિત્ત** :- અતિચારો, દોષો, પાપોને ગુરુ સમક્ષ પ્રગટ કરી તેનો દંડ લેવો અને તેને વહન કરી આપવો તે પ્રાયશ્ચિત્ત.

**(ii) વિનય** :- ભગવાન, ગુરુ, સંઘ, સાધર્મિકો વગેરે પ્રત્યે નમ્રતાનો ભાવ રાખવો તે વિનય.

**(iii) વૈયાવચ્ચ** :- બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી વગેરેની સેવા-ભક્તિ કરવી તે વૈયાવચ્ચ.

**(iv) સ્વાધ્યાય** :- તે ૫ પ્રકારનો છે -

વાચના - ભણવું, ભણાવવું.
પૃચ્છના - શંકા પડે તો પૂછવું.
પરાવર્તના - પાઠ કરવો, આવૃત્તિ કરવી.
અનુપ્રેક્ષા - ચિંતન કરવું
ધર્મકથા - બીજાને ધર્મનો ઉપદેશ આપવો.

**(v) ધ્યાન** :- તે બે પ્રકારે છે - ધર્મધ્યાન અને શુક્લધ્યાન. તેમનું સ્વરૂપ આગળ (પાના નં.૬-૮ ઉપર) બતાવાશે.

**(vi) કાઉસ્સગ્ગ** :- સ્થાન-મૌન-ધ્યાન પૂર્વક કાયાનો ત્યાગ કરવો તે કાઉસ્સગ્ગ.

**અથવા,** બીજી રીતે તપ ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે :-

**(i) શારીરિક તપ** :- દેવ-અતિથિ-ગુરુ-વિદ્વાનની પૂજા, પવિત્રતા,

સરળતા, બ્રહ્મચર્ય, અહિંસા એ શારીરિક તપ છે. તેનાથી જઘન્ય નિર્જરા થાય છે.

**(ii) વાચિક તપ** :- ઉદ્વેગ વિનાનું - સાચું - પ્રિય - હિતકારી વચન, સ્વાધ્યાય, અભ્યાસ એ વાચિક તપ છે. તેનાથી મધ્યમ નિર્જરા થાય છે. તે શારીરિક તપ કરતા વધુ શુભ છે.

(iii) **માનસિક તપ** :- મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, આત્માનો નિગ્રહ કરવો, ભાવની શુદ્ધિ એ માનસિક તપ છે. તેનાથી ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે. તે વાચિક તપ કરતા વધુ શુભ છે.

**અથવા**, ત્રીજી રીતે તપ ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે :-

**(i) સાત્ત્વિક તપ** :- ફળની આકાંક્ષા વિના, શ્રદ્ધાપૂર્વક કરાયેલો ઉપર કહેવાયેલો ત્રણ પ્રકારનો તપ તે સાત્ત્વિક તપ છે.

**(ii) રાજસ તપ** :- સત્કાર-માન-પૂજા માટે કરાયેલો, માયાથી કરાયેલો તપ તે રાજસ તપ છે.

**(iii) તામસ તપ** :- કદાગ્રહથી પોતાને પીડવા કે બીજાનો નાશ કરવા કરાયેલો તપ તે તામસ તપ છે.

(૪) **ભાવ** :- ક્ષાયોપશમિક વગેરે શુભ લેશ્યાના પરિણામવિશેષથી દાન-શીલ-તપમાં પોતાના રસથી થયેલો ચિત્તનો ઉલ્લાસ તે ભાવ ધર્મ છે.

## ૪ પ્રકારની ભાવના

(૧) **જ્ઞાન ભાવના** :- વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મદિશના એ જ્ઞાનભાવના છે.

(૨) **દર્શનભાવના** :- સંવેગ, પ્રશમ, સ્થૈર્ય, અમૂઢદષ્ટિપણું, માનનો અભાવ, આસ્તિક્ય, અનુકંપા એ દર્શનભાવના છે.

(૩) **ચારિત્રભાવના** :- પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પરીષહો સહન કરવા એ ચારિત્રભાવના છે.

(૪) **વૈરાગ્યભાવના** :- વિષયોમાં રાગ ન કરવો, શરીરના સ્વરૂપનું ચિંતન કરવું, જગતના સ્વભાવનું ચિંતન કરવું એ વૈરાગ્યભાવના છે.

## ௲ ૪ પ્રકારના સ્મારણા વગેરે ௲

**(૧) સ્મારણા :-** ધર્મક્રિયા ભૂલી જવા પર યાદ કરાવવું તે સ્મારણા.

**(૨) વારણા :-** અનાચારથી અટકાવવું તે વારણા.

**(૩) નોદના :-** ફરી ભૂલ થાય તો ઠપકો આપવો તે નોદના.

**(૪) પ્રતિનોદના :-** વારંવાર ભૂલ કરે તો કડક શબ્દોમાં ઠપકો આપવો તે પ્રતિનોદના.

## ௲ ૪ પ્રકારના ધ્યાન ௲

**(A) આર્તધ્યાન :-** તેના ૪ પ્રકાર છે. તે આ પ્રમાણે -

**(૧) અનિષ્ટયોગાર્ત :-** ખરાબ શબ્દ વગેરે વિષયોના વિયોગનું ચિંતન અને ફરી સંયોગ ન થાય એમ વિચારવું તે અનિષ્ટયોગાર્તધ્યાન.

**(૨) ઈષ્ટનાશાર્ત :-** ઈષ્ટ વિષયો વગેરે અને સુખનો વિયોગ ન થાય એમ વિચારવું અને તેમના સંયોગની ઈચ્છા તે ઈષ્ટનાશાર્તધ્યાન.

**(૩) રોગાર્ત :-** શૂળ, માથુ દુઃખવું વગેરે રોગોના પ્રતિકારનું ચિંતન, તેમને દૂર કરવાનું ચિંતન અને તેમનો સંયોગ ન થાય તેમ વિચારવું તે રોગાર્તધ્યાન.

**(૪) નિદાનાર્ત :-** દેવેન્દ્રપણું, ચક્રવર્તીપણું વગેરેની ઋદ્ધિની પ્રાર્થનારૂપ નિયાણું કરવું તે નિદાનાર્તધ્યાન.

આર્તધ્યાનથી તિર્યંચગતિ મળે છે.

**(B) રૌદ્રધ્યાન :-** તેના ૪ પ્રકાર છે. તે આ પ્રમાણે -

**(૧) હિંસાનન્દરૌદ્ર :-** ક્રૂરમનવાળાનું અતિક્રોધપૂર્વકનું જીવોના વધ, વેધ, બંધન, ડામ દેવા, ચિહ્ન કરવા, મારવા વગેરેનું તીવ્ર ચિંતન તે હિંસાનંદરૌદ્રધ્યાન.

**(૨) મૃષાનન્દરૌદ્ર :-** બીજાને ઠગવામાં તત્પર એવા માયાવીનું ચાળી ખાવી, અવિદ્યમાનને પ્રગટ કરવું, વિદ્યમાનનો નાશ કરવો વગેરેના વચનોનું તીવ્ર પ્રણિધાન તે મૃષાનન્દરૌદ્રધ્યાન.

**(૩) ચૌર્યાનન્દરૌદ્ર :-** તીવ્ર ક્રોધી અને તીવ્ર લોભીનું પરલોકના નુકસાનથી

નિરપેક્ષ એવું બીજાના ધનને હરવાનું તીવ્ર ચિંતન તે ચૌર્યાનન્દરૌદ્રધ્યાન.

(૪) **સંરક્ષણાનન્દરૌદ્ર** :- બધાની શંકા કરવામાં તત્પર એવું, શબ્દ વગેરે વિષયોના સાધનરૂપ ધનના સંરક્ષણનું તીવ્ર ચિંતન તે સંરક્ષણાનન્દરૌદ્ર. રૌદ્રધ્યાનથી નરકગતિ મળે છે.

(C) **ધર્મધ્યાન** :- તેના ૪ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) **મૈત્રી** :- કોઈ પાપો ન કરે, કોઈ દુઃખી ન થાય, બધા જીવોની મુક્તિ થાય એવી બુદ્ધિ તે મૈત્રી.

(૨) **પ્રમોદ** :- દોષો વિનાના અને વસ્તુના સાચા સ્વરૂપને જોનારા એવા ગુણવાનોના ગુણોમાં જે પક્ષપાત તે પ્રમોદ.

(૩) **કારુણ્ય** :- દીન, પીડિત, ડરેલા, જીવન માંગનારા જીવોના દુઃખો દૂર કરવાની બુદ્ધિ તે કારુણ્ય.

(૪) **માધ્યસ્થ્ય** :- ક્રૂર કાર્યો કરનારા, દેવતા-ગુરુની નિષ્ઠુરપણે નિંદા કરનારા, પોતાની પ્રશંસા કરનારા જીવોની જે ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્ય.

***અથવા,*** બીજી રીતે ધર્મધ્યાનના ૪ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) **આજ્ઞાવિચય** :- સર્વજ્ઞોની અબાધિત આજ્ઞાને આગળ કરીને પદાર્થોના સાચા સ્વરૂપને વિચારવો તે આજ્ઞાવિચય ધર્મધ્યાન.

(૨) **અપાયવિચય** :- રાગ-દ્વેષ-કષાયો વગેરેથી થતાં નુકસાનોને વિચારવા તે અપાયવિચય ધર્મધ્યાન.

(૩) **વિપાકવિચય** :- કર્મના ફળની વિચારણા કરવી તે વિપાકવિચય ધર્મધ્યાન.

(૪) **સંસ્થાનવિચય** :- અનાદિ અનંત અને ઉત્પત્તિ-સ્થિતિ-વ્યય સ્વરૂપ એવા લોકની આકૃતિને વિચારવી તે સંસ્થાનવિચય ધર્મધ્યાન.

***અથવા,*** ત્રીજી રીતે ધર્મધ્યાનના ૪ પ્રકાર છે, તે આ પ્રમાણે -

(૧) **રૂપસ્થ** :- જિનેશ્વર પ્રભુના સાચા રૂપનું ધ્યાન કરવું તે રૂપસ્થ ધર્મધ્યાન.

(૨) **પદસ્થ** :- સ્વાધ્યાયમાં, મન્ત્રમાં કે ગુરુદેવની સ્તુતિમાં ચિત્તની એકાગ્રતા તે પદસ્થ ધર્મધ્યાન.

(૩) **પિંડસ્થ** :- યોગીઓ નાભિકમલ વગેરેમાં જે ઈષ્ટદેવતા વગેરેનું ધ્યાન કરે છે તે પિંડસ્થ ધર્મધ્યાન.

(૪) **રૂપાતીત** :- નિર્લેપ, નિરૂપ, ચિદાનંદમય એવા સિદ્ધ પરમાત્માનું ધ્યાન તે રૂપાતીત ધર્મધ્યાન.

(D) **શુક્લધ્યાન** :- તેના ૪ પ્રકાર છે. તે આ પ્રમાણે :-

(i) **પૃથક્ત્વવિર્તસપ્રવીચાર** - દ્રવ્યના અનેક પર્યાયોનું વિવિધ નયોને અનુસારે અર્થ, વ્યંજન અને યોગની પરાવૃત્તિવાળું ચિંતન તે પૃથક્ત્વવિતર્કસપ્રવીચાર શુક્લધ્યાન. તે ત્રણ યોગવાળાને હોય છે.

(ii) **એકત્વવિતર્કઅપ્રવીચાર** - દ્રવ્યના એક પર્યાયનું અર્થ, વ્યંજન અને યોગની પરાવૃત્તિ વિનાનું અભેદપ્રધાન ચિંતન તે એકત્વવિતર્ક-અપ્રવીચાર શુક્લધ્યાન. તે એક યોગવાળાને હોય છે.

(iii) **સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી** - નિર્વાણસમયે સૂક્ષ્મ કાયયોગના આલંબનથી બાદર કાયયોગનો નિરોધ કરનારા કેવળીનું ધ્યાન તે સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી શુક્લધ્યાન. તે કાયયોગવાળાને હોય છે.

(iv) **વ્યવચ્છિન્નક્રિયાઅપ્રતિપાતી** - શૈલેષી અવસ્થામાં રહેલા કેવળીનું ધ્યાન તે વ્યવચ્છિન્નક્રિયાઅપ્રતિપ્રાતી શુક્લધ્યાન. તે યોગરહિત કેવળીને હોય છે.

* * * * *

- ❑ વેષપરિવર્તનની સાથે હૃદયનું પરિવર્તન થવું જોઈએ.
- ❑ સ્વચ્છંદ અને પ્રમાદ એ બન્ને પતનના કારણ છે.
- ❑ વાણી કરતા વર્તનનું મૂલ્ય અધિક છે.
- ❑ આસક્તિ એ જ દુઃખરૂપ બંધન છે. તેથી તેવું બંધન થાય તેવી વસ્તુઓ છોડી દેવી.

## (૨) બીજી છત્રીશી

૫ પ્રકારના સમ્યક્ત્વમાં રત
૫ પ્રકારના ચારિત્રમાં રત
૫ પ્રકારના વ્રતમાં રત
૫ પ્રકારના વ્યવહારમાં રત
૫ પ્રકારના આચારમાં રત
૫ પ્રકારની સમિતિમાં રત
૫ પ્રકારના સ્વાધ્યાયમાં રત
૧ પ્રકારના સંવેગમાં રત

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો

### ✿ ૫ પ્રકારનું સમ્યક્ત્વ ✿

(૧) **ક્ષાયિક સમ્યક્ત્વ :-** મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય અને અનંતાનુબંધી ૪ - આ ૭ કર્મપ્રકૃતિઓના ક્ષયથી ઉત્પન્ન થતું સમ્યક્ત્વ તે ક્ષાયિક સમ્યક્ત્વ. તેનો કાળ સાધિક ૩૩ સાગરોપમ છે. તે ભવચક્રમાં એક જ વાર મળે છે.

(૨) **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ :-** જેણે મિથ્યાત્વમોહનીયના સમ્યક્ત્વ-મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય એમ ત્રણ પુંજ કર્યા છે એવા જીવને અપૂર્વકરણમાં ઉદયમાં આવેલ મિથ્યાત્વમોહનીયનો ક્ષય થવાથી અને ઉદયમાં નહીં આવેલ મિથ્યાત્વમોહનીયનો ઉપશમ થવાથી અનિવૃત્તિકરણમાં ઉત્પન્ન થતું સમ્યક્ત્વ તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ. તેનો કાળ સાધિક ૬૬ સાગરોપમ છે. તે ભવચક્રમાં અસંખ્યવાર મળે છે.

(૩) **વેદક સમ્યક્ત્વ :-** અનંતાનુબંધી ૪, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીયનો ક્ષય કર્યા પછી સમ્યક્ત્વમોહનીયનો ઘણોખરો ક્ષય થયે છતે સમ્યક્ત્વમોહનીયના છેલ્લા પુદ્ગલોને વેદતાં જે સમ્યક્ત્વ હોય તે વેદક સમ્યક્ત્વ. તેનો કાળ એક સમય છે. તે ભવચક્રમાં એક જ વાર મળે છે.

(૪) **ઔપશમિક સમ્યક્ત્વ :-** અપૂર્વકરણ વડે ગ્રન્થિભેદ કરીને, ઉદયમાં

આવેલા મિથ્યાત્વમોહનીયનો ક્ષય કરીને ઉદયમાં નહીં આવેલા મિથ્યાત્વમોહનીયનો ઉપશમ કરીને અંતરકરણમાં અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વમોહનીયને સર્વથા નહીં વેદનારા જીવનું સમ્યક્ત્વ તે ઔપશમિક સમ્યક્ત્વ. તેનો કાળ અંતર્મુહૂર્ત છે. તે ભવચક્રમાં પાંચ વાર મળે છે.

(૫) **સાસ્વાદન સમ્યક્ત્વ** :- ઔપશમિકસમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે જનારા જીવને અનંતાનુબંધી ૪ નો ઉદય થયો હોય પણ મિથ્યાત્વમોહનોયનો ઉદય થયો ન હોય ત્યારે તેને સમ્યક્ત્વના કંઈક સ્વાદનો અનુભવ થતો હોવાથી જે સમ્યક્ત્વ હોય તે સાસ્વાદન સમ્યક્ત્વ. તેનો કાળ જઘન્યથી એક સમય છે અને ઉત્કૃષ્ટથી છ આવલિકા છે. તે ભવચક્રમાં પાંચ વાર મળે છે.

## ૫ પ્રકારનું ચારિત્ર

(૧) **સામાયિક ચારિત્ર** :- સમ એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર. આય એટલે લાભ. જેનાથી જ્ઞાન-દર્શન-ચારિત્રનો લાભ થાય તે સામાયિક. શ્રાવકનું બે ઘડીનું સામાયિક અને પૌષધ એ ઈત્વરકથિક સામાયિક ચારિત્ર છે. સાધુનું ભવના અંત સુધીનું ચારિત્ર એ યાવત્કથિક સામાયિક ચારિત્ર છે.

(૨) **છેદોપસ્થાપનીય ચારિત્ર** :- જૂના ચારિત્રપર્યાયનો છેદ કરી જેમાં પાંચ મહાવ્રતોનું આરોપણ કરાય તે છેદોપસ્થાપનીય ચારિત્ર. તે ત્રણ રીતે હોય છે -

(i) નાની દીક્ષાવાળાને વડીદીક્ષાથી આ ચારિત્ર હોય છે.

(ii) પાર્શ્વનાથ પ્રભુના સાધુ-સાધ્વીજી ભગવંતો ચાર મહાવ્રતવાળું શાસન છોડી મહાવીર પ્રભુના પાંચ મહાવ્રતવાળા શાસનને સ્વીકારે ત્યારે તેમને પણ આ ચારિત્ર હોય છે.

(iii) મુનિને મૂળગુણના ઘાતે પૂર્વચારિત્રપર્યાયનો છેદ કરી ફરી મહાવ્રતોનું આરોપણ કરાય ત્યારે તેમને આ ચારિત્ર હોય છે.

(૩) **પરિહારવિશુદ્ધિ ચારિત્ર** :- આ ચારિત્ર ૧૮ મહિનાનું છે. એક સાથે ૯ સાધુઓ આ ચારિત્ર સ્વીકારે છે. તેમાં ૪ પરિહારક તપ કરે, ૪ અનુચારક સેવા કરે અને ૧ વાચનાચાર્ય વાચના આપે. આમ ૬ મહિના કરે. પછી તપ કરનારા સેવા કરે, સેવા કરનારા તપ કરે અને વાચનાચાર્ય

વાચના આપે. આમ ૬ મહિના કરે. પછી વાચનાચાર્ય તપ કરે, એક સાધુ વાચનાચાર્ય થાય, બાકીના ૭ સેવા કરે. આમ ૬ મહિના કરે. આમ ૧૮ મહિને આ તપ પૂરો થાય છે.

તપ કરનારાનો તપ -

| ઋતુ | તપ | | |
|---|---|---|---|
| | જઘન્ય | મધ્યમ | ઉત્કૃષ્ટ |
| ગ્રીષ્મ | ચોથ | છટ્ઠ | અટ્ઠમ |
| શીત | છટ્ઠ | અટ્ઠમ | દશમ* |
| વર્ષા | અટ્ઠમ | દશમ | દ્વાદશ◆ |

પારણે અભિગ્રહપૂર્વક આયંબિલ કરે. અનુચારક રોજ આયંબિલ કરે. આ ચારિત્ર પૂર્ણ થયા પછી કોઈ ફરી આ ચારિત્ર સ્વીકારે, કોઈ જિનકલ્પ સ્વીકારે અથવા કોઈ ગચ્છમાં પ્રવેશ કરે.

(૪) **સૂક્ષ્મસંપરાય ચારિત્ર :-** સૂક્ષ્મ લોભ કષાયનો જ જ્યાં ઉદય છે, મોહનીયકર્મની અન્ય સર્વ પ્રકૃતિઓનો જ્યાં ક્ષય કે ઉપશમ છે એવું ચારિત્ર તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર. તે ૧૦મા ગુણઠાણે હોય છે.

(૫) **યથાખ્યાત ચારિત્ર :-** અતિચાર વિનાનું સંપૂર્ણ નિરતિચાર ચારિત્ર તે યથાખ્યાત ચરિત્ર. તે ૧૧મા, ૧૨મા, ૧૩મા, ૧૪મા ગુણઠાણે હોય છે.

## ૫ પ્રકારના વ્રત

(૧) **પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત :-** મન-વચન-કાયાથી ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરવી નહીં, કરાવવી નહીં, અનુમોદવી નહીં તે પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત.

(૨) **મૃષાવાદવિરમણ મહાવ્રત :-** ક્રોધથી-લોભથી-ભયથી-હાસ્યથી થતાં મૃષાવાદનો મન-વચન-કાયાથી ત્યાગ કરવો તે મૃષાવાદવિરમણ મહાવ્રત.

(૩) **અદત્તાદાનવિરમણ મહાવ્રત :-** મન-વચન-કાયાથી સૂક્ષ્મ કે બાદર પરધનને ગ્રહણ ન કરવું તે અદત્તાદાનવિરમણ મહાવ્રત.

(૪) **મૈથુનવિરમણ મહાવ્રત :-** મન-વચન-કાયાથી ઔદારિક અને વૈક્રિય

* દશમ = ૪ ઉપવાસ. ◆ દ્વાદશ = ૫ ઉપવાસ.

મૈથુનનો ત્યાગ કરવો તે મૈથુનવિરમણ મહાવ્રત.

(૫) **પરિગ્રહવિરમણ મહાવ્રત** :- મન-વચન-કાયાથી ધન-ધાન્ય વગેરે વસ્તુઓનો અને તેની મૂર્ચ્છાનો ત્યાગ કરવો તે પરિગ્રહવિરમણ મહાવ્રત.

## ૫ પ્રકારનો વ્યવહાર

(૧) **આગમવ્યવહાર** :- કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દસપૂર્વી, નવપૂર્વી જે પ્રાયશ્ચિત્ત આપે તે આગમવ્યવહાર.

(૨) **શ્રુતવ્યવહાર** :- આઠ પૂર્વથી માંડીને ઘટતાં ઘટતાં એક કે અડધા પૂર્વ તથા ૧૧ અંગ અને આચારપ્રકલ્પ (નિશીથ) વગેરે શ્રુતના આધારે જે પ્રાયશ્ચિત્ત અપાય તે શ્રુતવ્યવહાર.

(૩) **આજ્ઞાવ્યવહાર** :- અન્ય દેશમાં રહેલા આચાર્ય પાસે ગૂઢ પદોથી લખેલ કે કહેલ આલોચના મોકલવી અને તે આચાર્ય દ્વારા ગૂઢ પદોથી પ્રાયશ્ચિત્ત અપાવું તે આજ્ઞાવ્યવહાર.

(૪) **ધારણાવ્યવહાર** :- ગીતાર્થે આપેલા પ્રાયશ્ચિત્તનું અવધારણ કરીને તે જ રીતે પ્રાયશ્ચિત્ત આપવું તે ધારણાવ્યવહાર.

(૫) **જીતવ્યવહાર** :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને વિચારીને સંઘયણ વગેરેની હાનિને આશ્રયીને જે પ્રાયશ્ચિત્ત અપાય તે, અથવા જે ગચ્છમાં જે રૂઢ હોય તે પ્રાયશ્ચિત્ત અપાય તે જીતવ્યવહાર.

## ૫ પ્રકારનો આચાર

(૧) **જ્ઞાનાચાર**, (૨) **દર્શનાચાર**, (૩) **ચારિત્રાચાર**, (૪) **તપાચાર**,

(૫) **વીર્યાચાર.** જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચારનો વિસ્તાર છટ્ઠી છત્રીશીમાં બતાવાશે. પહેલી છત્રીશીમાં તપના ૧૨ ભેદ બતાવ્યા તે જ ૧૨ પ્રકારનો તપાચાર. વીર્યાચારનો વિસ્તાર ૩૫મી છત્રીશીમાં બતાવાશે.

## ૫ પ્રકારની સમિતિ

(૧) **ઈર્યાસમિતિ** :- લોકોએ ખુંદેલા, સૂર્યપ્રકાશથી પ્રકાશિત થયેલા માર્ગ ઉપર સાડા ત્રણ હાથ ભૂમિને દૃષ્ટિ વડે જોતાં જીવોની રક્ષા માટે ઉપયોગપૂર્વક ચાલવું તે ઈર્યાસમિતિ.

(૨) **ભાષાસમિતિ** :- મુહપત્તિના ઉપયોગપૂર્વક કારણે નિરવદ્ય વચનો

બોલવા, અકારણે ન બોલવું તે ભાષાસમિતિ.

(૩) **એષણાસમિતિ** :- ૪૨ દોષોથી રહિત ગોચરી લાવવી અને ૫ દોષોથી રહિત તે વાપરવી તે એષણાસમિતિ.

(૪) **આદાનનિક્ષેપણાસમિતિ** :- વસ્તુ લેતાં-મૂકતાં આંખથી જોવું અને પ્રમાર્જવું તે આદાનનિક્ષેપણાસમિતિ.

(૫) **પારિષ્ઠાપનિકાસમિતિ** :- સ્થંડિલ, માત્રુ, થુંક, બળખો, શ્લેષ્મ, મેલ, અશુદ્ધ આહાર-પાણી, નિરુપયોગી વસ્ત્ર વગેરેને જંતુરહિત ભૂમિ પર વિધિપૂર્વક પરઠવવા તે પારિષ્ઠાપનિકાસમિતિ.

## ૫ પ્રકારનો સ્વાધ્યાય

(૧) **વાચના** :- પલાઠી-ટેકો-પગ પસારવા-વિકથા-હાસ્ય - આ બધાનો ત્યાગ કરીને ભણવું-ભણાવવું તે વાચના.

(૨) **પૃચ્છના** :- શંકા પડે તો આસન-શય્યાનો ત્યાગ કરી, ગુરુ પાસે આવી, ઉભડક પગે બેસી, હાથ જોડી પૂછવું તે પૃચ્છના.

(૩) **પરાવર્તના** :- ઈરિયાવહી કરીને પ્રસન્ન ચિત્તે, મુહપત્તિના ઉપયોગપૂર્વક, દોષરહિત અને પદોના છેદપૂર્વક સૂત્રોનો પાઠ કરવો તે પરાવર્તના.

(૪) **અનુપ્રેક્ષા** :- પૂર્વે જિનપ્રવચનના તત્ત્વોને સમજાવવામાં કુશળ એવા ગુરુ પાસેથી તત્ત્વો સમજીને એકાગ્ર ચિત્તે સારા વિચારોનું ચિંતન કરવું તે અનુપ્રેક્ષા.

(૫) **ધર્મકથા** :- ગુરુકૃપાથી સારી રીતે જાણેલા ધર્મનો સ્વ-પરના ઉપકાર માટે યોગ્ય જીવોને શુદ્ધ ઉપદેશ આપવો તે ધર્મકથા.

## ૧ પ્રકારનો સંવેગ

શ્રદ્ધાથી સમૃદ્ધ મનવાળા જીવોનો સત્આગમઅભ્યાસ, સત્ક્રિયાઆચરણ વગેરેમાં આહ્લાદ તે સંવેગ. જેમ જેમ નવા નવા શ્રુતનું અવગાહન થાય તેમ તેમ નવા નવા સંવેગ અને શ્રદ્ધાથી મુનિ ભીનો થાય. સંવેગ વિના તપ, ચારિત્ર, શ્રુત, બાહ્ય અનુષ્ઠાન વગેરે નિરર્થક છે. એક વરસમાં એક વાર પણ જેના હૃદયમાં સંવેગ ન ઊછળે તેને દૂરભવ્ય કે અભવ્ય સમજવો.

* * * * *

## (૩) ત્રીજી છત્રીશી

૫ ઈન્દ્રિયોના ત્યાગમાં યત્નવાળા
૫ વિષયોના ત્યાગમાં યત્નવાળા
૫ પ્રમાદોના ત્યાગમાં યત્નવાળા
૫ આસ્રવોના ત્યાગમાં યત્નવાળા
૫ નિદ્રાના ત્યાગમાં યત્નવાળા
૫ કુભાવનાના ત્યાગમાં યત્નવાળા
૬ કાયની રક્ષામાં યત્નવાળા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૭ ૫ ઈન્દ્રિયો ૯

**ઈન્દ્રિયો** :- તે ૫ છે. તે આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય (કાન), ચક્ષુરિન્દ્રિય (આંખ), ઘ્રાણેન્દ્રિય (નાક), રસનેન્દ્રિય (જીભ), સ્પર્શનેન્દ્રિય (ચામડી).

આ દરેકના ૨-૨ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) દ્રવ્યેન્દ્રિય અને (૨) ભાવેન્દ્રિય

**(૧) દ્રવ્યેન્દ્રિય** :- તેના ૨ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(i) નિર્વૃત્તિઈન્દ્રિય અને (ii) ઉપકરણઈન્દ્રિય

**(i) નિર્વૃત્તિઈન્દ્રિય** - નિર્વૃત્તિ એટલે ઈન્દ્રિયોનો આકાર. તેના ૨ પ્રકાર છે. તે આ પ્રમાણે :- (a) બાહ્ય નિર્વૃત્તિ અને
(b) અભ્યંતર નિર્વૃત્તિ.

**(a) બાહ્યનિર્વૃત્તિઈન્દ્રિય** :- ઈન્દ્રિયોનો બાહ્ય આકાર તે બાહ્યનિર્વૃત્તિ-ઈન્દ્રિય. તે બધા જીવોની ભિન્ન ભિન્ન હોય છે.

(b) **અભ્યંતરનિર્વૃત્તિઈન્દ્રિય** :- ઈન્દ્રિયોનો અંદરનો આકાર તે અભ્યંતરનિર્વૃત્તિઈન્દ્રિય. તે બધા જીવોની સરખી હોય છે. તે આ પ્રમાણે -

| ઈન્દ્રિય | અભ્યંતરનિર્વૃત્તિ | જાડાઈ | પહોળાઈ | કેટલે દૂર રહેલા વિષયને ગ્રહણ કરે ? | |
|---|---|---|---|---|---|
| | | | | ઉત્કૃષ્ટથી | જઘન્યથી |
| શ્રોત્રેન્દ્રિય | કદંબપુષ્પના આકાર જેવી | અંગુલ / અસંખ્ય | અંગુલ / અસંખ્ય | ૧૨ યોજન | અંગુલ / અસંખ્ય |
| ચક્ષુરિન્દ્રિય | મસૂરની દાળના આકાર જેવી | અંગુલ / અસંખ્ય | અંગુલ / અસંખ્ય | સાધિક ૧ લાખ યોજન | અંગુલ / સંખ્યાત |
| ઘ્રાણેન્દ્રિય | અતિમુક્તપુષ્પના આકાર જેવી | અંગુલ / અસંખ્ય | અંગુલ / અસંખ્ય | ૯ યોજન | અંગુલ / અસંખ્ય |
| રસનેન્દ્રિય | અસ્ત્રાના આકાર જેવી | અંગુલ / અસંખ્ય | ૧ અંગુલ | ૯ યોજન | અંગુલ / અસંખ્ય |
| સ્પર્શનેન્દ્રિય | વિવિધ આકારની | અંગુલ / અસંખ્ય | શરીરના વિસ્તાર જેટલી | ૯ યોજન | અંગુલ / અસંખ્ય |

(ii) ઉપકરણઈન્દ્રિય - નિર્વૃત્તિઈન્દ્રિયની શક્તિ તે ઉપકરણઈન્દ્રિય.

(૨) **ભાવેન્દ્રિય** :- તેના ૨ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(i) લબ્ધિઈન્દ્રિય અને (ii) ઉપયોગઈન્દ્રિય.

(i) **લબ્ધિઈન્દ્રિય** :- તે તે ઈન્દ્રિય જન્ય જ્ઞાનને આવરનારા કર્મોનો ક્ષયોપશમ તે લબ્ધિઈન્દ્રિય.

(ii) **ઉપયોગઈન્દ્રિય** :- મનની એકાગ્રતા તે ઉપયોગઈન્દ્રિય.

ઈન્દ્રિયોના સ્વરૂપને જાણીને પોતાના વિષયો તરફ દોડતાં ઈન્દ્રિયોરૂપી ઘોડાઓને જ્ઞાનરૂપી દોરડાઓથી અંકુશમાં રાખવા.

## ૫ વિષયો

| ઈન્દ્રિયો | વિષયો | વિષયની આસક્તિથી નાશ પામનારાઓનું દૃષ્ટાંત |
|---|---|---|
| શ્રોત્રેન્દ્રિય | શબ્દ | હરણ |
| ચક્ષુરિન્દ્રિય | રૂપ | પતંગિયું |
| ઘ્રાણેન્દ્રિય | ગંધ | સર્પ |
| રસનેન્દ્રિય | રસ | માછલું |
| સ્પર્શનેન્દ્રિય | સ્પર્શ | પાડો, હાથી |

પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં રાગ ન કરવો અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ ન કરવો. પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં સમાન રહેનારો વીતરાગ બને છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં રાગ કરવાથી જીવો અકાળે નાશ પામે છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત થયેલા જીવો આ દુઃખોની પરંપરાથી લેપાતાં નથી.

## ૫ પ્રમાદો

(૧) **મદ્ય** :- મદ્ય એટલે દારૂ. તે જીવને મોહિત કરે છે.

(૨) **વિષય** :- તે ૫ પ્રકારના છે. તે ઉપર કહ્યા છે.

(૩) **કષાય** :- કષ એટલે સંસાર. આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય તે કષાય. તે ૪ પ્રકારના છે. તે આ પ્રમાણે - ક્રોધ, માન, માયા, લોભ. તેમનું સ્વરૂપ આગળ (પાના નં.૫૬-૫૮ ઉપર) બતાવાશે.

(૪) **નિદ્રા** :- તેના ૫ પ્રકાર છે. તે આ પ્રમાણે - નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ. તેનું સ્વરૂપ આગળ (પાના નં.૧૭ ઉપર) કહેવાશે.

(૫) **વિકથા** :- વિરૂપ (ખરાબ) કથા તે વિકથા. તેના ૪ પ્રકાર છે. તે આ પ્રમાણે - સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજકથા. તેમનું સ્વરૂપ આગળ (પાના નં.૧૪૧ ઉપર) બતાવાશે.

આ ૫ પ્રમાદો જીવને સંસારમાં પાડે છે. માટે તેમને ત્યજવા.

## ૫ આસ્રવો

(૧) **હિંસા** :- પ્રમાદી જીવ મન-વચન-કાયાના યોગોથી સ્વ-પરના આત્માથી પ્રાણોને જુદા કરે તે હિંસા.

(૨) **જૂઠ** :- પ્રમાદી જીવ મન-વચન-કાયાના યોગોથી જે અસત્ બોલે તે જૂઠ.

(૩) **ચોરી** :- પ્રમાદી જીવ મન-વચન-કાયાના યોગોથી નહીં દીધેલાનું કે બીજાએ ગ્રહણ કરેલાનું સ્વેચ્છાથી, હઠથી કે ચોરીથી જે ગ્રહણ કરે કે ધારણ કરે તે ચોરી.

(૪) **અબ્રહ્મ (મૈથુન)** :- સ્ત્રી-પુરુષના યુગલનું કર્મ તે અબ્રહ્મ એટલે કે મૈથુન.

(૫) **પરિગ્રહ** :- સચેતન કે અચેતન બાહ્ય કે અભ્યંતર પદાર્થોનો સંગ્રહ કરવો અને તેમની ઉપર મૂર્ચ્છા કરવી તે પરિગ્રહ.

આ ૫ આસ્રવોથી નિવૃત્ત થવું.

## ૭ ૫ નિદ્રા ૭

(૧) **નિદ્રા** :- જેમાંથી ચપટી વગેરેથી સુખેથી જાગી શકાય તે નિદ્રા.

(૨) **નિદ્રાનિદ્રા** :- જેમાંથી મુશ્કેલીથી જાગી શકાય તે નિદ્રાનિદ્રા.

(૩) **પ્રચલા** :- જેમાં બેઠા બેઠા કે ઊભા ઊભા ઉંઘે તે પ્રચલા.

(૪) **પ્રચલાપ્રચલા** :- જેમાં ચાલતાં ચાલતાં ઉંઘે તે પ્રચલાપ્રચલા.

(૫) **થીણદ્ધિ** :- જેમાં દિવસે ચિંતવેલા કાર્યને રાત્રે નિદ્રાવસ્થામાં કરે તે થીણદ્ધિ.

## ૭ ૫ કુભાવનાઓ ૭

(૧) **કાંદર્પિક ભાવના** :- કંદર્પ (ઊંચા સ્વરે હસવું) કરતો, કૌકુચ્ય (ભાંડચેષ્ટા) કરતો, ખરાબ શીલવાળો, બીજાને હસાવતો, બીજાને આશ્ચર્ય પમાડનારો જીવ કાંદર્પિક ભાવના કરે છે.

(૨) **કિલ્બિષિક ભાવના** :- જ્ઞાન, કેવળી, ધર્માચાર્ય, સંઘ અને સાધુના અવર્ણવાદ કરનારો જીવ કિલ્બિષિક ભાવના કરે છે.

(૩) **આભિયોગિક ભાવના** :- કૌતુક (બાળકની રક્ષા કરવા માટે સ્નાન કરાવવું વગેરે) કરનારો, ભૂતિકર્મ (વસતિ, શરીર, વાસણની રક્ષા માટે એને ભસ્મ, સૂતર વગેરેથી વીંટવું) કરનારો, પ્રશ્ન કરનારો (અંગુઠા, દર્પણ, તલવાર, પાણી વગેરેમાં પૂછાયેલા પ્રશ્નોના જવાબો સ્વયં જુવે કે બીજા પાસે જોવડાવે તે), પ્રશ્નાપ્રશ્ન કરનારો (સ્વપ્નમાં આવીને વિદ્યા સ્વયં કહે, ઘંટડી વગેરેમાં ઉતારેલ દેવતા શુભાશુભ કહે તે), નિમિત્ત કરનારો, ત્રણ ગારવવાળો જીવ આભિયોગિક ભાવના કરે છે.

(૪) **આસુરીભાવના :-** ઝઘડાખોર, સંસક્તતપવાળો, નિમિત્તથી આજીવિકા ચલાવનારો, પશ્ચાત્તાપ વિનાનો, અનુકંપા વિનાનો જીવ આસુરીભાવના કરે છે.

(૫) **સંમોહભાવના :-** ઉન્માર્ગનો ઉપદેશ આપનારો, માર્ગનો નાશ કરનારો, જ્ઞાન વગેરે પદાર્થોમાં મુંઝાનારો, પરતીર્થિઓની સમૃદ્ધિ જોઈને મુંઝાનારો, માર્ગનો વિપર્યાસ કરનારો, બીજાને અન્ય દર્શનમાં મોહ પમાડનારો જીવ સંમોહભાવના કરે છે.

## ૬ કાય

(૧) **પૃથ્વીકાય :-** પૃથ્વી એ જ જેનું શરીર છે તે પૃથ્વીકાય

(૨) **અપ્કાય :-** પાણી એ જ જેનું શરીર છે તે અપ્કાય.

(૩) **તેઉકાય :-** અગ્નિ એ જ જેનું શરીર છે તે તેઉકાય.

(૪) **વાયુકાય :-** વાયુ એ જ જેનું શરીર છે તે વાયુકાય.

(૫) **વનસ્પતિકાય :-** વનસ્પતિ એ જ જેનું શરીર છે તે વનસ્પતિકાય.

(૬) **ત્રસકાય :-** તાપ વગેરેથી પીડિત થયે છતે પોતાની ઈચ્છામુજબ એકસ્થાનથી બીજા સ્થાને જઈ શકે તે ત્રસકાય. તે ૪ પ્રકારે છે. તે આ પ્રમાણે - બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.

* * * * *

- ❑ સંસારમાં રહેલા દરેક પદાર્થો સતત કંઈક ને કંઈક નવીન બોધ આપે છે. માત્ર તેમની સન્મુખ જો અમૃતદષ્ટિથી જોઈએ તો જગતમાંથી અમૃત મળ્યા જ કરશે.
- ❑ દુઃખનું કારણ જન્મ-મરણ, જન્મ-મરણનું કારણ કર્મ, કર્મનું કારણ મોહ અને મોહનું કારણ રાગ-દ્વેષ. આમ રાગ-દ્વેષ આખા સંસારનું મૂળ છે.
- ❑ ત્યાગમાં સનાથતા છે, આસક્તિમાં અનાથતા છે.

## (૪) ચોથી છત્રીશી

૬ પ્રકારના વચનના દોષોના પરમાર્થને જાણનારા
૬ પ્રકારની લેશ્યાઓના પરમાર્થને જાણનારા
૬ પ્રકારના આવશ્યકોના પરમાર્થને જાણનારા
૬ પ્રકારના દ્રવ્યોના પરમાર્થને જાણનારા
૬ પ્રકારના તર્કોના પરમાર્થને જાણનારા
૬ પ્રકારની ભાષાના પરમાર્થને જાણનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૬ પ્રકારના વચનના દોષો

(૧) **અલિકવચન** :- જૂઠું બોલવું તે અલિકવચન.
(૨) **હીલિતવચન** :- અસૂયા-ઈર્ષ્યાવાળું વચન તે હીલિતવચન.
(૩) **ખિંસિતવચન** :- નિંદાવાળું વચન તે ખિંસિતવચન.
(૪) **કર્કશવચન** :- કઠોર વચન તે કર્કશવચન. દા.ત. કાણાને કાણો કહેવો તે.
(૫) **નાત્રકોદ્‌ઘટ્ટનવચન** :- સંસારી સંબંધોથી બોલાવવા તે નાત્રકોદ્-ઘટ્ટનવચન.
(૬) **અધિકરણવચન** :- શાંત થયેલા ઝઘડાની ઉદીરણા કરાવનારું વચન તે અધિકરણવચન.

### ૬ પ્રકારની લેશ્યાઓ

કાળા વગેરે દ્રવ્યોના સાંનિધ્યથી આત્મામાં ઊભો થતો પરિણામ તે લેશ્યા. તે ૬ પ્રકારની છે. તે આ પ્રમાણે -

(૧) **કૃષ્ણલેશ્યા** :- કૃષ્ણલેશ્યાવાળો રૌદ્ર, દુષ્ટ, હંમેશા ક્રોધી, ઝઘડા કરવાના સ્વભાવવાળો, ધર્મ વિનાનો, નિર્દય, વૈરવાળો હોય છે.
(૨) **નીલલેશ્યા** :- નીલલેશ્યાવાળો આળસુ, મંદબુદ્ધિવાળો, સ્ત્રીમાં લુબ્ધ, પ્રપંચી, લાંબો સમય ગુસ્સો કરનારો, હંમેશા માની હોય છે.

(૩) **કાપોતલેશ્યા :-** કાપોતલેશ્યાવાળો ચિંતાતુર, વિષાદ કરનારો, બીજાની નિંદા કરનારો, પોતાની પ્રશંસા કરનારો, સંગ્રામમાં મરણને ઈચ્છનારો હોય છે.

(૪) **તેજોલેશ્યા :-** તેજોલેશ્યાવાળો વિદ્યાવાળો, કરુણાવાળો, કાર્ય-અકાર્યને વિચારનારો, લાભમાં અને અલાભમાં સદા પ્રીતિવાળો હોય છે.

(૫) **પદ્મલેશ્યા :-** પદ્મલેશ્યાવાળો શક્તિશાળી, ક્ષમાવાળો, હંમેશા ત્યાગી, પ્રભુપૂજામાં ઉદ્યમવાળો, પવિત્ર, શીલવાન, હંમેશા આનંદવાળો હોય છે.

(૬) **શુક્લલેશ્યા :-** શુક્લલેશ્યાવાળો બીજાનું અને પોતાનું કાર્ય કરનારો, સ્વસ્થ, ઈચ્છા અને શોક વિનાનો, રાગ-દ્વેષ-ભય વિનાનો હોય છે.

**લેશ્યાના પરિણામને સમજવા જાંબુ ખાવા ઈચ્છતાં છ મનુષ્યોનું દૃષ્ટાંત** - ૬ મનુષ્યોને જાંબુ ખાવાની ઈચ્છા થઈ. તેઓ જાંબુના ઝાડ પાસે ગયા. પહેલાએ કહ્યું કે, 'જાંબુના ઝાડને મૂળથી ઉખેડી નાંખીએ.' બીજાએ કહ્યું કે, 'માત્ર મોટી ડાળીઓ કાપીએ.' ત્રીજાએ કહ્યું કે, 'નાની ડાળીઓ કાપીએ.' ચોથાએ કહ્યું કે, 'જાંબુના ઝુમખાં કાપીએ.' પાંચમાએ કહ્યું કે, 'માત્ર જાંબુ તોડીએ.' છટ્ઠાએ કહ્યું કે, 'નીચે પડેલા જાંબુ ખાઈએ.'

**લેશ્યાના પરિણામને સમજવા ગામનો ઘાત કરનારા છ મનુષ્યોનું દૃષ્ટાંત** - છ મનુષ્યો ગામને લૂંટવા ગયા. પહેલાએ કહ્યું કે, 'બધાને મારી નાંખીએ.' બીજાએ કહ્યું કે, 'માત્ર મનુષ્યોને મારીએ.' ત્રીજાએ કહ્યું કે, 'માત્ર પુરુષોને જ મારીએ.' ચોથાએ કહ્યું કે, 'માત્ર શસ્ત્રવાળા પુરુષોને જ મારીએ.' પાંચમાએ કહ્યું કે, 'માત્ર યુદ્ધ કરનારાઓને જ મારીએ.' છટ્ઠાએ કહ્યું કે, 'કોઈને મારવા નથી. માત્ર ધન લૂંટીને જઈએ.'

બન્ને દૃષ્ટાંતોમાં પહેલા મનુષ્ય જેવા અત્યંત ક્રુર પરિણામ તે કૃષ્ણલેશ્યા, બીજા મનુષ્ય જેવા ઓછા ક્રુર પરિણામ તે નીલલેશ્યા, ત્રીજા મનુષ્ય જેવા તેનાથી ઓછા ક્રુર પરિણામ તે કાપોતલેશ્યા, ચોથા મનુષ્ય જેવા કંઈક સારા પરિણામ તે તેજોલેશ્યા, પાંચમા મનુષ્ય જેવા વધુ સારા પરિણામ તે પદ્મલેશ્યા, છટ્ઠા મનુષ્ય જેવા અત્યંત સારા પરિણામ તે શુક્લલેશ્યા.

## ❁ ૬ પ્રકારના આવશ્યકો ❁

(૧) **સામાયિક :-** જેનો આત્મા સંયમમાં, નિયમમાં અને તપમાં પરોવાયેલો હોય તથા જે ત્રસ-સ્થાવર બધા જીવોને વિષે સમ હોય તેને સામાયિક હોય.

(૨) **ચતુર્વિંશતિસ્તવ :-** આ અવસર્પિણીમાં થયેલા ૨૪ તીર્થંકરોની સ્તવના કરવી તે ચતુર્વિંશતિસ્તવ. સ્તવ બે પ્રકારે છે - ભાવસ્તવ અને દ્રવ્યસ્તવ. ભાવસ્તવ સાધુઓને હોય. શ્રાવકોને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બન્ને હોય.

(૩) **વંદન :-** તેના ત્રણ પ્રકાર છે -

(i) **ફેટાવંદન :-** બે હાથ જોડી મસ્તક નમાવવું તે ફેટાવંદન. તે ચતુર્વિધ સંઘમાં પરસ્પર કરાય છે.

(ii) **છોભવંદન :-** બે ખમાસમણા, ઈચ્છકાર, અબ્ભુટ્ઠિઓ પૂર્વકનું વંદન તે છોભવંદન. તે સાધુભગવંતો અને સાધ્વીજીભગવંતોને કરાય છે.

(iii) **દ્વાદશાવર્તવંદન :-** વાંદણાપૂર્વક રાઈમુહપત્તિ કરાય છે તે દ્વાદશાવર્તવંદન. તે પદસ્થોને કરાય છે.

(૪) **પ્રતિક્રમણ :-** પ્રમાદને લીધે સ્વસ્થાનમાંથી પરસ્થાનમાં ગયેલાનું ફરી પોતાના સ્થાનમાં આવવું તે પ્રતિક્રમણ. તેના ૪ પ્રકાર છે -

(i) મિથ્યાત્વનું પ્રતિક્રમણ.

(ii) અસંયમનું પ્રતિક્રમણ.

(iii) કષાયોનું પ્રતિક્રમણ.

(iv) અપ્રશસ્ત યોગોનું પ્રતિક્રમણ.

અથવા, બીજી રીતે પ્રતિક્રમણના ૪ પ્રકાર છે -

(i) પ્રતિષિદ્ધના કરણનું પ્રતિક્રમણ.

(ii) કૃત્યો ન કરવાનું પ્રતિક્રમણ.

(iii) અશ્રદ્ધાનું પ્રતિક્રમણ.

(iv) વિપરીતપ્રરૂપણાનું પ્રતિક્રમણ.

અથવા, ત્રીજી રીતે પ્રતિક્રમણના ૫ પ્રકાર છે.

(i) દેવસી પ્રતિક્રમણ.

(ii) રાઈ પ્રતિક્રમણ.

(iii) પક્ખી પ્રતિક્રમણ.

(iv) ચોમાસી પ્રતિક્રમણ.

(v) સંવત્સરી પ્રતિક્રમણ.

પહેલા અને છેલ્લા ભગવાનના સાધુઓએ રોજ પ્રતિક્રમણ કરવાનું હોય છે. વચ્ચેના બાવીશ ભગવાનના સાધુઓએ કારણે (દોષ લાગે ત્યારે) પ્રતિક્રમણ કરવાનું હોય છે.

(૫) **કાઉસ્સગ્ગ** :- તેના બે પ્રકાર છે -

(i) **ચેષ્ટાનો કાઉસ્સગ્ગ** :- પ્રતિક્રમણ વગેરેમાં કરાતો કાઉસ્સગ્ગ તે ચેષ્ટાનો કાઉસ્સગ્ગ. તે રાઈ પ્રતિક્રમણમાં ૨ લોગસ્સનો, દેવસી પ્રતિક્રમણમાં ૪ લોગસ્સનો, પક્ખીપ્રતિક્રમણમાં ૧૨ લોગસ્સનો, ચોમાસી પ્રતિક્રમણમાં ૨૦ લોગસ્સનો અને સંવત્સરી પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ અને ૧ નવકારનો હોય છે.

(ii) **અભિભવનો કાઉસ્સગ્ગ** :- કર્મક્ષય માટે કરાતો કાઉસ્સગ્ગ તે અભિભવનો કાઉસ્સગ્ગ. તે ઉત્કૃષ્ટથી ૧ વરસનો હોય છે અને જઘન્યથી અંતર્મુહૂર્તનો હોય છે.

(૬) **પચ્ચક્ખાણ** :- તેના બે પ્રકાર છે -

(i) **મૂલગુણપચ્ચક્ખાણ** :- તે સાધુને ૫ પ્રકારે છે - ૫ મહાવ્રત, શ્રાવકને ૧૨ પ્રકારે છે - ૧૨ વ્રત.

(ii) **ઉત્તરગુણપચ્ચક્ખાણ** :- તે સાધુને અને શ્રાવકને નવકારશી વગેરે અનેક પ્રકારે છે.

## ૬ પ્રકારના દ્રવ્યો

(૧) **ધર્માસ્તિકાય** :- જીવ અને પુદ્‌ગલને ગતિમાં સહાય કરનારું દ્રવ્ય તે ધર્માસ્તિકાય. તે ચૌદરાજલોકવ્યાપી દ્રવ્ય છે.

(૨) **અધર્માસ્તિકાય** :- જીવ અને પુદ્‌ગલને સ્થિર રહેવામાં સહાય કરનારું દ્રવ્ય તે અધર્માસ્તિકાય. તે ચૌદ રાજલોકવ્યાપી દ્રવ્ય છે.

(૩) **આકાશાસ્તિકાય** :- જીવ અને પુદ્‌ગલને રહેવા માટે સ્થાન આપનારું દ્રવ્ય તે આકાશાસ્તિકાય. તે સર્વવ્યાપી દ્રવ્ય છે.

(૪) **કાળ** :- વર્તના એ કાળનું લક્ષણ છે. તે જૂનાને નવું અને નવાને જૂનું કરે છે. તે મનુષ્યક્ષેત્રવ્યાપી દ્રવ્ય છે.

(૫) **જીવ** :- ઉપયોગ, જ્ઞાન, દર્શન, સુખ, દુઃખ એ જીવનું લક્ષણ છે.

(૬) **પુદ્‌ગલ** :- જેનામાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ હોય તે પુદ્‌ગલ. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, તડકો - એ પુદ્‌ગલના પરિણામ છે.

## ૬ પ્રકારના તર્કો

તર્ક એટલે તે તે દર્શનની માન્યતા. તે ૬ પ્રકારની છે. તે આ પ્રમાણે -

(૧) **જૈનદર્શન** :-

(i) અરિહંત દેવ છે.

(ii) જીવ-અજીવ-પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-બંધ-નિર્જરા-મોક્ષ - એ નવ તત્ત્વો છે.

(iii) પ્રત્યક્ષ અને પરોક્ષ - એ બે પ્રમાણ છે.

(iv) નિત્યાનિત્ય વગેરે અનેકાંતવાદથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય થાય છે.

(v) સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર - એ મોક્ષમાર્ગ છે.

(iv) બધા કર્મોનો ક્ષય થવા પર લોકના અગ્ર ભાગે નિત્ય, જ્ઞાનમય, આનંદમય એવા આત્માનું રહેવું તે મોક્ષ છે.

ઈત્યાદિ માન્યતાઓવાળું જૈનદર્શન છે.

(૨) **મીમાંસકદર્શન** :-

(i) સર્વજ્ઞ દેવતા નથી, પણ નિત્યવેદવાક્યોથી જ તત્ત્વનો નિર્ણય થાય છે.

(ii) પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ અને અભાવ- એ છ પ્રમાણ છે.

(iii) નિત્ય વગેરે એકાંતવાદથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય થાય છે.

(iv) વેદમાં કહેલ અનુષ્ઠાન એ મોક્ષમાર્ગ છે.

(v) નિત્ય અને નિરતિશય સુખનો પ્રાદુર્ભાવ એ મોક્ષ છે.

ઈત્યાદિ માન્યતાઓવાળું મીમાંસકદર્શન છે.

**(૩) બૌદ્ધદર્શન :-**

(i) બુદ્ધ દેવતા છે.

(ii) દુઃખ-આયતન-સમુદય-માર્ગ રૂપ આર્યસત્ય નામના ચાર તત્ત્વો છે.

(iii) પ્રત્યક્ષ અને અનુમાન - એ બે પ્રમાણ છે.

(iv) ક્ષણિક એકાંતવાદથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય થાય છે.

(v) જેમ દીવો બુઝાઈ જાય તેમ સર્વક્ષણિકત્વ અને સર્વનૈરાત્મ્યની વાસના વડે ક્લેશના સમુદાયનો છેદ કરવો અને જ્ઞાનસંતાનનો ઉચ્છેદ કરવો તે મોક્ષ છે.

ઈત્યાદિ માન્યતાઓવાળું બૌદ્ધદર્શન છે.

**(૪) નૈયાયિકદર્શન :-**

(i) ઈશ્વર દેવતા છે.

(ii) (૧) પ્રમાણ (૨) પ્રમેય (૩) સંશય (૪) પ્રયોજન (૫) દૃષ્ટાંત (૬) સિદ્ધાંત (૭) અવયવ (૮) તર્ક (૯) નિર્ણય (૧૦) વાદ (૧૧) જલ્પ (૧૨) વિતંડા (૧૩) હેત્વાભાસ (૧૪) છલ (૧૫) જાતિ (૧૬) નિગ્રહસ્થાન - આ ૧૬ તત્ત્વો છે.

(iii) પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ - આ ચાર પ્રમાણ છે.

(iv) નિત્ય-અનિત્ય એકાંતવાદથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય થાય છે.

(v) આત્મા વગેરે પ્રમેયોનું તત્ત્વજ્ઞાન એ મોક્ષમાર્ગ છે.

(vi) ૬ ઈન્દ્રિયો, ૬ વિષયો, ૬ બુદ્ધિઓ, સુખ, દુઃખ અને શરીર- આ ૨૧ ભેદવાળા દુઃખનો અત્યંત છેદ થવો એ મોક્ષ છે.

ઈત્યાદિ માન્યતાઓવાળું નૈયાયિકદર્શન છે.

**(૫) વૈશેષિકદર્શન :-**

(i) ઈશ્વર દેવતા છે.

(ii) (૧) દ્રવ્ય (૨) ગુણ (૩) કર્મ (૪) સામાન્ય (૫) વિશેષ (૬) સમવાય - આ ૬ પદાર્થો એ તત્ત્વ છે.

(iii) પ્રત્યક્ષ અને અનુમાન - એ બે પ્રમાણ છે.

(iv) નિત્ય-અનિત્ય એકાંતવાદથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય થાય છે.

(v) આત્માનું શ્રવણ-મનન-નિદિધ્યાસન-સાક્ષાત્કાર એ મોક્ષમાર્ગ છે.

(vi) બુદ્ધિ-સુખ-દુઃખ-ઈચ્છા-દ્વેષ-પ્રયત્ન-ધર્મ-અધર્મ-સંસ્કારરૂપ નવ વિશેષગુણોનો અત્યંત નાશ થવો એ મોક્ષ છે.

ઈત્યાદિ માન્યતાઓવાળું વૈશેષિકદર્શન છે.

**(૬) સાંખ્યદર્શન :-**

(i) ઈશ્વર કે કપિલ એ દેવ છે.

(ii) આત્મા, પ્રકૃતિ, મહાન્, અહંકાર, ૫ તન્માત્ર (ગંધ-રૂપ-રસ-સ્પર્શ-શબ્દ), ૫ ભૂત (પૃથ્વી-જલ-તેજ-વાયુ-આકાશ), ૬ બુદ્ધીન્દ્રિય (ઘ્રાણેન્દ્રિય-રસનેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિય-સ્પર્શનેન્દ્રિય-શ્રોત્રેન્દ્રિય-મન), ૫ કર્મેન્દ્રિય (પાયુ (ગુદા), ઉપસ્થ (ગુહ્યેન્દ્રિય), વચન, હાથ, પગ) - આ ૨૫ તત્ત્વો છે.

(iii) પ્રત્યક્ષ, અનુમાન, આગમ એ ત્રણ પ્રમાણ છે.

(iv) નિત્યએકાંતવાદથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય થાય છે.

(v) ૨૫ તત્ત્વોનું જ્ઞાન થવું તે મોક્ષમાર્ગ છે.

(vi) પ્રકૃતિ અને પુરુષના ભેદના દર્શનથી પ્રકૃતિની નિવૃત્તિ થવા પર પુરુષનું સ્વરૂપમાં રહેવું તે મોક્ષ છે.

ઈત્યાદિ માન્યતાઓવાળું સાંખ્યદર્શન છે.

કેટલાક નૈયાયિકદર્શન અને વૈશેષિકદર્શનનું ભેગું એક જ શૈવદર્શન માને છે. તેમના મતે છટ્ઠું નાસ્તિકદર્શન છે.

**(૭) નાસ્તિકદર્શન :-**

(i) સર્વજ્ઞ નથી, અધર્મ નથી, ધર્મ નથી, જીવ નથી, પરલોક નથી, મોક્ષ નથી.

(ii) પ્રત્યક્ષ એ એક જ પ્રમાણ છે.
ઈત્યાદિ માન્યતાઓવાળું નાસ્તિકદર્શન છે.

## ૬ પ્રકારની ભાષા

(૧) **પ્રાકૃતભાષા :-** બાળકો, ગોવાળો, સ્ત્રીઓ વગેરે બધા બોલી શકે તેવી, વચનના સહજ વ્યાપારરૂપ, બીજી બધી વિશેષભાષાઓના મૂળકારણ રૂપ ભાષા તે પ્રાકૃતભાષા. નાટક વગેરેમાં પ્રાકૃતભાષા સ્ત્રીપાત્રો માટે નક્કી થયેલી છે.

(૨) **સંસ્કૃતભાષા :-** શબ્દોના લક્ષણ (વ્યાકરણ)થી સંસ્કારાયેલી ભાષા તે સંસ્કૃતભાષા. તે દેવોની ભાષા છે.

(૩) **શૌરસેનીભાષા :-** શૂરસેન દેશમાં ઉત્પન્ન થયેલી ભાષા તે શૌરસેની-ભાષા. નાટક વગેરમાં અધમ અને મધ્યમ પાત્રો માટે શૌરસેનીભાષા નક્કી થયેલી છે.

(૪) **માગધીભાષા :-** મગધ દેશમાં ઉત્પન્ન થયેલી ભાષા તે માગધીભાષા. નાટક વગેરેમાં માછીમાર વગેરે અતિશય નીચ પાત્રો માટે માગધી ભાષા નક્કી થયેલી છે.

(૫) **પૈશાચિકીભાષા :-** પિશાચ દેશમાં ઉત્પન્ન થયેલી ભાષા તે પૈશાચિકી ભાષા. ચૂલિકાપૈશાચિકી ભાષા એ પૈશાચિકીભાષાનો જ એક પ્રકાર છે. નાટક વગેરેમાં રાક્ષસ, પિશાચ અને નીચ પાત્રો માટે બે પ્રકારની પૈશાચિકીભાષા નક્કી થયેલી છે.

(૬) **અપભ્રંશભાષા :-** ભરવાડ વગેરેની ભાષાઓનો સમૂહ તે અપભ્રંશ ભાષા. નાટક વગેરેમાં ચંડાળ, યવન વગેરે પાત્રો માટે અપભ્રંશભાષા નક્કી થયેલી છે.

* * * * *

❑ ખરાબ વિચાર કરવા તે ઝેર પીવા બરાબર છે.

## (૫) પાંચમી છત્રીશી

૭ પ્રકારના ભયથી રહિત
૭ પ્રકારની પિંડૈષણાથી યુક્ત
૭ પ્રકારની પાનૈષણાથી યુક્ત
૭ પ્રકારના સુખથી યુક્ત
૮ પ્રકારના મદસ્થાનથી રહિત

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૭ પ્રકારના ભય

(૧) **ઈહલોકભય** :- દેવોથી દેવને, મનુષ્યોથી મનુષ્યને, તિર્યંચોથી તિર્યંચને, નારકોથી નારકને જે ભય છે તે ઈહલોકભય.

(૨) **પરલોકભય** :- મનુષ્યો-તિર્યંચોથી દેવને, દેવો-તિર્યંચોથી મનુષ્યને, દેવો-મનુષ્યોથી તિર્યંચને, દેવોથી નારકને જે ભય છે તે પરલોકભય.

(૩) **આદાનભય** :- 'આ વ્યક્તિ પરાણે મારી આ વસ્તુ લઈ ન જાય.' એવો ભય તે આદાનભય.

(૪) **આકસ્મિક ભય** :- કોઈ પણ હેતુ વિના માત્ર પોતાના મનના ભ્રમથી થતો ભય તે આકસ્મિક ભય.

(૫) **આજીવિકાભય** :- આજીવિકાના ઉપાયની ચિંતાથી થતો ભય તે આજીવિકાભય.

(૬) **મરણભય** :- મરણનો ભય તે મરણભય.

(૭) **અશ્લોકભય** :- અપયશનો ભય તે અશ્લોકભય.

### ૭ પ્રકારની પિંડૈષણા

(૧) **સંસૃષ્ટા** :- ખરડાયેલા હાથ અને પાત્રથી અપાય તે, દહીં વગેરે.

(૨) **અસંસૃષ્ટા** :- નહીં ખરડાયેલા હાથ અને પાત્રથી અપાય તે, લાડુ વગેરે.

(૩) **ઉદ્ધૃતા** :- કોઈને પીરસવા માટે ઉપાડેલું હોય તે.

(૪) **અલ્પલેપા** :- જેનાથી વાસણ વગેરે ખરડાય નહીં તે.

(૫) **અવગૃહીતા** :- મોટા વાસણમાંથી નાના વાસણમાં કાઢેલ હોય તે, વાલ-ચણા વગેરે.

(૬) **પ્રગૃહીતા** :- જમવા માટે પીરસાયેલ હોય તે.

(૭) **ઉજ્ઝિતધર્મા** :- ત્યજવા યોગ્ય હોય તે.

## ૭ પ્રકારની પાનૈષણા

(૧) **સંસૃષ્ટા** :- ખરડાયેલા હાથ અને પાત્રથી અપાય તે, ચોખાનું ધોવણ વગેરે.

(૨) **અસંસૃષ્ટા** :- નહીં ખરડાયેલા હાથ અને પાત્રથી અપાય તે, ઉકાળેલું પાણી વગેરે.

(૩) **ઉદ્ગૃહીતા** :- કોઈને પીરસવા માટે ઉપાડેલ હોય તે.

(૪) **અલ્પલેપા** :- જેનાથી વાસણ વગેરે ખરડાય નહીં તે, કાંજી વગેરે.

(૫) **અવગૃહીતા** :- મોટા વાસણમાંથી નાના વાસણમાં કાઢેલ હોય તે.

(૬) **પ્રગૃહીતા** :- જમવા માટે પીરસાયેલ હોય તે.

(૭) **ઉજ્ઝિતધર્મા** :- ત્યજવા યોગ્ય હોય તે.

## ૭ પ્રકારનું સુખ

(૧) સંતોષ, (૨) ઈન્દ્રિયજય, (૩) પ્રસન્નચિત્તવાળાપણું,
(૪) દયાળુપણું, (૫) સત્ય, (૬) શૌચ, (૭) દુર્જનનો ત્યાગ.

## ૮ પ્રકારના મદસ્થાનો

(૧) જાતિ, (૨) કુળ, (૩) રૂપ, (૪) બળ, (૫) શ્રુત,
(૬) તપ, (૭) લાભ, (૮) ઐશ્વર્ય.

જેનો મદ કરાય તે વસ્તુ ભવિષ્યમાં હલકી મળે. માટે મદસ્થાનોને ત્યજવા, એટલે કે આ ૮ સ્થાનોનો મદ ન કરવો.

* * * * *

## (૬) છટ્ઠી છત્રીશી

૮ પ્રકારના જ્ઞાનાચારથી યુક્ત
૮ પ્રકારના દર્શનાચારથી યુક્ત
૮ પ્રકારના ચારિત્રાચારથી યુક્ત
૮ પ્રકારના આચારવાન વગેરે ગુણોથી યુક્ત
૪ પ્રકારની બુદ્ધિથી યુક્ત

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૮ પ્રકારના જ્ઞાનાચાર

(૧) **કાળ** :- કાળે ભણવું, અકાળે ન ભણવું. ધમકનું દૃષ્ટાંત, સાધુનું દૃષ્ટાંત.

**ધમક (શંખ ફૂંકનાર)નું દૃષ્ટાંત** :- શાલીગ્રામમાં એક ખેડૂત સાંજથી સવાર સુધી ખેતરનું રક્ષણ કરે. શંખ વગાડીને દુષ્ટ જીવોને દૂર કરે. એકવાર ચોરો ગોધન ચોરી તેના ખેતર પાસે આવ્યા. ખેડૂતે શંખ વગાડ્યો. શંખનો અવાજ સાંભળી ચોરો ગાયો છોડી ભાગ્યા. ખેડૂતને ગોધનનો લાભ થયો. ફરી એકવાર ચોરો ગાય ચોરી ખેતર પાસે આવ્યા. ત્યારે ખેડૂતે શંખ વગાડ્યો. ચોરો વિચારે છે, 'આ કોક દુષ્ટ માણસ જીવોને ભગાડવા શંખ વગાડે છે. ગયા વખતે આપણે ફોગટ ગાયો છોડી ભાગી ગયા.' ચોરોએ ખેતરમાં પેસી ખેડૂતને માર્યો. તેનું બધું લુટી લીધું. ચોરો ભાગી ગયા. સવારે ગામ લોકોએ ખેડૂતને પૂછ્યું. ખેડૂતે બધું જણાવ્યું. લોકો બોલ્યા, 'અકાળે શંખ ન ફૂંકવો.'

જેમ ખેડૂતે અકાળે શંખ ફૂંક્યો તો ચોરો તેને લૂંટી ગયા, તેમ અકાળે સ્વાધ્યાય કરવાથી દુષ્ટ દેવતા છળી જાય છે.

**સાધુનું દૃષ્ટાંત** :- એક સાધુ સાંજનું કાલગ્રહણ લઈને પહેલો પ્રહર પસાર થઈ ગયા બાદ પણ ઉપયોગ ન રહેવાથી કાલિક શ્રુતનો પાઠ કરતા હતા. સમ્યગ્દૃષ્ટિ દેવે વિચાર્યું, 'બીજો હલકો દેવ આ સાધુને

હેરાન ન કરે !...' એટલે ગાગરમાં છાસ લઈને 'છાશ લો, છાશ લો' એમ બોલતો તે સાધુની આગળ વારંવાર ગમનાગમન કરે છે. તેનાથી સાધુને સ્વાધ્યાયનો વ્યાઘાત થાય છે.

તેથી સાધુ પેલાને કહે છે, 'અભણ માણસ, આ વળી છાશ વેંચવાનો કાળ છે ? સમય તો જો,' દેવે પણ કહ્યું, 'અહો ! આ કયો કાલિકશ્રુતનો સ્વાધ્યાય કરવાનો કાળ છે.' પછી સાધુએ જાણ્યું કે, 'આ સામાન્ય મનુષ્ય નથી.' એટલે એણે ઉપયોગ મૂક્યો. ખબર પડી કે, અડધી રાત થઈ છે. એણે મિચ્છામિ દુક્કડ આપ્યું. દેવે કહ્યું, 'આવું ન કરશો. કદાચ હલકા દેવતા તમને પરેશાન કરે. તેથી કાળે સ્વાધ્યાય કરવો, અકાળે નહીં.'

(૨) **વિનય** :- વિનય એટલે બાહ્ય સેવા-ભક્તિ. જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનના સાધનોનો વિનય કરવો. શ્રેણિકનું દૃષ્ટાંત.

**શ્રેણિકનું દૃષ્ટાંત** :- શ્રેણિક રાજાને ત્યાં એક બગીચો હતો જેમાં બધી ૠતુના પુષ્પો અને ફળો ઊગતાં હતા. એકવાર નગરમાં એક ચંડાળની સ્ત્રીને અકાળે આંબા ખાવાનો દોહલો થયો. તેણે પતિને વાત કરી. ચંડાળ પાસે અવનામિની અને ઉન્નામિની વિદ્યાઓ હતી. તેની સહાયથી તેણે રાજાના બગીચામાંથી આંબા ચોરીને પત્નીને ખવડાવ્યા. રાજાને ચોરીની ખબર પડી. રાજાએ અભયકુમારને ચોર પકડી લાવવા કહ્યું. અભયકુમારે યુક્તિથી ચોરને પકડ્યો. તેને દરબારમાં હાજર કર્યો. ચોરે ગુનો કબૂલ્યો. રાજાએ કહ્યું, 'જો વિદ્યાઓ આપીશ તો નહીં મારું, નહીંતર શૂળીએ ચડાવીશ.' મરણના ભયથી ચોરે વિદ્યાઓ આપી. પણ રાજાને તે વિદ્યાઓ ચઢી નહીં. રાજા પૂછે છે, 'વિદ્યાઓ કેમ ચઢતી નથી ?' ચંડાળ બોલ્યો, 'આપ અવિનયથી શીખો છો. હું નીચે બેઠો છું અને આપ સિંહાસન પર બેઠા છો. માટે વિદ્યાઓ ચઢતી નથી.' રાજાને ભૂલ સમજાઈ. તે ચંડાળ કરતા નીચા આસને બેઠો. વિદ્યાઓ તરત ચઢી ગઈ.

આમ વિનયથી ભણવું.

(૩) **બહુમાન** :- બહુમાન એટલે અંદરની પ્રીતિ. જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનના સાધનો ઉપર બહુમાન રાખવું. ભીલનું દૃષ્ટાંત.

**ભીલનું દૃષ્ટાંત** :- એક જંગલમાં એક ભીલ રહેતો હતો. એકવાર તે એક શિવમંદિરમાં જઈ ચડ્યો. શિવજીના દર્શન કરી એને થયું કે, 'આ કોઈ મોટા ભગવાન છે, માટે એમની પૂજા કરું.' પણ એને પૂજા કેમ કરવી ? તે આવડતું ન હતું. એટલે નદીએથી મોઢામાં પાણી ભરી શિવજી પર કોગળો કરી તેણે અભિષેક કર્યો. તેણે ડાબા હાથે શિવજીને પુષ્પો ચડાવ્યા. પછી તેણે ડાબો પગ ઊંચો રાખી શિવજીનું ધ્યાન કર્યું. અંતે તે શિવજીના ચરણમાં પડ્યો. શિવજી તેના પર પ્રસન્ન થયા. તેમણે તેની સાથે વાત કરી. આ જોઈ પૂજારીને ગુસ્સો આવ્યો. ભીલના ગયા પછી એણે શિવજીને ઠપકો આપ્યો, 'હું વરસોથી રોજ વિધિપૂર્વક તમારી પૂજા કરું છું, છતાં મારી સાથે કોઈ દિવસ તમે વાત નથી કરી અને આ ભીલ અવિધિથી જેમ તેમ પૂજા કરી ગયો, છતાં પહેલે જ દિવસે તમે એની સાથે વાત કરી. તમે પક્ષપાતી છો.' શિવજીએ કહ્યું, 'હું પક્ષપાતી નથી. પણ ભીલના હૃદયમાં મારી ઉપર વધુ બહુમાન છે. માટે મારી તેના પર વધુ કૃપા છે અને તારા હૃદયમાં મારી ઉપર એવું બહુમાન નથી માટે તારી ઉપર મારી એવી કૃપા નથી. જો તને વિશ્વાસ ન આવતો હોય તો કાલે ખાતરી કરાવીશ.'

બીજા દિવસે શિવજીએ પોતાની એક આંખ કાઢી નાખી. સવારે પૂજારી આવ્યો. તેણે તે જોયું. તેણે ચારે બાજુ બૂમો પાડી અને લોકોને ભેગા કર્યા. તે રડવા લાગ્યો. પણ તેણે શિવજીની બીજી આંખ પાછી લાગી જાય તેવા વિશેષ પ્રયત્નો ન કર્યા. રોજના ક્રમ મુજબ ભીલ આવ્યો. શિવજીની એક આંખ તેણે ન જોઈ. એને ખૂબ દુઃખ થયું. તેણે તરત છરીથી પોતાની એક આંખ કાઢી શિવજીની આંખના સ્થાને બેસાડી. તે શિવજીની બંને આંખો જોઈ આનંદિત થયો. શિવજીએ પ્રગટ થઈ પૂજારીને કહ્યું, 'મારી વાતની તને ખાતરી થઈ ?' તરત તેમણે ભીલની આંખ પાછી સજીવન કરી.

ભીલના હૃદયમાં શિવજી પ્રત્યે જેવું બહુમાન હતું તેના કરતા પણ ચઢિયાતું બહુમાન જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનના સાધનો પ્રત્યે આપણા હૃદયમાં હોવું જોઈએ.

(૪) **ઉપધાન :-** તે તે સૂત્રોના ઉપધાન (જોગ) કરવા. માષતુષમુનિનું દૃષ્ટાંત, અશકટપિતાનું દૃષ્ટાંત.

**અશકટપિતાનું દૃષ્ટાંત :-** એક આચાર્ય હતા. તે વાચના આપવાથી ખૂબ થાકેલા હતા. તેથી સ્વાધ્યાયકાળમાં પણ તેઓ ખોટી ખોટી અસજ્ઝાયની ઘોષણા કરવા લાગ્યા. તેથી તેમણે જ્ઞાનાવરણકર્મ બાંધ્યું. તેઓ કાળ કરીને દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને તેઓ ભરવાડના કુળમાં આવ્યા. તે ભરવાડને સંસારના ભોગો ભોગવતા એક દીકરી થઈ. તે ખૂબ રૂપાળી હતી. બધા ભરવાડો ગાયોને ચરાવવા અન્ય ગામોમાં જાય છે. ત્યારે તે છોકરીના પિતાનું ગાડુ બધાથી આગળ ચાલે છે. તે છોકરી તે ગાડાના આગળના ભાગમાં બેઠી છે. યુવાનોએ તેણીને જોવા માટે ગાડા ઉન્માર્ગે આગળ વધાર્યા. તેથી તેમના ગાડા ભાંગી ગયા. તેથી લોકોએ તે છોકરીનું અશકટા નામ પાડ્યું. તેથી તેના પિતાનું નામ અશકટપિતા પડી ગયું. આ પ્રસંગથી અશકટપિતાને વૈરાગ્ય થયો. દીકરીને યોગ્ય પુરુષ સાથે પરણાવી તેણે દીક્ષા લીધી.

દીક્ષા લીધા પછી તેણે ઉત્તરાધ્યયનસૂત્રના યોગોદહન શરૂ કર્યા. તેમાં ત્રણ અધ્યયન સુધી ભણ્યા. ચોથા અધ્યયનનો ઉદ્દેશો થયો. ત્યારે પૂર્વભવનું જ્ઞાનાવરણકર્મ ઉદયમાં આવ્યું. તેથી તે મુનિને તે અધ્યયન યાદ રહેતું નથી. ગુરુ કહે છે, 'છટ્ઠ કરી લે, તને અપવાદમાર્ગે આની અનુજ્ઞા કરાવી દઉં.' તે મુનિ પૂછે છે, 'ઉત્સર્ગમાર્ગે આ અધ્યયનના યોગ કેવી રીતે થાય ?' ગુરુ કહે, 'જ્યાં સુધી આ અધ્યયન ન ભણાય ત્યાં સુધી આયંબિલ કરવા પડે.' મુનિ કહે, 'હું એ રીતે જ ભણીશ.' એ રીતે ભણતા એ મુનિએ બાર વર્ષમાં તે અધ્યયન કંઠસ્થ કર્યું. ત્યાં સુધી તેમણે આયંબિલ કર્યા. ત્યારે તેમનું જ્ઞાનાવરણકર્મ ક્ષય પામ્યું.

આમ જે રીતે અશકટપિતાએ આગાઢ યોગનું પાલન કર્યું તેમ યોગનું (ઉપધાનનું) બરાબર પાલન કરવું.

(૫) **અનિહ્નવન :-** જ્ઞાનદાતા ગુરુનો અપલાપ ન કરવો. દકસૂકરનું દૃષ્ટાંત, પરિવ્રાજકનું દૃષ્ટાંત.

**પરિવ્રાજકનું દૃષ્ટાંત :-** એક હજામની અસ્ત્રાની સામગ્રી વિદ્યાના સામર્થ્યથી આકાશમાં અદ્ધર રહે છે. એક પરિવ્રાજક તેને ઘણી સેવાઓથી ખુશ કરી તેની પાસેથી તે વિદ્યા મેળવી લે છે. પછી અન્ય સ્થાને જઈને તે પોતાના ત્રિદંડને આકાશમાં રાખે છે. તેથી લોકો તેની પૂજા કરે છે. રાજાએ પૂછ્યું, 'ભગવાન્ ! શું આ વિદ્યાનો અતિશય છે ? કે તપનો અતિશય છે ?' તે કહે છે કે, 'વિદ્યાનો અતિશય છે.' રાજાએ પૂછ્યું, 'કોની પાસેથી આ વિદ્યા શીખ્યા ?' તે બોલ્યો, 'હિમાલય ઉપર ફલાહાર કરનારા ઋષિઓની પાસેથી મેં આ વિદ્યા મેળવી છે.' તરત જ ત્રિદંડ ધડ્ કરતું પડી ગયું.

આમ વિદ્યાગુરુનો અપલાપ ન કરવો.

(૬) **વ્યંજન :-** અક્ષરો, પદો, વાક્યો વધુ કે ઓછા ન બોલાઈ જાય તેનો ઉપયોગ રાખવો. દામન્નકનું દૃષ્ટાંત, કુણાલનું દૃષ્ટાંત.

**કુણાલનું દૃષ્ટાંત :-** સમ્રાટ અશોકશ્રીને પોતાના પુત્ર કુણાલને ભણાવવા માટે પંડિતના ઘરે મૂકવાનો હતો. તે માટે તેમણે પંડિતને પત્ર લખ્યો. તેમાં તેમણે લખ્યું, **'अधीयतां कुमारः'** કુમાર ભણાવાય. પત્ર લખતાં લખતાં રાજા અન્ય કામ માટે ગયા. કુણાલની સાવકી માતા ત્યાં આવી. પત્ર વાંચ્યો. ઈર્ષ્યાથી તેણીએ **अ** ની માથે મીંડું કર્યું. તેથી **'अंधीयतां कुमारः'** થયું - કુમારને આંધળો કરાય. તે તરત ત્યાંથી ચાલી ગઈ. રાજાએ પાછા આવી પત્ર ફરી વાંચ્યા વિના બંધ કરી મંત્રીઓને પત્ર આપી તેમની સાથે કુણાલને પંડિતના ઘરે મોકલ્યો. મંત્રીઓએ પંડિતને રાજાનો પત્ર આપ્યો. પત્ર વાંચી પંડિત અવાક્ થઈ ગયો. કુણાલે કારણ પૂછ્યું. પત્ર બતાવ્યો. કુણાલે પત્ર વાંચ્યો. પંડિતને કહ્યું, 'વિચાર શું કરો છો ? પિતાજીની આજ્ઞાનું પાલન કરો.' પંડિત કહે, 'મારાથી એ નહીં બને.' કુણાલે જાતે

બે સળીયા લઈ પોતાની આંખો ફોડી નાંખી અને પિતાજીની આજ્ઞાનું પાલન કર્યું.

જેમ अ ની ઉપર એક અનુસ્વાર આવી જતાં અર્થનો અનર્થ થઈ ગયો. તેમ સૂત્રોના અક્ષરો, પદો, વાક્યો વધુ કે ઓછા બોલાય તો અર્થ બદલાઈ જાય. માટે તેવું ન થાય એની કાળજી રાખવી.

(૭) **અર્થ** :- સૂત્રોનો અઘટિત અર્થ ન કરવો, યોગ્ય અર્થ કરવો. વસુરાજાનું દૃષ્ટાંત.

**વસુરાજાનું દૃષ્ટાંત** :- ક્ષીરકદંબક ઉપાધ્યાયને ત્યાં પર્વત, વસુ અને નારદ નામના વિદ્યાર્થીઓ ભણતાં હતા. પર્વત ઉપાધ્યાયનો પુત્ર હતો, વસુ રાજપુત્ર હતો. પિતાએ દીક્ષા લીધા બાદ વસુ રાજા થયો. વસુ રાજા સ્ફટિકની શિલામાંથી વેદિકા બનાવી તેની ઉપર સિંહાસન રાખીને બેસતો. તેથી લોકોમાં તેમની ખ્યાતિ ફેલાઈ કે સત્યવાદીપણાથી રાજાનું સિંહાસન આકાશમાં અદ્ધર રહે છે.

ઉપાધ્યાયે પણ દીક્ષા લીધી. એકવાર પર્વતે 'अजैर्यष्टव्यम्' એવા શાસ્ત્રવચનનો અર્થ 'બકરાથી યજ્ઞ કરવો જોઈએ.' એમ કર્યો. ત્યારે નારદે કહ્યું કે, 'ગુરુજીએ अज નો અર્થ ડાંગર કર્યો હતો. તેથી 'ડાંગરથી યજ્ઞ કરવો જોઈએ.' એવો અર્થ થાય.' બન્ને વચ્ચે ઝઘડો થયો. સમાધાન કરવા તેમણે નક્કી કર્યું કે વસુરાજાને પૂછવું. જે ખોટો હોય તેણે જીભ છેદવી. પર્વતની માતા સત્ય જાણતી હતી. તેથી પુત્ર મરશે એમ જાણી તેણીએ વસુરાજા પાસે જઈ પુત્રની ભીખ માંગતા કહ્યું, 'તે બન્ને પૂછવા આવે ત્યારે अज નો અર્થ બકરો કરજો.' તે બન્ને આવ્યા. અર્થ પૂછ્યો. વસુરાજા ખોટું બોલ્યો. દેવીએ લોહી વમતો કરી સિંહાસન પરથી પાડ્યો.

આમ શાસ્ત્રવચનનો વિપરીત અર્થ ન કરવો.

(૮) **તદુભય** :- સૂત્ર અને અર્થ તે તદુભય. તે ઉપયોગપૂર્વક બરાબર બોલવા. કુણાલનું દૃષ્ટાંત.

કુણાલના દૃષ્ટાંતમાં જેમ વાક્ય અને અર્થ બદલાઈ જતાં અનર્થ થયો તેમ શાસ્ત્રના સૂત્ર અને અર્થ બદલાઈ જતાં અનર્થ થાય. માટે સૂત્ર અને અર્થ બન્ને બદલાય નહીં તેની કાળજી રાખવી.

## ૮ પ્રકારના દર્શનાચાર

(૧) **નિઃશંકિત** :- જિનવચનમાં શંકા ન કરવી. બે બાળકોનું દૃષ્ટાંત.

**બે બાળકોનું દૃષ્ટાંત** :- એક ભાઈની પત્ની મરી ગઈ. એટલે એણે બીજા લગ્ન કર્યા. જૂની પત્નીથી તેને એક બાળક હતો. નવી પત્નીથી પણ તેને એક બાળક હતો. નવી પત્ની બન્ને બાળકોને સમાન રીતે પાળતી-પોષતી હતી. પણ જૂની પત્નીના દીકરાને સાવકી માતા પ્રત્યે મનમાં શંકા હતી. એક વાર માતાએ બન્ને પુત્રોને અડદની રાબ પાઈ. તેનો દીકરો તો કોઈ શંકા વિના રાબ પી ગયો. જૂની પત્નીનો દીકરો વિચારે છે કે, 'આ રાબમાં મરેલી માખીઓ નાંખી છે.' આવી શંકા સાથે તે રાબ પીએ છે. પછી તે વમન કરે છે. તે વલ્ગુલી રોગથી મરે છે.

માતા સારી અને સાચી હતી. છતાં જૂની પત્નીના દીકરાએ શંકા કરી તો મરી ગયો. તેમ જિનવચનમાં શંકા કરવાથી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થવાથી આધ્યાત્મિક મરણ થાય છે. માટે શંકા ન કરવી.

(૨) **નિષ્કાંક્ષિત** :- અન્ય અન્ય દર્શનની કાંક્ષા ન કરવી. સેવકનું દૃષ્ટાંત.

**સેવક (ઈન્દ્રદત્ત) નું દૃષ્ટાંત** :- જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં માલવનગર નામે નગર હતું. ત્યાં પૃથ્વીપાલ નામે રાજા હતો. તેની રતિસુંદરી નામે પટરાણી હતી. તે જ નગરમાં ઈન્દ્રદત્ત નામે કુલપુત્ર હતો. તેની ગુણવતી નામે પત્ની હતી. એકવાર રાજાએ ઈન્દ્રદત્તને ચોમાસામાં રાજ્યના કાર્ય માટે ઉજ્જયિની મોકલ્યો. તેની પત્નીએ ઘરમાં દેવાલય કરી તેમાં યક્ષની પ્રતિમા સ્થાપી. તે દરરોજ તે યક્ષની પૂજા કરીને વિનંતિ કરતી હતી, 'હે યક્ષરાજ ! આપ મારા પતિનું રક્ષણ કરજો.' યક્ષ પણ ઈન્દ્રદત્તનું રક્ષણ કરતો હતો. કાર્ય પૂર્ણ થતાં ઈન્દ્રદત્ત

ઉજ્જયિનીથી ઘર તરફ આવતો હતો. વચ્ચે નદીને પાર કરવા તે તેમાં ઉતર્યો. પૂરના કારણે તે નદીમાં તણાવા લાગ્યો. યક્ષે તેને સામા કિનારે પહોંચાડ્યો. તે ઘરે આવ્યો. પત્નીએ કહ્યું, 'તમારા ગયા પછી હું યક્ષની પૂજા કરીને વિનંતી કરતી હતી. તેથી તે તમારું રક્ષણ કરતા હતા.' ઈન્દ્રદત્તે કહ્યું, 'જો એક યક્ષનો આટલો પ્રભાવ હોય તો હવેથી બધા દેવોની પ્રતિમા દેવાલયમાં સ્થાપી તેમની આરાધના કર.' પત્નીએ એ પ્રમાણે કર્યું.

એકવાર ફરી ચોમાસામાં રાજ્યના કાર્ય માટે તેને બહાર જવાનું થયું. તેણે પત્નીને કહ્યું, 'બધા દેવોની વિશેષ પૂજા કરજે.' પત્નીએ તે પ્રમાણે કર્યું. ઈન્દ્રદત્ત પાછો આવતો હતો ત્યારે નદીના પૂરમાં છ યોજન સુધી તણાયો. આયુષ્ય બાકી હોવાથી તે બચી ગયો. ઘરે આવી તેણે પત્નીને ધમકાવી, 'તેં કેમ દેવોની પૂજા ન કરી ?' પત્નીએ કહ્યું, 'મેં દેવોની પૂજા કરી હતી. તમે જાતે જોઈ લો.' તેણે દેવોની પૂજા કરાયેલી જોઈ. એટલે તે કુહાડી લઈ તે પ્રતિમાઓને તોડવાની તૈયારી કરવા લાગ્યો. પૂર્વેના યક્ષે તેનો હાથ પકડીને કહ્યું, 'પહેલા જ્યારે મારા એકલાની પૂજા થતી હતી ત્યારે હું મારા અપયશથી ડરીને તને સહાય કરતો હતો. હવે તો તું બધા દેવોને પૂજે છે. તેથી બીજા દેવો તને સહાય કરશે એમ વિચારી મેં તારી ઉપેક્ષા કરી. બીજા દેવોએ પણ એમ જ વિચારી તારી ઉપેક્ષા કરી. માટે કોઈએ તને સહાય ન કરી.' ઈન્દ્રદત્ત સમજી ગયો. તેણે તે એક યક્ષ સિવાય બીજા બધા દેવોની પ્રતિમાઓ પાછી મૂકી.

આમ કાંક્ષા કરવાથી જીવ બધી બાજુથી અસહાય બને છે. માટે સમ્યગ્દષ્ટિએ તેને વર્જવી.

(૩) **નિર્વિચિકિત્સા** :- ધર્મના ફળમાં શંકા ન કરવી. સાધુ-સાધ્વીની જુગુપ્સા ન કરવી. પૃથ્વીસાર-કીર્તિદેવનું દૃષ્ટાંત, દુર્ગંધિકાનું દૃષ્ટાંત.

**પૃથ્વીસાર-કીર્તિદેવનું દૃષ્ટાંત** :- શ્રીપુરમાં શત્રુંજય રાજા હતો. તેની જયશ્રી રાણી હતી. તેમના બે પુત્રો હતા- પૃથ્વીસાર અને કીર્તિદેવ.

પિતા બન્ને પુત્રોને ધર્મ કરવાની ઘણી પ્રેરણા કરતાં હતા. પણ બન્ને માનતાં ન હતા. એકવાર કીર્તિદેવનું શરીર પૂર્વકર્મના દોષથી એકદમ કૃશ અને શક્તિહીન થઈ ગયું. એટલામાં સંયમસિંહસૂરિ નામના કેવળી ત્યાં આવ્યા. રાજાએ વંદન કરીને તેમને પૂછ્યું, 'મારા બન્ને પુત્રોને આટલી પ્રેરણા કરું છું છતાં તેઓ ધર્મ કેમ નથી કરતાં ? કીર્તિદેવનું શરીર આટલું કૃશ કેમ થઈ ગયું ?' કેવળીએ કહ્યું, 'તમારા બન્ને પુત્રોને અહીં લાવો, પછી હું એમનો પૂર્વભવ કહીશ.'

બીજે દિવસે પુત્રો સહિત રાજા કેવળી પાસે આવ્યો. કેવળીએ બન્ને પુત્રોનો પૂર્વભવ કહ્યો, 'તિલકપુરમાં સુરપ્રભ રાજા અને ચન્દ્રશ્રી રાણી હતા. તે નગરમાં નાગશ્રેષ્ઠી અને તેની નાગશ્રી પત્ની પણ રહેતાં હતા. તેમના બે દીકરા હતા - વીરચંદ અને સૂરચંદ. એકવાર મુનિચંદ્રસૂરિ પાસેથી બન્નેએ શ્રાવકધર્મ સ્વીકાર્યો. અશુભકર્મોદયના કારણે વીરચંદને વિચિકિત્સા થઈ, 'હું જિનપૂજા વગેરેમાં ઘણું ધન ખર્ચું છું. ભગવાનની આજ્ઞામુજબ વર્તનારાને સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ થાય છે એ નિશ્ચિત છે. છતાં આ બધાનું મને ફળ મળશે કે નહીં ?' આમ વિચિકિત્સા કરતાં કરતાં તેણે કાળ પસાર કર્યો.

સૂરચંદને ત્યાં પણ એકવાર બે સાધુ ભગવંતો આવ્યા. તેમને જોઈ સૂરચંદને જુગુપ્સા થઈ, 'જેમ બીજાને પીડા ન કરવી જોઈએ તેમ પોતાને પણ પીડા ન કરવી જોઈએ. દાન-દયા વગેરે સુખેથી થઈ શકે તેવા બીજા ધર્મો છે. તેનાથી મોક્ષ થઈ જશે. બીજા દર્શનોએ પણ મોક્ષનો સહેલો માર્ગ જ બતાવ્યો છે. માટે જો ભગવાને પણ સહેલો ધર્મ બતાવ્યો હોત તો સારું થાત.' આ વિદ્વજ્જુગુપ્સા કરીને તેણે પણ કાળ પસાર કર્યો.

આ બન્ને દોષો વડે સમ્યક્ત્વને દૂષિત કરી બોધિદુર્લભતાવાળું કર્મ બાંધી મરીને તે બન્ને વ્યંતરદેવો થયા. ત્યાંથી ચ્યવી અહીં તે પૃથ્વીસાર અને કીર્તિદેવ થયા છે.' જ્યાં આટલું કહ્યું ત્યાં તે બન્નેને

જાતિસ્મરણજ્ઞાન થયું. કેવળી ભગવંતને હાથ જોડી તેમણે વિનંતિ કરી, 'અમારે યોગ્ય ધર્મ બતાવો.' કેવળીએ તેમને શ્રાવકધર્મ બતાવ્યો. તેમણે ભાવપૂર્વક તેને સ્વીકાર્યો. અંતે તે બન્ને દીક્ષા લઈ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. ત્યાંથી રાજપુરમાં રાજપુત્ર થઈ તેઓ સિદ્ધ થયા.

આમ વિચિકિત્સા કે વિદ્વજ્જુગુપ્સાથી બોધિ દુર્લભ બને છે. માટે તેને વર્જવી.

**દુર્ગંધિકાનું દૃષ્ટાંત** :- શાલિ ગામમાં ધનમિત્ર શેઠની ધનશ્રી નામે પુત્રી રહેતી હતી. એકવાર ઉનાળામાં શેઠે તેના વિવાહનો મહોત્સવ કર્યો. ત્યારે કોઈ મુનિ શેઠના ઘરે વહોરવા આવ્યા. શેઠે વહોરાવવા માટે પુત્રીને આજ્ઞા કરી. તેણી મુનિને વહોરાવવા ગઈ. મુનિના વસ્ત્રોમાંથી અને શરીરમાંથી પસીનાં તથા મેલ વગેરેની દુર્ગંધ આવવાથી તેણીએ મુખ મરડ્યું અને વિચાર્યું, 'અહો ! નિર્દોષ જૈનમાર્ગમાં રહેલા આ સાધુઓ જો કદાચ અચિત્ત જળથી પણ સ્નાન કરતાં હોય તો તેમાં શું દોષ છે ?' આમ તેણીએ જુગુપ્સા કરી. આલોચના કર્યા વિના તે મરી અને રાજગૃહીમાં ગણિકાના ઉદરમાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. તેણીના દુષ્કર્મને લીધે ગર્ભમાં પણ તે માતાને અત્યંત ઉદ્વેગ પેદા કરે છે. માતાએ ગર્ભપાત માટે ઘણા ઔષધો કર્યા. પણ તે ન મરી. તેણીનો જન્મ થયો. જન્મથી જ તેના શરીરમાંથી દુર્ગંધ વછૂટતી હોવાથી માતાએ વિષ્ટાની જેમ તેણીને ત્યજી દીધી. લોકોએ તેણીનું દુર્ગંધિકા નામ પાડ્યું. પૂર્વભવમાં બાંધેલ અશુભ કર્મ ભોગવાઈ ગયા પછી દુર્ગંધિકા શ્રેણિક રાજાની રાણી બની અને અંતે તેણીએ વીરપ્રભુ પાસે દીક્ષા લીધી.

આમ સાધુ-સાધ્વીની જુગુપ્સા ન કરવી.

(૪) **અમૂઢદૃષ્ટિ** :- પરવાદીઓના આડંબરોથી મૂઢદૃષ્ટિવાળો ન થાય. સુલસાનું દૃષ્ટાંત.

**સુલસાનું દૃષ્ટાંત** :- રાજગૃહીનગરીમાં સુલસા શ્રાવિકા રહેતી હતી.

એકવાર વીરપ્રભુ ચંપાપુરીમાં સમોસર્યા. અંબડ પરિવ્રાજક ભગવાનને વંદન કરીને રાજગૃહી તરફ પ્રયાણ કરતો હતો. પ્રભુએ તેને કહ્યું, 'મારા વતી સુલસા શ્રાવિકાને સુખશાતા પૂછજે.' અંબડ વૈક્રિયલબ્ધિથી રાજગૃહીમાં આવ્યો. તેણે વિચાર્યું, 'ભગવાને ભરસભામાં સુલસાને સુખશાતા પૂછાવી, બીજા કોઈને નહીં. રાજગૃહીમાં તો બીજા પણ ઘણા મહાનુભાવો વસે છે. પ્રભુએ આવો પક્ષપાત કેમ કર્યો ? નક્કી બીજા કરતા સુલસામાં કોઈક ગુણ અધિક હોવો જોઈએ. માટે એની પરીક્ષા કરું.' આમ વિચારી રૂપ-પરાવર્તન કરીને તેણે સુલસા પાસે ભિક્ષા માંગી. સુલસાએ ભિક્ષા ન આપી. એટલે પૂર્વદ્વારે તેણે બ્રહ્માનું રૂપ વિકુર્વ્યું. સુલસા ન ગઈ. બીજા દિવસે અંબડે દક્ષિણદ્વારે વિષ્ણુનું રૂપ વિકુર્વ્યું. છતાં સુલસા ન ગઈ. ત્રીજા દિવસે અંબડે પશ્ચિમ દિશામાં શંકરનું રૂપ વિકુર્વ્યું. છતાં સુલસા ન ગઈ. ચોથા દિવસે અંબડે ઉત્તરદિશામાં તીર્થંકરનું રૂપ વિકુર્વ્યું. સુલસા ન ગઈ. સખીઓએ કહ્યું, 'તારા ભગવાન આવ્યા છતાં કેમ નથી આવતી ?' સુલસાએ કહ્યું, 'વીરપ્રભુ ચોવીશમાં તીર્થંકર છે. પચીશમાં તીર્થંકર ક્યારેય થતાં નથી. આ તો કોઈ ધૂતારો રૂપ વિકુર્વીને લોકોને ઠગે છે.'

આ જોઈ અંબડે વિચાર્યું, 'સુલસાનું સમ્યક્ત્વ દૃઢ છે.' બધી માયા સંકેલી અંબડ સુલસાના ઘરે ગયો. તેણે તેણીને કહ્યું - 'પ્રભુએ તમને સુખશાતા પૂછાવી છે.' સુલસા પણ એ સાંભળી હરખઘેલી થઈ ગઈ.

આમ બીજા દર્શનોમાં મૂઢવિશ્વાસવાળા ન થવું.

(૫) **ઉપબૃંહણા** :- તપ, શ્રુત વગેરે ગુણોની અનુમોદના કરવી. કૃષ્ણનું દૃષ્ટાંત.

**કૃષ્ણનું દૃષ્ટાંત** :- ઈન્દ્રે સ્વર્ગમાં પોતાની સભામાં, કૃષ્ણના ગુણાનુરાગ ગુણની પ્રશંસા કરી. એક દેવતા પરીક્ષા કરવા નીચે આવ્યો. તે વખતે કૃષ્ણ મહારાજાની સવારી નીકળેલી. તેના રસ્તા પર એણે

બાજુમાં એક દુર્ગંધમય સડેલું કૂતરીનું મડદું મૂકી દીધું. સવારી નજીક આવી એટલે સિપાઈઓએ મોઢે-નાકે કપડાનો ડૂચો ધરીને ઘોડા દોડાવી મૂક્યા. પણ કૃષ્ણ મહારાજે ઘોડો જેમ ચાલતો હતો તેમ જ ચાલવા દીધો. મડદા તરફ આંગળી ચીંધીને તેણે કહ્યું, 'જુઓ જુઓ, આ મડદામાં પેલી દાંતની પંક્તિ કેવી મોતીના દાણા જેવી ચમકી રહી છે !'

આમ બીજાના ગુણોની અનુમોદના કરવી.

(૬) **સ્થિરીકરણ** :- સીદાતાંને ધર્મમાં સ્થિર કરવા. આષાઢાચાર્યનું દૃષ્ટાંત.

**આષાઢાચાર્યનું દૃષ્ટાંત** :- નિર્ગ્રન્થગચ્છમાં આષાઢાચાર્ય થયા. તેઓ કાળધર્મ પામતાં પોતાના શિષ્યને નિર્યામણા કરાવી હિતશિક્ષા આપતાં, 'તારે દેવલોકમાં જઈને મને દર્શન આપવું.' આમ તેમણે ઘણા શિષ્યોને કહ્યું. છતાં કોઈ પણ દેવલોકમાંથી ન આવ્યું. એકવાર અત્યંત વ્હાલા પોતાના શિષ્યને નિર્યામણા કરાવીને તેમણે કહ્યું, 'હે વત્સ ! તારે અવશ્ય મને દર્શન આપવું.' આમ તેમણે ખૂબ પ્રાર્થના કરી. શિષ્યે સ્વીકાર્યું. દેવ થઈને ત્યાંના કાર્યમાં મોડું થતાં તે શિષ્ય જલ્દી ન આવ્યો. એટલે ગુરુએ વિચાર્યું, 'મેં અનેક શિષ્યોને નિર્યામણા કરાવી, તેમણે મારી વાત માની પણ ખરી. પણ તેમનામાંથી એક પણ મને દર્શન આપવા ન આવ્યો. માટે સ્વર્ગ અને નરક કંઈ નથી. આજસુધી મેં ફોગટ ક્રિયાનું કષ્ટ કર્યું.' આમ વિચારી તે મિથ્યાત્વ પામ્યા. તેઓ ગચ્છને છોડીને નીકળી ગયા.

દેવે અવધિજ્ઞાનથી પોતાના ગુરુનું સ્વરૂપ જાણ્યું. તેણે ગુરુના જવાના રસ્તામાં એક ગામ પાસે દિવ્ય નાટક બતાવ્યું. સૂરિજીને તે નાટક જોતાં છ મહિના વીતી ગયા. દેવતાઈ પ્રભાવથી તેમને ભૂખ-તરસ ન લાગ્યા. દેવે તે નાટકનો સંહાર કર્યો. તેઓ આગળ ચાલ્યા. તેમણે વિચાર્યું, 'અહો ! આજે સુખેથી એક નાટક જોયું.' દેવે 'તેમનામાં વ્રત છે કે નહીં ?' એની પરીક્ષા કરી. પછી દેવે પ્રગટ થઈને કહ્યું,

'હું તમારો ગયા ભવનો શિષ્ય છું. તમારી વાણીથી બંધાયેલો હું અહીં આવ્યો છું. દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ દેવકાર્યમાં વ્યસ્ત હોવાથી સમય પસાર થઈ ગયો. તેથી હું તરત ન આવ્યો. આગમોમાં દેવતાને મનુષ્યલોકમાં ન આવવાના કારણો કહ્યા છે તે આપ જાણો છો. દિવ્ય નાટકમાં એકતાન એવા આપે પણ છ મહિના અંતર્મુહૂર્તની જેમ પસાર કર્યા. માટે સ્વર્ગ અને નરક બધું છે.' આમ તે દેવે ગુરુને પાછા સ્થિર કર્યા.

આમ ધર્મમાં સીદાતાંને સ્થિર કરવા.

(૭) **સાધર્મિકવાત્સલ્ય** :- સાધર્મિકોનું વાત્સલ્ય કરવું. વજ્રસ્વામીનું દૃષ્ટાંત.

**વજ્રસ્વામીનું દૃષ્ટાંત** :- એકવાર બાર વરસનો દુકાળ પડ્યો. સંઘ વ્યાકુળ થયો. વજ્રસ્વામી સંઘને કપડા પર બેસાડી સુકાળવાળી નગરીમાં લઈ ગયા. ત્યાં એકવાર પર્યુષણપર્વ આવ્યા. બૌદ્ધ રાજાએ જિનમંદિરોમાં ફુલો આપવાનો નિષેધ કર્યો. શ્રાવકોએ વજ્રસ્વામીને વિનંતિ કરી. વજ્રસ્વામી આકાશગામિની વિદ્યાથી માહેશ્વરીપૂરીમાં પોતાના સંસારી પિતાના મિત્ર માળી પાસે ગયા અને વાત કરી. ત્યારે માળીએ એકવીસ કરોડ ફુલો આપ્યા. પછી તેઓ લઘુહિમવંતપર્વત પર ગયા. ત્યાં શ્રીદેવીએ મોટું કમળ આપ્યું. પછી હુતાશનયક્ષના વનમાંથી ફુલો લઈને જૃંભકદેવે કરેલા વિમાનમાં બેસીને પાછા આવ્યા અને મહોત્સવ કર્યો. જૈનધર્મની પ્રભાવના કરતાં તેમણે બૌદ્ધરાજાને શ્રાવક બનાવ્યો.

આમ વજ્રસ્વામીની જેમ સાધર્મિકોનું વાત્સલ્ય કરવું.

(૮) **શાસનપ્રભાવના** :- જિનશાસનની પ્રભાવના કરવી. આર્યરક્ષિતસૂરિ વગેરે આઠ પ્રભાવકોના દૃષ્ટાંતો.

**આર્યરક્ષિતસૂરિનું દૃષ્ટાંત** :- દશપુરમાં સોમદેવ બ્રાહ્મણ હતો. તેની રુદ્રસોમા નામે પત્ની હતી. તે શ્રાવિકા હતી. તેનો મોટો પુત્ર આર્યરક્ષિત અંગ-ઉપાંગ સહિત વેદ ભણીને પાછો આવ્યો ત્યારે રાજાએ તેનું સન્માન કર્યું. તેની મા ન આવી. ઘરે આવી તેણે માને કારણ પૂછ્યું.

મા કહે, 'તું દૃષ્ટિવાદ ભણે તો મને આનંદ થાય.' તે ભણવા તેણે તોસલિપુત્ર ગુરુ પાસે દીક્ષા લીધી. તે સાડા નવ પૂર્વ ભણ્યા. તેમણે પોતાના કુટુંબને પ્રતિબોધ કર્યો, રાજાને સમ્યક્ત્વ પમાડ્યું.

એકવાર સૌધર્મેન્દ્રે મહાવિદેહક્ષેત્રમાં શ્રીસીમન્ધરસ્વામી પાસે સૂક્ષ્મનિગોદનું સ્વરૂપ સાંભળ્યું. પછી પૂછ્યું, 'ભરતક્ષેત્રમાં પણ નિગોદનું આવું સ્વરૂપ કહેનાર કોઈ છે ?' પ્રભુએ કહ્યું, 'આર્યરક્ષિતસૂરિ છે.' ઈન્દ્રે આવી આર્યરક્ષિતસૂરિજીને વંદન કરીને તેમની પાસેથી નિગોદનું સ્વરૂપ સાંભળ્યું. તે ખુશ થઈને સ્વર્ગે ગયો. પછી આર્યરક્ષિતસૂરિજીએ ચાર અનુયોગ જુદા કર્યા. તેઓ અનશન કરી દેવલોક પામ્યા.

આમ આર્યરક્ષિતસૂરિજીની જેમ જિનશાસનની પ્રભાવના કરવી.

## ૮ પ્રકારના ચારિત્રાચાર

પ્રણિધાનપૂર્વક ૫ સમિતિ અને ૩ ગુપ્તિનું પાલન કરવું. પાંચ સમિતિનું સ્વરૂપ પાના નં. ૧૨-૧૩ ઉપર બતાવ્યું છે. ત્રણ ગુપ્તિનું સ્વરૂપ આ પ્રમાણે છે -

(૧) **મનગુપ્તિ** :- મનને અશુભ વિચારોથી રોકવું અને શુભ વિચારોમાં પ્રવર્તાવવું તે.

(૨) **વચનગુપ્તિ** :- સાવદ્ય વચનોનો ત્યાગ કરી મુહપત્તિના ઉપયોગપૂર્વક નિરવદ્ય વચન બોલવા તે.

(૩) **કાયગુપ્તિ** :- કાયાને સાવદ્ય પ્રવૃત્તિથી અટકાવવી અને નિરવદ્ય પ્રવૃત્તિમાં પ્રવર્તાવવી તે.

## ૮ પ્રકારના આચારવાન વગેરે ગુણો

(૧) **આચારવાન** :- પાંચ પ્રકારના આચારને જાણે અને આચરે તે.

(૨) **અવધારવાન** :- આલોચના કરનારની આલોચનાનું અવધારણ કરે તે.

(૩) **વ્યવહારવાન** :- આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એ પાંચ વ્યવહારોને જાણે તે.

(૪) **અપવ્રીડક :-** લજ્જાથી જે પોતાના દોષો છુપાવતો હોય તેની લજ્જા દૂર કરાવી બધી આલોચના કરાવે તે.

(૫) **પ્રકુર્વી :-** આલોચકે આલોચના કર્યા પછી જે તેની શુદ્ધિ કરાવે તે.

(૬) **અપરિસ્રાવી :-** આલોચના કરનારના દોષો બીજાને ન કહે તે.

(૭) **નિર્યામક :-** પ્રાયશ્ચિત્તથી પાર ઉતારે તે, એટલે કે આલોચકમાં જેવું સામર્થ્ય હોય તેને અનુસારે પ્રાયશ્ચિત્ત આપે તે.

(૮) **અપાયદર્શી :-** આલોચના નહીં કરવાથી આલોક-પરલોકમાં થતાં અપાયો બતાવી આલોચના કરાવે તે.

## ❧ ૪ પ્રકારની બુદ્ધિ ❧

(૧) **ઔત્પાતિકી બુદ્ધિ :-** જેનાથી પૂર્વે નહીં જાણેલી, નહીં જોયેલી વસ્તુને વિશુદ્ધ રીતે સમજી શકે તે ઔત્પાતિકી બુદ્ધિ. દા.ત. રોહક વગેરેની બુદ્ધિ.

(૨) **વૈનયિકી બુદ્ધિ :-** ગુરુ વગેરેનો વિનય કરતાં કરતાં ઉત્પન્ન થતી બુદ્ધિ તે વૈનયિકી બુદ્ધિ. દા.ત. નિમિત્તિયા વગેરેની બુદ્ધિ.

(૩) **કાર્મિકી બુદ્ધિ :-** કાર્ય કરતાં કરતાં ઉત્પન્ન થતી બુદ્ધિ તે કાર્મિકી બુદ્ધિ. દા.ત. સોની વગેરેની બુદ્ધિ.

(૪) **પારિણામિકી બુદ્ધિ :-** વયના પરિપાકથી થતી બુદ્ધિ તે પારિણામિકી બુદ્ધિ. દા.ત. અભયકુમારની બુદ્ધિ.

* * * * *

- ❑ ખિન્નતાથી બુદ્ધિ, મગજ અને શરીરના તમામ અવયવો શિથિલ અને બેચેન બની જાય છે, માટે હંમેશા ખુશમિજાજમાં-પ્રસન્નતાના વાતાવરણમાં રહેવું.
- ❑ તિરસ્કાર કરવો એ તીર મારવા બરાબર છે.

## (૭) સાતમી છત્રીશી

૮ પ્રકારના કર્મોને જાણે
૮ પ્રકારના યોગના અંગોને જાણે
૮ પ્રકારની મહાસિદ્ધિઓને જાણે
૮ પ્રકારની યોગદષ્ટિઓને જાણે
૪ પ્રકારના અનુયોગમાં હોંશિયાર હોય

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૮ પ્રકારના કર્મો

| કર્મ | વ્યાખ્યા | ભેદ | દૃષ્ટાંત |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | વસ્તુના વિશેષ બોધરૂપ જ્ઞાનને ઢાંકે તે | ૫ | આંખે પાટા બાંધવા જેવું |
| દર્શનાવરણીય | વસ્તુના સામાન્ય બોધરૂપ દર્શનને ઢાંકે તે | ૯ | દ્વારપાળ જેવું |
| વેદનીય | જીવને સુખ-દુઃખનો અનુભવ કરાવે તે | ૨ | મધથી લેપાયેલી તલવાર જેવું |
| મોહનીય | જીવને સાચા-ખોટાના વિવેક વિનાનો કરે તે. | ૨૮ | દારૂપાન જેવું |
| આયુષ્ય | જીવને ભવમાં જકડી રાખે તે. | ૪ | બેડી જેવું |
| નામ | જીવને ગતિ, જાતિ વગેરે પર્યાયોનો અનુભવ કરાવે તે. | ૧૪/૪૨/૯૩/૧૦૩ | ચિત્રકાર જેવું |
| ગોત્ર | જીવને ઊંચા-નીચા કુળમાં જન્મ અપાવે તે. | ૨ | કુંભાર જેવું |
| અંતરાય | જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ વગેરેથી અટકાવે તે. | ૫ | ખજાનચી જેવું |
| કુલ | | ૬૯/૯૭/૧૪૮/૧૫૮ | |

૮ પ્રકારના કર્મોનો વિશેષ વિસ્તાર કર્મગ્રંથ-કર્મપ્રકૃતિ વગેરેમાંથી જાણવો.

### ૮ પ્રકારના યોગના અંગો

(૧) **યમ :-** અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ - એ યમ છે.

(૨) **નિયમ** :- શૌચ, સંતોષ, સ્વાધ્યાય, તપ, દેવનું પ્રણિધાન - એ નિયમો છે.

(૩) **આસન** :- પદ્માસન વગેરે.

(૪) **પ્રાણાયામ** - ઉચ્છ્વાસ - નિઃશ્વાસનો નિરોધ કરવો તે પ્રાણાયામ.

(૫) **પ્રત્યાહાર** - ઈન્દ્રિયોને વિષયોથી પાછી ફેરવવી તે પ્રત્યાહાર.

(૬) **ધારણા** - કોઈક ધ્યેયમાં ચિત્તને સ્થિર બાંધવું તે ધારણા.

(૭) **ધ્યાન** - ધ્યેયમાં એકમેકતા તે ધ્યાન.

(૮) **સમાધિ** - ધ્યેયની સાથે સમાપત્તિ તે સમાધિ.

## ૮ પ્રકારની મહાસિદ્ધિઓ

(૧) **લઘિમા** - જેનાથી આંકડાના રૂ કરતા પણ હલકા થવાય તે લઘિમા.

(૨) **વશિતા** - જેનાથી ક્રૂર જંતુઓ પણ વશમાં થાય તે વશિતા.

(૩) **ઈશિતા** - જેનાથી ઈન્દ્ર કરતા પણ વધુ ઋદ્ધિ થાય તે ઈશિતા.

(૪) **પ્રાકામ્ય** - જેનાથી પાણીમાં ભૂમિની જેમ અને ભૂમિ ઉપર પાણીની જેમ ચલાય તે પ્રાકામ્ય.

(૫) **મહિમા** - જેનાથી મેરુપર્વત કરતા પણ મોટું શરીર બનાવી શકાય તે મહિમા.

(૬) **અણિમા** - જેનાથી સોયના છિદ્રમાંથી પસાર થઈ શકે એવું નાનું શરીર બનાવી શકાય તે અણિમા.

(૭) **યત્રકામાવસાયિત્વ** - જેનાથી ઈચ્છા મુજબ ગમન કરી શકાય તે યત્રકામાવસાયિત્વ.

(૮) **પ્રાપ્તિ** - જેનાથી ભૂમિ ઉપર રહેલ વ્યક્તિ સૂર્ય વગેરેને સ્પર્શી શકે તે પ્રાપ્તિ.

## ૮ પ્રકારની યોગદષ્ટિઓ

**(૧) મિત્રાદષ્ટિ** :- મિત્રાદષ્ટિવાળાનો બોધ ઘાસના અગ્નિ જેવો હોય છે. ઘાસનો અગ્નિ મંદ પ્રકાશ આપે છે અને થોડીવારમાં બુઝાઈ જાય છે. આ દષ્ટિમાં પાંચ યમ સ્વરૂપ વ્રતની પ્રાપ્તિ થાય છે, શુભકાર્યમાં ખેદ થતો નથી, બીજા અશુભ પ્રત્યે દ્વેષ પેદા થતો નથી, યોગના બીજની પ્રાપ્તિ થાય છે. દ્રવ્યથી નિયમ પાળવા, સાધુભગવંતને ઔષધ વગેરેનું દાન કરવું,

આગમમાં આદર રાખવો, આગમનું લેખન વગેરે કાર્ય કરવું - આ યોગના બીજો મિત્રાદષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

**(૨) તારાદષ્ટિ** :- તારાદષ્ટિવાળાનો બોધ છાણના અગ્નિ જેવો હોય છે. છાણનો અગ્નિ થોડો સ્થિર હોય છે અને ક્રમશઃ વધે છે. આ દષ્ટિમાં શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય-ઈશ્વરપ્રણિધાનરૂપ પાંચ નિયમો પ્રાપ્ત થાય છે, હિતકારી ક્રિયામાં ઉદ્વેગ થતો નથી, તત્ત્વની જિજ્ઞાસા હોય છે, યોગની કથામાં ઘણી પ્રીતિ હોય છે, શુદ્ધ યોગવાળા યોગીઓ ઉપર બહુમાન હોય છે, શક્તિ અનુસારે યોગી મહાત્માઓની આહાર વગેરે વડે ભક્તિ કરાય છે, તેનાથી યોગવૃદ્ધિના ફળને પામે છે.

**(૩) બલાદષ્ટિ** :- બલાદષ્ટિવાળાનો બોધ કાષ્ઠના અગ્નિ જેવો હોય છે. કાષ્ઠનો અગ્નિ એકદમ બુઝાઈ જતો નથી પણ અમુક વખત સુધી રહે છે. આ દષ્ટિમાં આસન નામના ત્રીજા યોગાંગની પ્રાપ્તિ થાય છે, તત્ત્વ સાંભળવાની ઈચ્છા ઉત્કૃષ્ટ હોય છે, ધર્મઅનુષ્ઠાનોમાં ક્ષેપ (વિલંબ) થતો નથી, પૌદ્ગલિક વસ્તુની આસક્તિ હોતી નથી, તેથી ધર્મકાર્યોમાં શાંતિ અને સ્થિરતાપૂર્વક સ્થિત થવાય છે.

**(૪) દીપ્રાદષ્ટિ** :- દીપ્રાદષ્ટિવાળાનો બોધ દીવાની પ્રભા જેવો ઘણો સમય રહેનારો હોય છે અને અવસરે સ્મૃતિ પણ પ્રાપ્ત થાય છે. આ દષ્ટિમાં યોગના ચોથા અંગ પ્રાણાયામની પ્રાપ્તિ થાય છે, ઉત્થાન દોષ (ચિત્તની અશાંતિ થવાથી એકાકારતાનો અભાવ) હોતો નથી, તત્ત્વશ્રવણ પ્રાપ્ત થાય છે, પ્રાણ કરતા પણ ધર્મને મહાન મનાય છે. પહેલી ચાર દષ્ટિવાળો જીવ મિથ્યાદષ્ટિ ગુણઠાણે હોય છે.

**(૫) સ્થિરાદષ્ટિ** :- સ્થિરાદષ્ટિવાળાનો બોધ રત્નની પ્રભા જેવો સ્થિર હોય છે. આ દષ્ટિમાં યોગના પાંચમા અંગ પ્રત્યાહાર (ઈન્દ્રિયોને વિષયોથી પાછી વાળવી) ની પ્રાપ્તિ થાય છે, ભ્રમ દોષ હોતો નથી, સૂક્ષ્મબોધ પ્રાપ્ત થાય છે, ગ્રન્થિભેદ થવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અહીં ચોથું ગુણઠાણું હોય છે.

**(૬) કાંતાદષ્ટિ** :- કાંતાદષ્ટિવાળાનો બોધ તારાની પ્રભા જેવો હોય છે. તારાની પ્રભા ઘણે દૂર સુધી જાય છે અને તેમાં મલીનતા આવતી નથી. આ દષ્ટિમાં યોગનું છટ્ઠું અંગ ધારણા (કોઈ વસ્તુ ઉપર ચિત્તની

એકાગ્રતા) પ્રાપ્ત થાય છે, અન્યમુદ્ દોષ (પ્રસ્તુત ક્રિયા છોડી બીજી ક્રિયા ઉપર રાગ થવો) હોતો નથી, મીમાંસા ગુણ (તત્ત્વસંબંધી શુભવિચારશ્રેણી)ની પ્રાપ્તિ થાય છે. અહીં પાંચમું-છટ્ઠું ગુણઠાણું હોય છે.

**(૭) પ્રભાદૃષ્ટિ** :- પ્રભાદૃષ્ટિવાળાનો બોધ સૂર્યની પ્રભા જેવો સ્થિર અને એકસરખો હોય છે. આ દૃષ્ટિમાં યોગનું સાતમું અંગ ધ્યાન (ધ્યેયમાં ચિત્તની એકાગ્રતા) પ્રાપ્ત થાય છે, રુગ્ દોષ (સારા અનુષ્ઠાનોનો સર્વથા ઉચ્છેદ કરવો, તે લાભ આપનાર નથી - આવો નિર્ણય કરવો અને બીજાને તેવો ઉપદેશ આપવો) હોતો નથી, તત્ત્વપ્રતિપત્તિ (તત્ત્વની આદરણા) સૂક્ષ્મ રીતે થાય છે. મૂળવિષયમાં ચિત્તની એકાગ્રતા એ ધારણા છે, મૂળવિષયના અવાંતર એક વિષયમાં ચિત્તની એકાગ્રતા એ ધ્યાન છે. અહીં સાતમા ગુણઠાણાથી તેરમા ગુણઠાણા સુધીના ગુણઠાણા હોય છે.

**(૮) પરાદૃષ્ટિ** :- પરાદૃષ્ટિવાળાનો બોધ ચંદ્રની પ્રભા જેવો શાંતિ આપનાર છે. આ દૃષ્ટિમાં યોગનું આઠમું અંગ સમાધિ (ધ્યેયમાં તદાકારરૂપ થવું-પરમાત્મસ્વરૂપ બની જવું) પ્રાપ્ત થાય છે, આસંગ દોષ (સંસાર ઉપર મમત્વ) હોતો નથી, પ્રવૃત્તિ ગુણ (આત્મગુણોમાં સંપૂર્ણ રીતે પ્રવર્તન) પ્રાપ્ત થાય છે. અહીં ચૌદમું ગુણઠાણું હોય છે.

## ૮ યોગદૃષ્ટિઓ

| યોગ-દૃષ્ટિ | કયા યોગાંગની પ્રાપ્તિ ? | કયા દોષનો નાશ ? | કયા ગુણની પ્રાપ્તિ | ગુણઠાણા | બોધ કોના જેવો ? |
|---|---|---|---|---|---|
| મિત્રા | યમ | ખેદ | અદ્વેષ | ૧લું | ઘાસનો અગ્નિ |
| તારા | નિયમ | ઉદ્વેગ | જિજ્ઞાસા | ૧લું | છાણનો અગ્નિ |
| બલા | આસન | ક્ષેપ | શુશ્રૂષા | ૧લું | કાષ્ઠનો અગ્નિ |
| દીપ્રા | પ્રાણાયામ | ઉત્થાન | શ્રવણ | ૧લું | દીવાની પ્રભા |
| સ્થિરા | પ્રત્યાહાર | ભ્રમ | બોધ | ૪થું | રત્નની પ્રભા |
| કાંતા | ધારણા | અન્યમુદ્ | મીમાંસા | ૫મું-૬ટ્ઠું | તારાની પ્રભા |
| પ્રભા | ધ્યાન | રુગ્ | તત્ત્વપ્રતિપત્તિ | ૭મા થી ૧૩મું | સૂર્યની પ્રભા |
| પરા | સમાધિ | આસંગ | પ્રવૃત્તિ | ૧૪મું | ચંદ્રની પ્રભા |

# ૪ પ્રકારના અનુયોગ

સૂત્રના અર્થનું વ્યાખ્યાન તે અનુયોગ. તે ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે -

**(૧) ચરણકરણાનુયોગ** - ચરણ એટલે મહાવ્રત વગેરે ૭૦ પ્રકારના આચરણ, કરણ એટલે આહારશુદ્ધિ વગેરે ૭૦ પ્રકારના કર્તવ્યો. ચરણ અને કરણ સંબંધી અનુયોગ તે ચરણકરણાનુયોગ. તેમાં અગિયાર અંગો વગેરેનો સમાવેશ થાય છે.

**(૨) ધર્મકથાનુયોગ** - ધર્મસંબંધી કથા તે ધર્મકથા. તેના સંબંધી અનુયોગ તે ધર્મકથાનુયોગ. તેમાં ઉત્તરાધ્યયનસૂત્ર, પયન્ના વગેરેનો સમાવેશ થાય છે.

**(૩) ગણિતાનુયોગ** - ગણાય તે ગણિત. તેના સંબંધી અનુયોગ તે ગણિતાનુયોગ. તેમાં સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરેનો સમાવેશ થાય છે.

**(૪) દ્રવ્યાનુયોગ** - તે તે પર્યાયોને પામે તે દ્રવ્ય. તેના સંબંધી અનુયોગ તે દ્રવ્યાનુયોગ. તેમાં દૃષ્ટિવાદ વગેરેનો સમાવેશ થાય છે.

**અથવા,** જેમ મોટા નગરમાં પ્રવેશવા માટેના દરવાજા હોય છે તેમ અનુયોગ માટેના દ્વારો તે અનુયોગદ્વારો. તે ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે -

**(૧) ઉપક્રમ** - દૂર રહેલી વસ્તુને સમજાવવાના તે તે પ્રકારો વડે નજીક લાવીને નિક્ષેપને યોગ્ય કરવી તે ઉપક્રમ.

**(૨) નિક્ષેપ** - વસ્તુની નામ, સ્થાપના વગેરે ભેદો વડે વ્યવસ્થા કરવી તે નિક્ષેપ.

**(૩) અનુગમ** - સૂત્રને અનુકૂળ અર્થ કહેવો, એટલે કે સૂત્રની વ્યાખ્યા કરવી તે અનુગમ.

**(૪) નય** - અનંતધર્મવાળી બધી વસ્તુઓના એક અંશને ગ્રહણ કરનારો બોધ તે નય. વસ્તુને જુદા જુદા નયોથી વિચારવી.

* * * * *

## (૮) આઠમી છત્રીશી

૯ તત્ત્વોને જાણનાર
૯ બ્રહ્મચર્યની વાડોથી ગુપ્ત
૯ પ્રકારના નિયાણા વિનાના
૯ કલ્પી વિહાર કરનાર

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૯ તત્ત્વો

તત્ત્વો ૯ છે. તે આ પ્રમાણે -

(૧) **જીવ** :- જેનામાં ચેતના હોય તે જીવ. તેના ૧૪ ભેદ છે.

(૨) **અજીવ** :- જેનામાં ચેતના ન હોય તે અજીવ. તેના ૧૪ ભેદ છે.

(૩) **પુણ્ય** :- જેનાથી સંસારી જીવને સુખનો અનુભવ થાય તે પુણ્ય. તેના ૪૨ ભેદ છે.

(૪) **પાપ** :- જેનાથી સંસારી જીવને દુઃખનો અનુભવ થાય તે પાપ. તેના ૮૨ ભેદ છે.

(૫) **આસ્રવ** :- જેનાથી આત્મામાં કર્મો આવે તે આસ્રવ. તેના ૪૨ ભેદ છે.

(૬) **સંવર** :- જેનાથી આત્મામાં કર્મો આવતાં અટકે તે સંવર. તેના ૫૭ ભેદ છે.

(૭) **નિર્જરા** :- આત્મા ઉપરથી કર્મોનું છુટું પડવું તે નિર્જરા. તેના ૧૨ ભેદ છે.

(૮) **બંધ** :- આત્મામાં કાર્મણ વર્ગણાના પુદ્ગલોની થયેલી એકમેકતા તે બંધ. તેના ૪ ભેદ છે.

(૯) **મોક્ષ** :- બધા કર્મો દૂર થવાથી શુદ્ધ બનેલો આત્મા તે મોક્ષ. તેના ૯ ભેદ છે.

આ ૯ તત્ત્વોનો વિસ્તાર નવતત્ત્વપ્રકરણમાંથી જાણવો.

## ༄ ૯ બ્રહ્મચર્યની વાડો ༄

(૧) **વસતિ** :- સ્ત્રી, પશુ, નપુંસક રહિત વસતિમાં રહેવું.

(૨) **કથા** :- સ્ત્રીની કથાને અને સ્ત્રી સાથે કથાને વર્જવી.

(૩) **નિષદ્યા** :- સ્ત્રી બેઠી હોય ત્યાં પુરુષે બે ઘડી સુધી ન બેસવું. પુરુષ બેઠો હોય ત્યાં સ્ત્રીએ એક પ્રહર સુધી ન બેસવું. સ્ત્રીનો પરિચય વર્જવો.

(૪) **ઈન્દ્રિય** :- સ્ત્રીના અંગોપાંગ નીરખવા નહીં.

(૫) **કુડ્યંતર** :- જ્યાં દીવાલને આંતરે સ્ત્રી રહેતી હોય ત્યાં ન રહેવું.

(૬) **પૂર્વક્રીડિત** :- પૂર્વે કરેલી કામક્રીડાનું સ્મરણ ન કરવું અને તેનું કુતૂહલ ન કરવું.

(૭) **પ્રણીતાહાર** :- ઘી વગેરેથી લચપચ આહાર વાપરવો નહીં.

(૮) **અતિમાત્રાહાર** :- અતિમાત્રાવાળો આહાર વાપરવો નહીં.

(૯) **વિભૂષા** :- શરીરની વિભૂષા ન કરવી.

## ༄ ૯ પ્રકારના નિયાણા ༄

(૧) **રાજાપણાનું નિયાણું** :- ઘણા સુકૃતોને વેંચીને ચક્રવર્તી વગેરે રાજાઓની પદવીની પ્રાર્થના કરવી તે.

(૨) **ઉગ્રાદિ કુળના પુત્રપણાનું નિયાણું** :- ઘણા સુકૃતોને વેંચીને 'ઉગ્ર વગેરે કુળોમાં હું પુત્ર થાઉં' એવી પ્રાર્થના કરવી તે.

(૩) **સ્ત્રીપણાનું નિયાણું** :- ઘણા સુકૃતોને વેંચીને પુરુષ પરભવમાં સ્ત્રી બનવાની ઈચ્છા કરે તે.

(૪) **પુરુષપણાનું નિયાણું** :- ઘણા સુકૃતોને વેંચીને સ્ત્રી પરભવમાં પુરુષ બનવાની ઈચ્છા કરે તે.

(૫) **પરપ્રવીચારી દેવપણાનું નિયાણું** :- ઘણા સુકૃતોને વેંચીને બીજા દેવ-દેવીની સાથે પ્રવીચાર (મૈથુન) કરનારા દેવ કે દેવી બનવાની પ્રાર્થના કરવી તે.

(૬) **આત્મપ્રવીચારી દેવપણાનું નિયાણું** :- જે દેવો કામમાં અતૃપ્ત હોય છે તેઓ પોતાના જ દેવ-દેવીના ઉભયરૂપો વિકુર્વીને બન્ને વેદોના

પ્રવીચારના સુખને ભોગવે છે. ઘણા સુકૃતો વેંચીને તેવા દેવ બનવાની પ્રાર્થના કરવી તે.

(૭) **અપ્રવીચારી દેવપણાનું નિયાણું :-** ઘણા સુકૃતોને વેંચીને જ્યાં પ્રવીચારણા નથી તેવા નવ ગ્રૈવેયક વગેરેના દેવ બનવાની પ્રાર્થના કરવી તે.

(૮) **શ્રાવકપણાનું નિયાણું :-** બોધિ માટે શ્રાવકકુળમાં જન્મ લેવાની ઈચ્છા કરવી તે. જો કે આ ઈચ્છા સારી છે, છતાં કરેલા સુકૃતો વેંચાઈ જવાને લીધે એ નિયાણું છે.

(૯) **દરિદ્રપુત્રપણાનું નિયાણું :-** ચારિત્ર માટે દરિદ્રના પુત્ર બનવાની ઈચ્છા કરવી તે.

## ૯ કલ્પી વિહાર

શેષકાળમાં ૮ મહિના ૧-૧ સ્થાનમાં ૧-૧ મહિનો રહેવું અને ચોમાસામાં ૧ સ્થાનમાં ૪ મહિના રહેવું તે ૯ કલ્પી વિહાર.

૯ કલ્પી વિહારના ગુણો - (૧) દર્શનશુદ્ધિ (૨) શ્રાવકોને ધર્મમાં સ્થિર કરવા. (૩) શાસ્ત્રોમાં કુશળ થવું. (૪) દેશોનો પરિચય થવો.

નિત્યવાસના દોષો - (૧) પ્રતિબંધ (રાગ) (૨) લઘુતા (૩) લોકો ઉપર ઉપકાર ન થવો. (૪) દેશોનું જ્ઞાન ન થવું. (૫) જ્ઞાનની વૃદ્ધિ ન થવી.

* * * * *

- નિંદા કરનાર પોતાના ઘરનો સાબુ લઈને અન્યના મેલને ધોવે છે.
- એકાદ મહાપુરુષની મુંગી પવિત્રતા-શુદ્ધ ચારિત્ર સમસ્ત લોકો ઉપર જે અસર કરે છે તે વક્તા તથા ઉપદેશકોના જિંદગી સુધીના ભાષણો પણ કરી શકતા નથી.
- મૌનપણું એ શક્તિની ચાવી છે.

## (૯) નવમી છત્રીશી

૧૦ પ્રકારના અસંવરથી રહિત
૧૦ પ્રકારના સંક્લેશથી રહિત
૧૦ પ્રકારના ઉપઘાતથી રહિત
૬ પ્રકારના હાસ્ય વગેરેથી રહિત

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૧૦ પ્રકારના અસંવર

(૧-૫) **૫ ઈન્દ્રિયોનો અસંવર** :- ઈષ્ટ-અનિષ્ટ શબ્દાદિ વિષયોમાં થતાં રાગ-દ્વેષને ન રોકવા તે.

(૬-૮) **૩ યોગોનો અસંવર** :- મન, વચન, કાયાની અકુશલપ્રવૃત્તિને ન રોકવી તે.

(૯) **ઔઘિક ઉપધિનો અસંવર** :- શાસ્ત્રમાં કહેલા સંખ્યાથી અને પ્રમાણથી વિપરીત કે અકલ્પ્ય વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણોને ગ્રહણ કરવા, અથવા જ્યાં ત્યાં વેરવિખેર પડેલા વસ્ત્ર-પાત્રાદિને યથાસ્થાને ન મૂકવા તે.

(૧૦) **ઔપગ્રહિક ઉપધિનો અસંવર** :- સોય, નખરદની (નેલકટર), અસ્ત્રો વગેરે શરીરનો ઉપઘાત કરે તેવી અણીવાળી વસ્તુઓ અને બીજી ઔપગ્રહિક ઉપધિને સુરક્ષિત ન રાખવી તે.

### ૧૦ પ્રકારના સંક્લેશ

(૧) **ઉપધિસંક્લેશ** :- સારી કે ખરાબ ઉપધિમાં રાગ-દ્વેષ થવા તે.
(૨) **ઉપાશ્રયસંક્લેશ** :- સારા કે ખરાબ ઉપાશ્રયને વિષે રાગ-દ્વેષ થવા તે.
(૩) **કષાયસંક્લેશ** :- ક્રોધાદિ કષાયોને વશ થવું તે.
(૪) **આહારસંક્લેશ** :- આહારાદિમાં રાગ-દ્વેષ થવા તે.
(૫) **મનસંક્લેશ** :- મનથી રાગ-દ્વેષ થવા તે.
(૬) **વચનસંક્લેશ** :- વચનથી રાગ-દ્વેષ થવા તે.
(૭) **કાયસંક્લેશ** :- કાયાથી રાગ-દ્વેષ થવા તે.

(૮) **અજ્ઞાનસંક્લેશ** :- જ્ઞાનની અવિશુદ્ધિ

(૯) **અદર્શનસંક્લેશ** :- દર્શનની અવિશુદ્ધિ.

(૧૦) **અચારિત્રસંક્લેશ** :- ચારિત્રની અવિશુદ્ધિ.

## ૧૦ પ્રકારના ઉપઘાત

(૧) **ઉદ્ગમઉપઘાત** :- ઉદ્ગમના ૧૬ દોષોમાંથી કોઈ દોષ લાગવો તે.

(૨) **ઉત્પાદનઉપઘાત** :- ઉત્પાદનના ૧૬ દોષોમાંથી કોઈ દોષ લાગવો તે.

(૩) **એષણાઉપઘાત** :- એષંણાના ૧૦ દોષોમાંથી કોઈ દોષ લાગવો તે.

(૪) **પરિકર્મણાઉપઘાત** :- વસ્ત્ર-પાત્ર વગેરેનું પરિકર્મ કરવું તે, એટલે કે શોભા માટે રંગવા, ધોવા વગેરે.

(૫) **પરિહરણઉપઘાત** :- સંયમમાં અકલ્પ્ય, નિષિદ્ધ કે લક્ષણરહિત ઉપકરણોનો ઉપભોગ કરવો તે.

(૬) **જ્ઞાનઉપઘાત** :- જ્ઞાનાચારમાં અતિચાર લગાડવા તે.

(૭) **દર્શનઉપઘાત** :- દર્શનાચારમાં અતિચાર લગાડવા તે.

(૮) **ચારિત્રઉપઘાત** :- ચારિત્રાચારમાં અતિચાર લગાડવા તે.

(૯) **અપ્રીતિકઉપઘાત** :- ગુરુ વગેરે સાધુગણ પ્રત્યે અપ્રીતિ વગેરે કરવી તે.

(૧૦) **સંરક્ષણઉપઘાત** :- શરીર વગેરેનું મૂર્ચ્છાપૂર્વક સંરક્ષણ કરવું તે.

## ૬ પ્રકારના હાસ્ય વગેરે

(૧) **હાસ્ય** :- નિમિત્તથી કે નિમિત્ત વિના હસવું તે.

(૨) **રતિ** :- બાહ્ય-અભ્યંતર વસ્તુ પર પ્રીતિ કરવી તે.

(૩) **અરતિ** :- બાહ્ય-અભ્યંતર વસ્તુ પર અપ્રીતિ કરવી તે.

(૪) **ભય** :- નિમિત્તથી કે નિમિત્ત વિના ભય પામવો તે.

(૫) **શોક** :- ઈષ્ટવિયોગ વગેરેમાં રડવું, નિસાસા નાખવા, માથું કુટવું વગેરે કરવું તે.

(૬) **જુગુપ્સા** :- સારી કે ખરાબ વસ્તુ ઉપર દુર્ગંછા કરવી તે.

* * * * *

## (૧૦) દસમી છત્રીશી

૧૦ પ્રકારની સામાચારીમાં લીન મનવાળા

૧૦ પ્રકારના ચિત્તસમાધિસ્થાનમાં લીન મનવાળા

૧૬ કષાયોનો ત્યાગ કરનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૹ ૧૦ પ્રકારની સામાચારી ૹ

(૧) **ઈચ્છાકાર સામાચારી** :- કોઈનું કંઈ કામ કરવું હોય અથવા કોઈ પાસે કંઈ કામ કરાવવું હોય તો 'આપની ઈચ્છા હોય તો આપનું આ કામ કરું ?' કે 'આપની ઈચ્છા હોય તો મારું આ કામ કરી આપશો ?' એમ કહેવું તે ઈચ્છાકાર સામાચારી.

(૨) **મિથ્યાકાર સામાચારી** :- પોતાની ભૂલ થઈ હોય તો 'મારું આ દુષ્કૃત મિથ્યા થાઓ.' એમ કહેવું તે મિથ્યાકાર સામાચારી.

(૩) **તથાકાર સામાચારી** :- ગુરુજનોની વાતને 'તહત્તિ' કહીને સ્વીકારવી તે તથાકાર સામાચારી.

(૪) **આવશ્યકી સામાચારી** :- આવશ્યક કાર્ય માટે વસતિની બહાર જવું હોય ત્યારે ૩ વાર આવસ્સહી કહીને જવું તે આવશ્યકી સામાચારી.

(૫) **નૈષેધિકી સામાચારી** :- વસતિમાં પ્રવેશતાં અન્ય કાર્યોના નિષેધને સૂચવતી ૩ વાર નિસિહી કહીને પ્રવેશવું તે નૈષેધિકી સામાચારી.

(૬) **આપૃચ્છા સામાચારી** :- કોઈ કાર્ય કરતાં પહેલા ગુરુજનને પૂછવું તે આપૃચ્છા સામાચારી.

(૭) **પ્રતિપૃચ્છા સામાચારી** :- પૂર્વે ગુરુએ નિષેધ કરેલ કાર્ય કારણસર કરવાની ઈચ્છા થાય ત્યારે ફરી ગુરુને પૂછવું તે પ્રતિપૃચ્છા સામાચારી, અથવા પૂર્વે ગુરુએ ફરમાવેલ કાર્યને કરતી વખતે ફરી ગુરુને પૂછવું તે પ્રતિપૃચ્છા સામાચારી.

(૮) **છંદના સામાચારી** :- પોતે લાવેલા દ્રવ્યનો લાભ આપવા બીજા સાધુઓને નિમંત્રણ કરવું તે છંદના સામાચારી.

(૯) **અભ્યુત્થાન સામાચારી** :- બહુમાનયોગ્ય આચાર્ય, ગ્લાન વગેરેને ગોચરી જતાં પહેલા પૂછવું કે, 'આપની માટે શું લાવું ?' અને યથોચિત આહાર વગેરે લાવીને તેમની ભક્તિ કરવી તે અભ્યુત્થાન સામાચારી. તેને નિમંત્રણા સામાચારી પણ કહેવાય છે.

(૧૦) **ઉપસંપદા** :- જ્ઞાન માટે, દર્શન માટે, વૈયાવચ્ચ માટે, અંતિમ આરાધના માટે અન્ય આચાર્યની પાસે 'આટલા કાળ સુધી હું આપની પાસે રહીશ.' એમ કહીને રહેવું તે ઉપસંપદા સામાચારી.

બીજી રીતે ૧૦ પ્રકારની સામાચારી -

(૧) **પ્રતિલેખન** :- સવારે અને સાંજે વસ્ત્ર-પાત્રા વગેરેનું પડિલેહણ કરવું તે.

(૨) **પ્રમાર્જન** :- સવારે અને સાંજે વસતિની પ્રમાર્જના કરવી તે.

(૩) **ભિક્ષા** :- ૪૨ દોષ રહિત નિર્દોષ ભિક્ષાને ગ્રહણ કરવી તે.

(૪) **ઈરિયાવહી** :- ભિક્ષા લઈને નિસિહીપૂર્વક વસતિમાં પ્રવેશીને 'નમો ખમાસમણાણં' રૂપ વાચિક નમસ્કાર કરીને યોગ્યદેશને જોઈને અને પ્રમાર્જીને ઈરિયાવહી કરવી તે.

(૫) **આલોચના** :- કાઉસ્સગ્ગમાં ગોચરીમાં લાગેલા દોષોને વિચારવા. કાઉસ્સગ્ગ પારીને લોગસ્સ બોલવો. પછી ગુરુ સમક્ષ ગોચરીમાં લાગેલા દોષોનું નિવેદન કરવું તે આલોચના.

(૬) **ભુંજના** :- ત્યાર પછી જે એષણા-અનેષણા થઈ હોય કે જેની આલોચના ન થઈ હોય તેની માટે 'ઈચ્છામિ પડિક્કમિઉં ગોયરચરિયાએ ભિકખાયરિયાએ... તસ્સ મિચ્છામિ દુક્કડં, તસ્સ ઉત્તરીકરણેણં... વોસિરામિ' કહીને કાઉસ્સગ્ગ કરવો. તેમાં નવકાર કે 'જઈ મે અણુગ્ગહં કુજ્જા સાહૂ' વગેરે કે 'અહો જિણેહિં અસાવજ્જા' વગેરે ગાથાને ચિંતવવી. પારીને લોગસ્સ કહેવો, શ્રમ દૂર કરવા સ્વાધ્યાય કરવો. પછી નવકાર બોલી 'અનુજ્ઞા આપો, વાપરું છું.' એમ કહી સાગારિકરહિત સ્થાનમાં રાગદ્વેષરહિત વાપરવું તે ભુંજના.

(૭) **પાત્રકધાવન :-** ભોજન પછી સ્વચ્છ પાણીથી ત્રણ વાર પાત્રા ધુવે. પછી પચ્ચક્ખાણ લે.

(૮) **વિચાર :-** ત્યાર પછી સંજ્ઞાનું વ્યુત્સર્જન કરવા બહાર સ્થંડિલભૂમિએ જાય.

(૯) **સ્થંડિલ :-** સાંજે માત્રુવિસર્જન માટે વસતિની અંદર ૬ સ્થંડિલભૂમિ-વસતિની બહાર ૬ સ્થંડિલભૂમિ, મલવિસર્જન માટે વસતિની અંદર ૬ સ્થંડિલભૂમિ - વસતિની બહાર ૬ સ્થંડિલભૂમિ અને કાલગ્રહણ માટે ૩ ભૂમિ - એમ કુલ ૨૭ સ્થંડિલભૂમિ જુવે.

(૧૦) **આવશ્યકાદિ :-** આવશ્યક, કાલગ્રહણ વગેરે કરવા તે.

## ૧૦ પ્રકારના ચિત્તસમાધિસ્થાનો

(૧) સ્ત્રી-પશુ-નપુંસકથી સંસક્ત શયન-આસનને વર્જવા.

(૨) સ્ત્રીને કથા ન કહેવી.

(૩) પ્રણીત (ઘીથી લચપચ) આહાર ન કરવો.

(૪) અતિ ઘણો આહાર ન કરવો.

(૫) પૂર્વક્રીડાનું સ્મરણ ન કરવું.

(૬) સ્ત્રી બેઠી હોય ત્યાં બે ઘડી સુધી ન બેસવું.

(૭) સ્ત્રીના અંગોપાંગ ન નીરખવા.

(૮) શબ્દ, રૂપ, ગંધમાં આસક્ત ન થવું.

(૯) યશ-કીર્તિની અપેક્ષા ન રાખવી.

(૧૦) સાતાસુખમાં આસક્ત ન થવું.

## ૧૬ કષાયો

કષાયો ૪ પ્રકારના છે. તે આ પ્રમાણે -

(૧) **ક્રોધ :-** અપ્રીતિ, અરુચિ. ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે.

(૨) **માન :-** સ્વઉત્કર્ષ, પરઅપકર્ષ. માનથી વિનયનો નાશ થાય છે.

(૩) **માયા :-** અંદરથી જુદું, બહારથી જુદું. માયાથી મિત્રો દૂર થાય છે.

(૪) **લોભ :-** તૃષ્ણા, આસક્તિ. તૃષ્ણા એટલે જે ન હોય તે મેળવવાની

ઈચ્છા. આસક્તિ એટલે જે હોય તે ન છોડવાની ઈચ્છા. લોભથી સર્વનો વિનાશ થાય છે.

આ દરેક કષાયો ૪ પ્રકારના છે. તે આ પ્રમાણે -

(૧) **અનંતાનુબંધી કષાય :-** જેનાથી અનંત સંસારનો અનુબંધ થાય તે અનંતાનુબંધી કષાય.

(૨) **અપ્રત્યાખ્યાનાવરણીય કષાય :-** જેના ઉદયમાં અલ્પ પણ પચ્ચક્ખાણ ન થઈ શકે તે અપ્રત્યાખ્યાનાવરણીય કષાય.

(૩) **પ્રત્યાખ્યાનાવરણીય કષાય :-** જેના ઉદયમાં અલ્પ પચ્ચક્ખાણ થઈ શકે પણ સર્વસાવદ્યના પચ્ચક્ખાણ ન થઈ શકે તે પ્રત્યાખ્યાનાવરણીય કષાય.

(૪) **સંજ્વલન કષાય :-** જે કષાય ચારિત્રમાં અતિચાર લગાડે તે સંજ્વલન કષાય.

| **કષાય** | **ક્રોધ** | **માન** | **માયા** | **લોભ** |
|---|---|---|---|---|
| અનંતાનુબંધી | પર્વતની ફાટ જેવો | પથ્થરના થાંભલા જેવો | કઠણ વાંસના મૂળ જેવી | કિરમજના રંગ જેવો |
| અપ્રત્યાખ્યાના-વરણીય | પૃથ્વીની ફાટ જેવો | હાડકાના થાંભલા જેવો | ઘેટાના સિંગડા જેવી | કાદવના રંગ જેવો |
| પ્રત્યાખ્યાના-વરણીય | રેતીમાં રેખા જેવો | લાકડાના થાંભલા જેવો | ગોમૂત્રિકા જેવી | ગાડાની મળીના રંગ જેવો |
| સંજ્વલન | પાણીમાં રેખા જેવો | નેતરની સોટી જેવો | વાંસની છાલ જેવી | હળદરના રંગ જેવો |

| **કષાય** | **કયા ગુણને ઢાંકે ?** | **કેટલો સમય ટકે ?** | **કઈ ગતિ અપાવે ?** |
|---|---|---|---|
| અનંતાનુબંધી | સમ્યક્ત્વ | યાવજ્જીવ | નરકગતિ |
| અપ્રત્યાખ્યાનાવરણીય | દેશવિરતિ | ૧ વર્ષ | તિર્યંચગતિ |
| પ્રત્યાખ્યાનાવરણીય | સર્વવિરતિ | ૪ માસ | મનુષ્યગતિ |
| સંજ્વલન | યથાખ્યાત ચારિત્ર | ૧૫ દિવસ | દેવગતિ |

કષાયો ૪ x ૪ = ૧૬ પ્રકારના છે. તે આ પ્રમાણે -

(૧) અનંતાનુબંધી ક્રોધ
(૨) અનંતાનુબંધી માન
(૩) અનંતાનુબંધી માયા
(૪) અનંતાનુબંધી લોભ
(૫) અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ
(૬) અપ્રત્યાખ્યાનાવરણીય માન
(૭) અપ્રત્યાખ્યાનાવરણીય માયા
(૮) અપ્રત્યાખ્યાનાવરણીય લોભ
(૯) પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ
(૧૦) પ્રત્યાખ્યાનાવરણીય માન
(૧૧) પ્રત્યાખ્યાનાવરણીય માયા
(૧૨) પ્રત્યાખ્યાનાવરણીય લોભ
(૧૩) સંજ્વલન ક્રોધ
(૧૪) સંજ્વલન માન
(૧૫) સંજ્વલન માયા
(૧૬) સંજ્વલન લોભ

* * * * *

- ❑ આપણા અંતરાત્મામાં જ વિજય તથા પરાજય રહેલો છે.
- ❑ શ્રદ્ધા વિના કાર્યની સિદ્ધિ થતી નથી.
- ❑ જેમ બને તેમ થોડી જરૂરીયાતોથી ચલાવી લેતાં શીખો.
- ❑ વેશ પહેરવો સહેલ છે પરંતુ ભજવવો મુશ્કેલ છે.
- ❑ સદ્દ્ગુરુથી જે પ્રાપ્ત કરી શકાય છે તે પુસ્તકોથી પ્રાપ્ત કરી શકાતું નથી.
- ❑ કેવળજ્ઞાન થયું છે એવા વીતરાગ ભગવાનને પણ પૂર્વોપાર્જિત કર્મ વેદવા પડે છે, તો તેનાથી ઓછી ભૂમિકામાં રહેલા એવા જીવોને કર્મ ભોગવવા જ પડે તેમાં આશ્ચર્ય શું ?
- ❑ કોઈ પણ જાતના દુઃખ કે રોગ કુદરતી નથી, પરંતુ મનુષ્ય પોતે જ ગફલતથી તેમને ઉત્પન્ન કરે છે.

## (૧૧) અગિયારમી છત્રીશી

૧૦ પ્રકારની પ્રતિસેવાને જાણનારા
૧૦ પ્રકારના આલોચનાના દોષોને જાણનારા
૪ પ્રકારની વિનયસમાધિને જાણનારા
૪ પ્રકારની શ્રુતસમાધિને જાણનારા
૪ પ્રકારની તપસમાધિને જાણનારા
૪ પ્રકારની આચારસમાધિને જાણનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો

### ૧૦ પ્રકારની પ્રતિસેવા

પ્રતિસેવા એટલે દોષોની સેવના. તે ૧૦ પ્રકારે થાય છે. તે આ પ્રમાણે-

(૧) **દર્પ પ્રતિસેવના** :- દોડવા, કૂદવા વગેરેથી દોષો સેવવા તે.

(૨) **પ્રમાદ પ્રતિસેવના** :- દારૂપાન વગેરે પાંચ પ્રકારના પ્રમાદથી દોષો સેવવા તે.

(૩) **અનાભોગ પ્રતિસેવના** :- વિસ્મરણ થવાથી દોષો સેવવા તે.

(૪) **આતુર પ્રતિસેવના** :- રોગ, ભૂખ વગેરેથી દોષો સેવવા તે.

(૫) **આપત્તિ પ્રતિસેવના** :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ન મળવારૂપ આપત્તિથી દોષો સેવવા તે.

દ્રવ્યથી આપત્તિ - પ્રાસુક દ્રવ્ય ન મળવું.
ક્ષેત્રથી આપત્તિ - વિહારમાં આવતી આપત્તિ.
કાળથી આપત્તિ - દુકાળ વગેરેમાં આવતી આપત્તિ.
ભાવથી આપત્તિ - ગ્લાનપણામાં આવતી આપત્તિ.

(૬) **શંકિત પ્રતિસેવના** :- શુદ્ધ આહારાદિમાં પણ જે દોષની શંકા રાખે તે દોષ લાગે. તે શંકિત પ્રતિસેવના.

(૭) **સહસાકાર પ્રતિસેવના** :- અચાનક દોષનું સેવન થવું તે. દા.ત. પહેલા જંતુ ન દેખાવાથી પગ મૂકવા જાય અને પછી જંતુ દેખાય ત્યારે પગને રોકી ન શકે અને વિરાધના થાય તે સહસાકાર પ્રતિસેવના.

(૮) **ભય પ્રતિસેવના** :- ભયથી દોષો સેવવા તે. દા.ત. રાજાના ભયથી રસ્તો બતાવવો, સિંહના ભયથી ઝાડ પર ચઢવું વગેરે.

(૯) **પ્રદ્વેષ પ્રતિસેવના** :- ક્રોધ વગેરે કષાયોથી દોષો સેવવા તે.

(૧૦) **વિમર્શ પ્રતિસેવના** :- નૂતનદીક્ષિત વગેરેની 'શું એ જીવોની શ્રદ્ધા કરે છે કે નહીં ?' એવી પરીક્ષા કરવા માટે સચિત્ત પર ગમન વગેરે ક્રિયા કરવી તે.

## ૭ ૧૦ પ્રકારના આલોચનાના દોષો ૮

(૧) **આકંપઈત્તા** :- 'મને થોડું પ્રાયશ્ચિત્ત આપે' એમ વિચારીને વૈયાવચ્ચથી પહેલા આચાર્યને વશમાં કરીને પછી આલોચના કરવી તે.

(૨) **અનુમાનઈત્તા** :- 'ધન્ય છે જે તપ કરે છે. હું તપ કરી શકતો નથી. મારી ક્યાં શક્તિ છે ? આપ મારી શક્તિ જાણો છો ?' આમ મીઠા વચનોથી આચાર્યને ખુશ કરીને આલોચના કરવી તે, અથવા આચાર્યના સ્વભાવનું અનુમાન કરીને આલોચના કરવી તે.

(૩) **જં દિટ્ઠં** :- બીજાએ પોતાના જે દોષો જોયા હોય તેટલા આચાર્યને કહેવા, પ્રાયશ્ચિત્તના ભયથી કે આચાર્ય મારો અપરાધ જાણી જશે એવા ભયથી બીજા દોષો ન કહેવા તે.

(૪) **બાદર** :- મોટા મોટા દોષોની આલોચના કરવી પણ નાના નાના દોષોની આલોચના ન કરવી તે. તે એમ સમજતો હોય કે આચાર્ય એમ માનશે કે, 'જે મોટા દોષોની આલોચના કરતો હોય તે શું નાના દોષોની આલોચના ન કરે ? અવશ્ય કરે.'

(૫) **સૂક્ષ્મ** :- નાના નાના દોષોની આલોચના કરવી પણ મોટા મોટા દોષોની આલોચના ન કરવી તે. તે એમ સમજતો હોય કે આચાર્ય એમ માનશે કે, 'જે નાના દોષોની આલોચના કરતો હોય, તે શું મોટા દોષોની આલોચના ન કરે ? અવશ્ય કરે.'

(૬) **છન્ન** :- અમુક અપરાધમાં શું પ્રાયશ્ચિત્ત આવે ? એમ પૂછી પોતે જાતે જ પ્રાયશ્ચિત્ત કરવું તે, અથવા એટલું ધીમેથી બોલે કે આચાર્ય પણ સાંભળે નહીં.

(૭) **શબ્દાકુલ :-** પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રાયશ્ચિત્ત કાળે ઘણા અવાજમાં આલોચના કરવી તે, અથવા એવા મોટા અવાજે બોલે કે આચાર્ય બરાબર સમજી ન શકે, અથવા બીજા પણ સાંભળે તે રીતે આલોચના કરવી તે.

(૮) **બહુજન :-** એક આચાર્ય પાસે આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લઈને તેની શ્રદ્ધા ન કરતા અન્ય અન્ય આચાર્યને પ્રાયશ્ચિત્ત પૂછવું તે.

(૯) **અવ્યક્ત :-** જે શ્રુતથી અને પર્યાયથી અવ્યક્ત હોય તેની પાસે આલોચના કરવી તે. શ્રુતથી અવ્યક્ત એટલે જેણે છેદગ્રંથોનો અભ્યાસ ન કર્યો હોય તે. પર્યાયથી અવ્યક્ત એટલે જેને દાઢી-મૂછના વાળ ન આવ્યા હોય તે.

(૧૦) **તત્સેવી :-** પોતે જે દોષ સેવ્યો હોય તે જ દોષ સેવનારા આચાર્ય પાસે પ્રાયશ્ચિત્ત લેવું તે. તે એમ સમજતો હોય કે આચાર્ય મારી સમાન દોષોને સેવતા હોવાથી મને અલ્પ પ્રાયશ્ચિત્ત આપશે.

## ૪ પ્રકારની વિનયસમાધિ

(૧) ગુરુ અનુશાસન કરે ત્યારે સાંભળવા ઈચ્છે.

(૨) ગુરુનું અનુશાસન સારી રીતે સમજે અને સ્વીકારે.

(૩) આગમમાં કહેલ અનુષ્ઠાન કરવા વડે આગમની આરાધના કરે.

(૪) 'હું વિનીત છું, હું સુસાધુ છું.' એવો પોતાનો ઉત્કર્ષ ન કરે.

## ૪ પ્રકારની શ્રુતસમાધિ

(૧) 'મને શ્રુતજ્ઞાન મળશે'- એમ વિચારીને ભણવું.

(૨) 'હું એકાગ્રચિત્તવાળો થઈશ' - એમ વિચારીને ભણવું.

(૩) 'હું પોતાને જિનશાસનમાં સ્થિર કરીશ' - એમ વિચારીને ભણવું.

(૪) 'જિનશાસનમાં સ્થિર થયેલો હું બીજાને જિનશાસનમાં સ્થિર કરીશ.' - એમ વિચારીને ભણવું.

## ૪ પ્રકારની તપસમાધિ

(૧) આલોક માટે (લબ્ધિ વગેરે માટે) તપ ન કરવો.

(૨) પરલોક માટે (પરભવમાં બધી સુખસામગ્રી વગેરે માટે) તપ ન કરવો.

(૩) યશકીર્તિ-વર્ણવાદ માટે તપ ન કરવો.

(૪) માત્ર નિર્જરા માટે તપ કરવો.

## ✿ ૪ પ્રકારની આચારસમાધિ ✿

(૧) આલોક માટે (માન-સન્માન વગેરે માટે) આચાર ન પાળવા.

(૨) પરલોક માટે (પરભવમાં બધી સુખસામગ્રી વગેરે માટે) આચાર ન પાળવા.

(૩) યશકીર્તિ-વર્ણવાદ માટે આચાર ન પાળવા.

(૪) ભગવાને બતાવેલા હેતુઓ માટે જ આચાર પાળવા.

* * * * *

❑ જ્યારે જ્ઞાની પુરુષો વૃત્તિઓનો (કષાયો-વિષયોનો) ત્યાગ કરવાનું કહે છે ત્યારે જીવ 'બે દિવસ પછી ત્યાગીશ' એમ કહે છે, એટલામાં શિથિલપણાના કારણો મળે છે કે 'આનો ત્યાગ કરવાથી તો રોગ ઉત્પન્ન થશે, માટે આગળ ઉપર ત્યાગીશ.' આવી રીતે વૃત્તિઓ અનાદિકાળથી જીવને છેતરે છે અને જીવ છેતરાય છે.

દાખલા તરીકે કોઈનો વીશ વર્ષનો યુવાન પુત્ર મરી જાય તે વખતે તેના કુટુંબીઓને સંસાર ખારો ઝેર લાગે છે. પરંતુ બીજે જ દિવસે એ વિચારનું બાહ્ય વૃત્તિઓ વિસ્મરણ કરાવે છે અને 'એ છોકરાનો છોકરો છે. તે કાલ સવારે મોટો થશે. જગતમાં એમ થતું જ આવે છે, શું કરીએ ?' આવા વિચાર કરાવે છે. પરંતુ એમ સ્ફુરણ થાતું નથી કે 'તે પુત્ર મરી ગયો તેમ હું પણ મરી જઈશ, માટે હવે તો સમજીને વૈરાગ્ય પામી ચાલ્યો જાઉં તો વધારે સારૂં.'

## (૧૨) બારમી છત્રીશી

૧૦ પ્રકારની વૈયાવચ્ચને સારી રીતે પ્રકાશિત કરનારા
૧૦ પ્રકારના વિનયને સારી રીતે પ્રકાશિત કરનારા
૧૦ પ્રકારના ધર્મને સારી રીતે પ્રકાશિત કરનારા
૬ પ્રકારના અકલ્પ્યને વર્જનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૐ ૧૦ પ્રકારની વૈયાવચ્ચ ૐ

(૧) આચાર્યની વૈયાવચ્ચ.
(૨) ઉપાધ્યાયની વૈયાવચ્ચ.
(૩) તપસ્વીની વૈયાવચ્ચ.
(૪) શૈક્ષક (નૂતનદીક્ષિત) ની વૈયાવચ્ચ.
(૫) ગ્લાન (બીમાર)ની વૈયાવચ્ચ.
(૬) સાધુની વૈયાવચ્ચ.
(૭) સમનોજ્ઞ (સમાન સામાચારીવાળા સાધુ)ની વૈયાવચ્ચ.
(૮) ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચ.
(૯) કુલ (એક આચાર્યની પરંપરા) ની વૈયાવચ્ચ.
(૧૦) ગણ (કુલોનો સમુદાય) ની વૈયાવચ્ચ.

### ૐ ૧૦ પ્રકારનો વિનય ૐ

(૧) **અરિહંત** :- વિચરતાં તીર્થંકરો.
(૨) **સિદ્ધ** :- સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષમાં ગયેલા શુદ્ધ આત્માઓ.
(૩) **ચૈત્ય** :- જિનપ્રતિમા.
(૪) **શ્રુત** :- સામાયિક વગેરે અધ્યયનો.
(૫) **ધર્મ** :- ચારિત્રધર્મ.
(૬) **સાધુવર્ગ** :- ચારિત્રધરોનો સમૂહ.
(૭) **આચાર્ય** :- ૩૬ ગુણવાળા મહાત્મા.

(૮) **ઉપાધ્યાય** :- ૨૫ ગુણવાળા મહાત્મા.

(૯) **પ્રવચન** :- સંઘ.

(૧૦) **દર્શન** :- સમ્યક્ત્વ.

આ ૧૦ ના ભક્તિ, બહુમાન, વર્ણવાદ, અવર્ણવાદનાશ અને આશાતનાત્યાગ કરવા એ વિનય છે.

## ૧૦ પ્રકારનો ધર્મ

(૧) **ક્ષમા** :- ક્રોધનો નિગ્રહ.

(૨) **માર્દવ** :- માનનો નિગ્રહ.

(૩) **આર્જવ** :- માયાનો નિગ્રહ.

(૪) **મુક્તિ** :- લોભનો નિગ્રહ.

(૫) **તપ** :- ઈચ્છાનિરોધ.

(૬) **સંયમ** :- પ્રાણીઓની દયા.

(૭) **સત્ય** :- સાચું, હિતકારી અને પરિમિત વાક્ય બોલવું.

(૮) **શૌચ** :- આત્માની વિશુદ્ધિ.

(૯) **અકિંચનતા** :- નિર્ગ્રન્થપણું, કોઈ પણ વસ્તુ ઉપર મમત્વ ન રાખવું.

(૧૦) **બ્રહ્મચર્ય** :- મૈથુનનું વર્જન.

આ ૧૦ પ્રકારનો યતિધર્મ છે.

## ૬ પ્રકારના અકલ્પ્ય

(૧) અકલ્પ્ય વસ્ત્ર, પાત્રા, આહાર, પાણી વગેરે.

(૨) ગૃહસ્થનું વાસણ.

(૩) પલંગ.

(૪) ગૃહસ્થની નિષદ્યા બેઠક (ખુરસી વગેરે).

(૫) સ્નાન.

(૬) શોભા.

આ છ વસ્તુઓ સાધુ-સાધ્વીજી ભગવંતો માટે અકલ્પ્ય છે.

* * * * *

## (૧૩) તેરમી છત્રીશી

૧૦ પ્રકારની રુચિમાં હોંશિયાર
૧૨ અંગોમાં હોંશિયાર
૧૨ ઉપાંગોમાં હોંશિયાર
૨ પ્રકારની શિક્ષામાં હોંશિયાર

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ∽ ૧૦ પ્રકારની રુચિ ∾

(૧) **નિસર્ગરુચિ** - ભગવાને બતાવેલા પદાર્થોની સ્વયં શ્રદ્ધા કરવી તે નિસર્ગરુચિ.

(૨) **ઉપદેશરુચિ** - ભગવાને બતાવેલા પદાર્થોની બીજાના ઉપદેશથી શ્રદ્ધા કરવી તે ઉપદેશરુચિ.

(૩) **આજ્ઞારુચિ** - ભગવાનની આજ્ઞાને માનવી તે આજ્ઞારુચિ.

(૪) **સૂત્રરુચિ** - અંગ-ઉપાંગ વગેરે શ્રુતને માનવું તે સૂત્રરુચિ.

(૫) **બીજરુચિ** - એક પદથી અનેક પદોને જાણવા તે બીજરુચિ.

(૬) **અભિગમરુચિ** - સૂત્રોને અર્થથી જાણવા તે અભિગમરુચિ.

(૭) **વિસ્તારરુચિ** - બધા ભાવોને બધા પ્રમાણોથી જાણવા તે વિસ્તારરુચિ.

(૮) **ક્રિયારુચિ** - સમિતિ વગેરેમાં ઉપયોગ રાખવો તે ક્રિયારુચિ.

(૯) **સંક્ષેપરુચિ** - ચિલાતીપુત્રની જેમ સંક્ષેપમાં તત્ત્વને જાણવા તે સંક્ષેપરુચિ.

(૧૦) **ધર્મરુચિ** - જિનેશ્વરભગવાને કહેલા ધર્મની શ્રદ્ધા કરવી તે ધર્મરુચિ.

### ∽ ૧૨ અંગો ∾

(૧) આચારાંગ
(૨) સૂત્રકૃતાંગ
(૩) સ્થાનાંગ
(૪) સમવાયાંગ
(૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ
(૬) જ્ઞાતાધર્મકથા
(૭) ઉપાસકદશાંગ
(૮) અંતકૃદ્દશાંગ
(૯) અનુત્તરોપપાતિકદશાંગ
(૧૦) પ્રશ્નવ્યાકરણ
(૧૧) વિપાકસૂત્ર
(૧૨) દૃષ્ટિવાદ

## ૧૨ ઉપાંગો

(૧) ઔપપાતિક

(૨) રાજપ્રશ્નીય

(૩) જીવાજીવાભિગમ

(૪) પ્રજ્ઞાપના

(૫) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ

(૬) ચંદ્રપ્રજ્ઞપ્તિ

(૭) સૂર્યપ્રજ્ઞપ્તિ

(૮) કલ્પિકા

(૯) કલ્પાવતંસિકા

(૧૦) પુષ્પિકા

(૧૧) પુષ્પચૂલિકા

(૧૨) વૃષ્ણિદશા

નિરયાવલિકા

## ૨ પ્રકારની શિક્ષા

(૧) ગ્રહણશિક્ષા- અભ્યાસરૂપ શિક્ષા

(૨) આસેવનશિક્ષા - આચરણરૂપ શિક્ષા

* * * * *

- ❑ ગુણો જ પૂજાય છે, માત્ર વેષ કે વય પૂજાતા નથી.
- ❑ જેને દેખી આંખમાં અમી-પ્રેમ આવે તે પૂર્વજન્મનો સ્નેહી અને જેને દેખી આંખમાં ખૂન વરસે-દ્વેષ ઉત્પન્ન થાય તે પૂર્વજન્મનો વિરોધિ સમજવો.
- ❑ જો તમારે આખી દુનિયાને વશ કરવી હોય તો પરના દોષો સામું ન જુઓ, તેનામાં ગુણ હોય તે ગ્રહણ કરો, હિત અને મિષ્ટ વચન બોલો તથા ઉદારતામાં વધારો કરતા રહો.
- ❑ જ્યાં સુધી શરીર સ્વસ્થ છે ત્યાં સુધી તેનાથી જેટલા સુકૃતો થાય તેટલા કરી લેવા.
- ❑ ઈંધનથી અગ્નિ તૃપ્ત થતો નથી, તેમ વિષયભોગોથી તૃપ્તિ થતી નથી. માટે સંતોષવૃત્તિ સેવવી યોગ્ય છે.

## (૧૪) ચૌદમી છત્રીશી

૧૧ શ્રાવકની પ્રતિમાઓનો સારી રીતે ઉપદેશ આપનારા
૧૨ શ્રાવકના વ્રતોનો સારી રીતે ઉપદેશ આપનારા
૧૩ ક્રિયાસ્થાનોનો સારી રીતે ઉપદેશ આપનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૧૧ શ્રાવકની પ્રતિમાઓ

ઉત્તરોત્તર પ્રતિમાઓમાં પૂર્વ પૂર્વ પ્રતિમાઓના અનુષ્ઠાનો અવશ્ય કરવાના હોય છે.

(૧) **દર્શનપ્રતિમા** :- તેમાં એક માસ સુધી શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કરવું.

(૨) **વ્રતપ્રતિમા** :- તેમાં બે માસ સુધી વિશુદ્ધ અણુવ્રતોનું પાલન કરવું.

(૩) **સામાયિકપ્રતિમા** :- તેમાં ત્રણ માસ સુધી દરરોજ શુદ્ધ સામાયિક કરવું.

(૪) **પૌષધપ્રતિમા** :- તેમાં ચાર માસ સુધી આઠમ વગેરે પર્વદિવસે સારી રીતે પૌષધ કરવો.

(૫) **પ્રતિમાપ્રતિમા** :- તેમાં પાંચ માસ સુધી પર્વરાત્રીએ નિષ્પ્રકંપ રહીને કાઉસ્સગ્ગ કરવો.

(૬) **બ્રહ્મચર્યપ્રતિમા** :- તેમાં છ માસ સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૭) **સચિત્તવર્જનપ્રતિમા** :- તેમાં સાત માસ સુધી પ્રાસુક આહાર-પાણી વાપરવા.

(૮) **આરંભવર્જનપ્રતિમા** :- તેમાં આઠ માસ સુધી સાવદ્ય આરંભનું વર્જન કરવું.

(૯) **પ્રેષ્યવર્જનપ્રતિમા** :- તેમાં નવ માસ સુધી બીજા પાસે પણ આરંભ ન કરાવવો.

(૧૦) **ઉદ્દિષ્ટવર્જનપ્રતિમા** :- તેમાં દસ માસ સુધી પ્રાસુક એવા પણ પોતાને ઉદ્દેશીને બનાવેલ આહાર વગેરે વાપરવા નહીં.

(૧૧) **શ્રમણભૂતપ્રતિમા** :- તેમાં અગિયાર માસ સુધી સાધુની જેમ લોચ કરીને પાત્રા અને વેષ ધારણ કરવો.

## ❧ ૧૨ શ્રાવકના વ્રતો ❧

(૧) **સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત** - સંકલ્પપૂર્વક નિરપરાધી ત્રસજીવોને મન-વચન-કાયાથી હણવા નહીં-હણાવવા નહીં.

(૨) **સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત** :- કન્યાલિક વગેરે સ્થૂલ મૃષાવાદ ન બોલવું.

(૩) **સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત** :- ખાતર પાડવું વગેરે ચોરી ન કરવી, બીજાએ નહીં દીધેલ ન લેવું.

(૪) **સ્થૂલ મૈથુન વિરમણ વ્રત** :- સ્વદારામાં સંતોષ રાખવો કે પરદારાનો ત્યાગ કરવો.

(૫) **સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રત** :- ધન-ધાન્ય વગેરે પરિગ્રહનું પરિમાણ કરવું.

(૬) **દિશિપરિમાણ વ્રત** :- બધી દિશાઓની મર્યાદા કરવી.

(૭) **ભોગોપભોગ વિરમણ વ્રત** :- મહાવિગઈઓનો ત્યાગ કરવો, વિગઈઓ વગેરેની સંખ્યા નક્કી કરવી, ૧૫ કર્માદાન વર્જવા.

(૮) **અનર્થદંડ વિરમણ વ્રત** :- અનર્થદંડ (બિનજરૂરી પાપો) વર્જવો.

(૯) **સામાયિક વ્રત** :- સામાયિક કરવું.

(૧૦) **દેશાવગાશિકવ્રત** :- બધા વ્રતોનો સંક્ષેપ કરવો.

(૧૧) **પૌષધવ્રત** :- યથાશક્તિ દેશપૌષધ અને સર્વપૌષધ કરવા.

(૧૨) **અતિથિસંવિભાગવ્રત** :-ભક્તિથી સાધુઓને શુદ્ધ આહાર વગેરે વહોરાવવા.

## ❧ ૧૩ ક્રિયાસ્થાનો ❧

(૧) **અર્થક્રિયા** :- કારણે થતી ક્રિયા. સંયમનિર્વાહ ન થાય તેવા પ્રસંગે અથવા ગ્લાન વગેરેને કારણે, એમ પોતાની માટે કે બીજાની માટે દોષિત આહાર વગેરે લેવા વગેરે રૂપ વિરાધના કરવી તે.

(૨) **અનર્થક્રિયા** :- વિના કારણે થતી ક્રિયા. વિના કારણે વિરાધના કરવી તે.

(૩) **હિંસાક્રિયા** :- પ્રાણીઓનો વધ કરવારૂપ ક્રિયા. દેવ, ગુરુ કે સંઘના શત્રુઓની હિંસા કરવી તે, અથવા સર્પ વગેરેને એણે હણ્યા, હણે

છે કે હણશે, એમ તેઓની ત્રણ કાળ સંબંધી હિંસા માટે દંડ કરવો, માર મારવો તે.

(૪) **અકસ્માત્ક્રિયા** :- અચાનક થતી ક્રિયા. કોઈ બીજાને હણવા માટે બાણ વગેરે શસ્ત્ર ફેંકવા છતાં અન્યનો ઘાત થાય તે.

(૫) **દૃષ્ટિકીક્રિયા** :- દૃષ્ટિના ભ્રમથી થતી ક્રિયા. મિત્ર છતાં શત્રુ સમજીને કે ચોર ન હોય તેને ચોર સમજીને હણવો વગેરે.

(૬) **મૃષાક્રિયા** :- જૂઠું બોલવારૂપ ક્રિયા. પોતાની માટે કે સ્વજન માટે જૂઠું બોલવું તે.

(૭) **અદત્તક્રિયા** :- ચોરી કરવારૂપ ક્રિયા. પોતાની માટે કે સ્વજન માટે સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત અને ગુરુઅદત્ત એ ચાર પ્રકારનું અદત્ત ગ્રહણ કરવું તે.

(૮) **અધ્યાત્મક્રિયા** :- ચિત્તને કલુષિત કરવારૂપ ક્રિયા. કોંકણ દેશના સાધુની જેમ ચિંતવવું તે, અથવા કોઈ કંઈ કહે નહીં તો પણ પોતે હૃદયમાં ક્રોધ-માન-માયા-લોભથી દુઃખી થાય તે પોતાના આત્મામાં થતી ક્રિયા.

(૯) **માનક્રિયા** :- અહંકાર કરવારૂપ ક્રિયા. પોતે જાતિ, કુળ વગેરેનો મદ કરીને બીજાનું અપમાન કરવું તે.

(૧૦) **અમિત્રક્રિયા** :- મિત્રદ્વેષરૂપ ક્રિયા. માતા-પિતા-સ્વજન વગેરેને અલ્પ અપરાધ છતાં મારવું, તિરસ્કાર કરવો, બાળવા વગેરે રૂપ સખત દંડ કરવો તે.

(૧૧) **માયાક્રિયા** :- ચિત્તની કુટિલતાવાળી ક્રિયા.

(૧૨) **લોભક્રિયા** :- આસક્તિરૂપ ક્રિયા. લોભથી અશુદ્ધ આહારાદિ ગ્રહણ કરવા તે, અથવા પાપારંભમાં કે સ્ત્રીભોગમાં આસક્ત જીવ પોતાની રક્ષા માટે બીજા જીવોને મારે, હણે, બાંધે વગેરે કરે તે.

(૧૩) **ઈર્યાપથિકીક્રિયા** :- વીતરાગીને થતી માત્ર યોગરૂપ હેતુવાળી ક્રિયા. તેમાં પહેલા સમયે કર્મ બંધાય, બીજા સમયે કર્મ ભોગવાય અને ત્રીજા સમયે કર્મની નિર્જરા થાય.

* * * * *

## (૧૫) પંદરમી છત્રીશી

૧૨ ઉપયોગને જાણનારા

૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્ત આપવામાં હોંશિયાર

૧૪ પ્રકારના ઉપકરણને ધારણ કરનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ꙮ ૧૨ ઉપયોગ ꙮ

૧૨ ઉપયોગ = ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૪ દર્શન.

૫ જ્ઞાન - મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન.

૩ અજ્ઞાન - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન.

૪ દર્શન - ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન.

૫ જ્ઞાન અને ૩ અજ્ઞાન = ૮ સાકારોપયોગ.

૪ દર્શન = ૪ અનાકારોપયોગ.

વસ્તુનો વિશેષ બોધ તે જ્ઞાન.

સમ્યગ્દૃષ્ટિના વિશેષ બોધને જ્ઞાન કહેવાય છે.

મિથ્યાદષ્ટિના વિશેષ બોધને અજ્ઞાન કહેવાય છે.

વસ્તુનો સામાન્ય બોધ તે દર્શન.

પાંચ જ્ઞાનનું સ્વરૂપ આગળ (પાના નં.૧૨૮ થી ૧૩૨ ઉપર) બતાવાશે.

ત્રણ અજ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે છે -

(૧) **મતિઅજ્ઞાન** :- મિથ્યાદષ્ટિને પાંચ ઈન્દ્રિયો અને મનથી થતો વિશેષ બોધ તે મતિઅજ્ઞાન.

(૨) **શ્રુત અજ્ઞાન** :- મિથ્યાદષ્ટિને શ્રુતના આલંબનથી થતો વિશેષ બોધ તે શ્રુતઅજ્ઞાન.

(૩) **વિભંગજ્ઞાન** :- મિથ્યાદષ્ટિને થતો અમુક મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનો વિશેષ બોધ તે વિભંગજ્ઞાન.

ચાર દર્શનનું સ્વરૂપ આ પ્રમાણે છે -

(૧) **ચક્ષુદર્શન** :- આંખથી થતો સામાન્ય બોધ તે ચક્ષુદર્શન.

(૨) **અચક્ષુદર્શન** :- આંખ સિવાયની ચાર ઈન્દ્રિયો અને મનથી થતો સામાન્ય બોધ તે અચક્ષુદર્શન.

(૩) **અવધિદર્શન** :- અમુક મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનો સાક્ષાત્ સામાન્ય બોધ તે અવધિદર્શન.

(૪) **કેવળદર્શન** :- લોકાલોકના સર્વ પદાર્થોનો સામાન્ય બોધ તે કેવળદર્શન.

## ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્ત

(૧) **આલોચન** :- ગુરુ સમક્ષ અપરાધોને પ્રગટ કરવા તે આલોચન.

(૨) **પ્રતિક્રમણ** :- દોષો ફરી ન સેવવાના ભાવપૂર્વક મિચ્છામિદુક્કડં આપવું તે પ્રતિક્રમણ.

(૩) **તદુભય** :- જેમાં આલોચન અને પ્રતિક્રમણ બન્ને હોય તે તદુભય.

(૪) **વિવેક** :- અશુદ્ધ આહાર વગેરેનો ત્યાગ કરવો તે વિવેક.

(૫) **વ્યુત્સર્ગ** :- કાઉસ્સગ્ગ કરવો તે વ્યુત્સર્ગ.

(૬) **તપ** :- નિવિ વગેરે છ માસ સુધીનો તપ કરવો તે.

(૭) **છેદ** :- અમુક ચારિત્રપર્યાયનો છેદ કરવો તે છેદ.

(૮) **મૂલ** :- સમસ્ત ચારિત્રપર્યાયનો છેદ કરી ફરી મહાવ્રતોનું આરોપણ કરવું તે મૂલ.

(૯) **અનવસ્થાપ્ય** :- વિશિષ્ટ તપ ન કરે ત્યાં સુધી અપરાધીને વ્રત અને વેષમાં રોકી રાખવામાં આવે, વિશિષ્ટ તપ પૂર્ણ થતાં વ્રતોની ઉપસ્થાપના કરાય તે અનવસ્થાપ્ય.

(૧૦) **પારાંચિત** :- જઘન્યથી ૬ મહિના અને ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષ સુધી અપ્રગટ લિંગ ધારણ કરવાપૂર્વક, જિનકલ્પીની જેમ આચારપૂર્વક બહાર રહીને, વિપુલ તપ કરવાપૂર્વક અપરાધનું જે પ્રાયશ્ચિત્ત કરાય અને વિશુદ્ધ થયા પછી જ ફરી દીક્ષા અપાય તે પારાંચિત.

## ૧૪ પ્રકારના ઉપકરણો

(૧) મુહપત્તિ.

(૨) રજોહરણ.

(૩-૫) ૩ કપડા (૧ ઊનનો કપડો, ૨ સૂતરના કપડા).

(૬-૧૨) ૭ પાત્રાના ઉપકરણો (પાત્રા, ઝોડી, પડલા, રજસ્ત્રાણ, ગુચ્છા, પુંજણી, પાત્રાસન).

(૧૩) માત્રક.

(૧૪) ચોલપટ્ટો.

* * * * *

- જેમ શંકર એક વખત ગ્રહણ કરેલું વિષ હજી સુધી પણ છોડતા નથી, કાચબો પોતે ધારણ કરેલી પૃથ્વીને મૂકી દેતો નથી, સમુદ્ર પણ દુર્વહ વડવાગ્નિને વદન કર્યા કરે છે, તેમ પુણ્યવાન પુરુષ પોતે આદરેલું સત્કાર્ય મોટા વિઘ્નો આવવા છતાં પણ છોડતા નથી.
- મેઘની ગર્જના, ભવિતવ્યતા, સ્ત્રીચરિત્ર, મેઘનું વરસવું અને જન્મ-મરણ-આટલા વાના દૈવ પણ જાણતો નથી, તો મનુષ્યની શી વિસાત ?
- વૈરી, વહ્નિ (અગ્નિ), વ્યાધિ, વાદ અને વ્યસન એ પાંચ વકાર જો વધે તો મોટું નુકસાન કરે.
- દેવ-ગુરુની પૂજા, દયા, દાન, તીર્થયાત્રા, તપ, જપ, સતશાસ્ત્રનું શ્રવણ અને પરોપકાર - એ આઠ મનુષ્યજન્મના ફળો છે.
- કઠોર અને નિષ્ઠુર મનુષ્ય પણ મૃદુતાથી વશ થાય છે. જુઓ ! કઠોર એવા દાંત મૃદુતાવાળી જીભની સેવા કરે છે, કઠણ પદાર્થો ચાવીને તેણીને આપે છે.
- જે વસ્તુ વિકાસના પંથે લઈ જનારી છે તે જ વસ્તુ ઊલટી થાય તો નીચે પણ લઈ જાય છે.

## (૧૬) સોળમી છત્રીશી

૧૨ પ્રકારના તપમાં હંમેશા ઉદ્યમવાળા
૧૨ પ્રકારની સાધુની પ્રતિમામાં હંમેશા ઉદ્યમવાળા
૧૨ પ્રકારની ભાવનામાં હંમેશા ઉદ્યમવાળા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ❀ ૧૨ પ્રકારના તપ ❀

**૬ પ્રકારનો બાહ્યતપ :-** (૧) અનશન, (૨) ઊણોદરી (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયક્લેશ, (૬) સંલીનતા.

**૬ પ્રકારનો અભ્યંતર તપ :-** (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન, (૬) કાઉસ્સગ્ગ.

૧૨ પ્રકારનો તપ પૂર્વે (પાના નં.૩-૪ ઉપર) પહેલી છત્રીશીમાં બતાવેલ છે.

### ❀ ૧૨ પ્રકારની સાધુની પ્રતિમા ❀

સંઘયણ - ધૃતિથી યુક્ત, મહાસત્ત્વશાળી, ભાવિતાત્મા, ગુરુથી અનુજ્ઞાત સાધુ આ પ્રતિમાઓ સ્વીકારે. ગચ્છમાં રહીને તેણે જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું જ્ઞાન મેળવ્યું હોય અને ઉત્કૃષ્ટથી ન્યૂન દસ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવ્યું હોય. તેણે શરીરની ચિંતા છોડી હોય. જિનકલ્પીની જેમ તે ઉપસર્ગોને સહન કરનારો હોય. તે એષણાના અભિગ્રહ સ્વીકારનારો હોય. તેનું ભોજન અલેપકૃત હોય.

(૧) **એકમાસિકી પ્રતિમા :-** ગચ્છમાંથી નીકળીને આ પ્રતિમા સ્વીકારે. તેમાં ભોજનની ૧ દત્તી હોય અને પાણીની ૧ દત્તી હોય. જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાંથી ૧ ડગલું પણ ન ચાલે. એક ગામમાં એક રાત રહે. જો લોકો ન જાણે તો એક ગામમાં એક કે બે રાત રહે. દુષ્ટ હાથી વગેરેના ભયથી એક ડગલું પણ અન્ય માર્ગે સરકે નહીં. આ નિયમોનું પાલન કરતો ૧ માસ સુધી વિચરે. પછી ગચ્છમાં આવે.

(૨) **દ્વિમાસિકી પ્રતિમા** :- ઉપરની જેમ. ભોજનની ૨ દત્તી હોય, પાણીની ૨ દત્તી હોય. ૨ માસ સુધી આ પ્રતિમા પાળે.

(૩) **ત્રિમાસિકી પ્રતિમા** :- ઉપરની જેમ. ભોજનની ૩ દત્તી હોય, પાણીની ૩ દત્તી હોય. ૩ માસ સુધી આ પ્રતિમા પાળે.

(૪) **ચતુર્માસિકી પ્રતિમા** :- ઉપરની જેમ. ભોજનની ૪ દત્તી હોય, પાણીની ૪ દત્તી હોય. ૪ માસ સુધી આ પ્રતિમા પાળે.

(૫) **પંચમાસિકી પ્રતિમા** :- ઉપરની જેમ. ભોજનની ૫ દત્તી હોય, પાણીની ૫ દત્તી હોય. ૫ માસ સુધી આ પ્રતિમા પાળે.

(૬) **ષણ્માસિકી પ્રતિમા** :- ઉપરની જેમ. ભોજનની ૬ દત્તી હોય, પાણીની ૬ દત્તી હોય. ૬ માસ સુધી આ પ્રતિમા પાળે.

(૭) **સપ્તમાસિકી પ્રતિમા** :- ઉપરની જેમ. ભોજનની ૭ દત્તી હોય, પાણીની ૭ દત્તી હોય. ૭ માસ સુધી આ પ્રતિમા પાળે.

(૮) **પહેલી સાત રાતદિવસની પ્રતિમા** :- તેમાં ચઉવિહાર ચોથને પારણે ચઉવિહાર ચોથ કરે. પારણે આયંબિલ કરે. દત્તીનો નિયમ નથી. તે ચત્તો સૂવે, પડખે સૂવે કે કાઉસ્સગ્ગમાં રહે. તે કંપ્યા વિના દેવતા વગેરેના ઉપસર્ગોને સહન કરે છે.

(૯) **બીજી સાત રાતદિવસની પ્રતિમા** :- ઉપરની જેમ. તે ગામની બહાર કરે. તે ઉત્કટુક આસનમાં રહે, વાંકા કાષ્ઠની જેમ રહે કે દંડની જેમ લાંબો થઈને રહે.

(૧૦) **ત્રીજી સાત રાતદિવસની પ્રતિમા** :- ઉપરની જેમ. તે ગોદોહિકાસનમાં રહે, વીરાસન (સિંહાસન પર બેઠેલાનું સિંહાસન કાઢ્યા પછી તે જ રીતે બેઠા રહેવું તે વીરાસન) માં રહે કે આંબાની જેમ કુબ્જ તરીકે રહે.

(૧૧) **અહોરાત્રીકી પ્રતિમા** :- ચઉવિહાર છટ્ઠ કરે. ગામ-નગરની બહાર હાથ લાંબા રાખીને (કાઉસ્સગ્ગ મુદ્રામાં) ઊભો રહે.

(૧૨) **એકરાત્રીકી પ્રતિમા** :- ચઉવિહાર અટ્ઠમ કરે. સ્થાનની બહાર રહે. આગળનો ભાગ કંઈક નમાવીને અનિમેષ નયનપૂર્વક એકદષ્ટિવાળો

રહે. આ પ્રતિમા પાળતાં સાધુને અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન કે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

## ✿ ૧૨ પ્રકારની ભાવના ✿

(૧) **અનિત્ય ભાવના :-** ધન, સ્વજન, ઘર, શરીર, આયુષ્ય, રૂપ, યુવાની, સુખ, પ્રભુત્વ વગેરે બધું અનિત્ય છે, કાયમ રહેનારું નથી, એમ ભાવવું તે.

(૨) **અશરણ ભાવના :-** પિતા, માતા, ભાઈ, પત્ની, પુત્ર, હાથી, ઘોડા, કરોડો સુભટો શરણરૂપ નથી, મૃત્યુ તેમની વચ્ચેથી પણ રંકની જેમ અશરણ એવા જીવને લઈ જાય છે, એમ ભાવવું તે.

(૩) **સંસાર ભાવના :-** અન્ય અન્ય શરીર, જાતિ, ગતિ, સંબંધ, વેદ, વયના પરાવર્તનથી સંસારરૂપી રંગમંડપમાં જીવ નટની જેમ નાટક કરે છે, એમ ભાવવું તે.

(૪) **એકત્વ ભાવના :-** દુઃખ, સુખ, જન્મ, મરણ, બંધ, મોક્ષ વગેરે એકલા જીવના થાય છે, તેથી સ્વજનોને વિષે પ્રતિબંધ (રાગ) ન કરવો, એમ ભાવવું તે.

(૫) **અન્યત્વ ભાવના :-** આ શરીર અન્ય છે અને આ જીવ અન્ય છે, માટે દુઃખના ઘર સમાન આ શરીર પર મમત્વ ન કરવું, એમ ભાવવું તે.

(૬) **અશુચિ ભાવના :-** મળ, મૂત્ર, લોહી, ચરબી, માંસ, પિત્ત, આંતરડા, હાડકા વગેરેથી ભરેલા દુર્ગંધી શરીરને પણ જીવ શુદ્ધ માને છે, એમ ભાવવું તે.

(૭) **આસ્રવ ભાવના :-** મિથ્યાત્વ, પ્રમાદ, અવિરતિ, કષાય, યોગ રૂપી આસ્રવો રૂપ દ્વારો વડે કર્મો રૂપી પાણીથી આત્મા રૂપી તળાવ ભરાય છે, એમ ભાવવું તે.

(૮) **સંવરભાવના :-** સમ્યક્ત્વ, અપ્રમાદ, વિરતિ, અકષાય, ગુપ્તિ રૂપી દૃઢ દરવાજા વડે આસ્રવદ્વારોને ઢાંકીને આત્મારૂપી તળાવમાં આવતું કર્મોરૂપી પાણી અટકે છે, એમ ભાવવું તે.

(૯) **નિર્જરાભાવના** :- નવા કર્મો રૂપી પાણીના આગમનને અટકાવ્યા પછી પૂર્વે કરેલા પાપોરૂપી કાદવમાંથી બાર પ્રકારના તપરૂપી તાપથી જીવનો છૂટકારો થાય છે, એમ ભાવવું તે.

(૧૦) **ધર્મભાવના** :- કોઈ ધર્મમાં ક્રિયા છે પણ દયા નથી, કોઈ ધર્મમાં દયા છે પણ નિર્મળ સમતા નથી, સમતા-દયા-ક્રિયાથી યુક્ત એવો જૈનધર્મ જયવંતો છે, એમ ભાવવું તે.

(૧૧) **લોકસ્વભાવભાવના** :- જ્યાં પૂર્વે લાખો યોનિમાં અનંતીવાર જીવ ભમ્યો તે લોકસ્વરૂપને ચિંતવવું તે.

(૧૨) **બોધિદુર્લભભાવના** :- ફરીથી બોધી મળે કે ન પણ મળે, માટે અહિં બોધિ પામીને ધર્મમાં ઉદ્યમ કરવો, એમ ભાવવું તે.

* * * * *

- ❑ મંદતાવાળા વિચારો મંદ પરિણામોને જ પેદા કરે છે. વિચારના પ્રમાણમાં જ કાર્યની સિદ્ધિ થાય છે. શ્રદ્ધાના પ્રમાણમાં જ ફળની પ્રાપ્તિ થાય છે. જુઓ ! અત્યંત ગરમી લોઢાને પીગળાવી નાંખે છે. વીજળીનું બળ કઠણમાં, કઠણ હીરાને પણ ઓગાળી નાંખે છે. તેમ એક દઢ નિશ્ચય, મજબૂત મનોબળ કે અજેય ઉદ્દેશથી મનુષ્ય સફળતા મેળવી શકે છે.
- ❑ વખત વગરનું અને જરૂર વગરનું જે બોલ બોલ કરવું તે પણ એક જાતનું દૂષણ છે.
- ❑ ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસથી ભગવાન પણ વશ થાય છે, તો માણસો કે અન્ય દેવો વશ થાય તેમાં તો આશ્ચર્ય શું ?
- ❑ અહંકાર એ જ્ઞાનનો આગળીયો છે. અહંકાર ગયો કે ખજાનો ખુલ્લો થયો સમજવો.

# (૧૭) સત્તરમી છત્રીશી

૧૪ ગુણઠાણાઓમાં હોંશિયાર
૧૪ પ્રતિરૂપ વગેરે ગુણોવાળા
૮ સૂક્ષ્મોનો ઉપદેશ આપનારા

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

## ૧૪ ગુણઠાણા

(૧) **મિથ્યાદષ્ટિ ગુણઠાણું :-** ભગવાને કહેલા જીવાદિ પદાર્થોની શ્રદ્ધા ન કરવી, ખોટી શ્રદ્ધા કરવી, વિપરીત પ્રરૂપણા કરવી, શંકા કરવી, અનાદર કરવો તે મિથ્યાત્વ. તે જેનામાં હોય તે મિથ્યાદષ્ટિ. તેનું ગુણઠાણું તે મિથ્યાદષ્ટિ ગુણઠાણું.

(૨) **સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણઠાણું :-** ઉપશમસમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે જનારાને અનંતાનુબંધી કષાયોનો ઉદય થયો હોય પણ મિથ્યાત્વમોહનીયનો ઉદય ન થયો હોય ત્યારે તે સમ્યક્ત્વના કંઈક સ્વાદને અનુભવતો હોવાથી તેને જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા સુધી સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણઠાણું હોય.

(૩) **સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણઠાણું :-** જેમ ગોળ અને દહીંનું મથન કરવા પર મિશ્ર થઈ જાય છે તેમ બન્ને દષ્ટિવાળા જીવનું ગુણઠાણું તે સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણઠાણુ (મિશ્ર ગુણઠાણું). તેને જિનેશ્વર ભગવંતે કહેલા તત્ત્વો ઉપર શ્રદ્ધા કે અશ્રદ્ધા હોતી નથી.

(૪) **અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણઠાણું :-** ત્રણ પ્રકારમાંથી એક પ્રકારનું સમ્યક્ત્વ હોય પણ અપ્રત્યાખ્યાનાવરણીય કષાયમોહનીયકર્મના ઉદયથી અલ્પ પણ વિરતિને સ્વીકારી ન શકે તે અવિરતિસમ્યગ્દષ્ટિ. તેનું ગુણઠાણું તે અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણઠાણું.

(૫) **દેશવિરતિ ગુણઠાણું :-** દેશથી વિરતિને સ્વીકારે પણ પ્રત્યાખ્યાનાવરણીય કષાયમોહનીયકર્મના ઉદયથી સર્વથી વિરતિને સ્વીકારી ન શકે તે દેશવિરતિ. તેનું ગુણઠાણું તે દેશવિરતિ ગુણઠાણું.

(૬) **પ્રમત્તસંયત ગુણઠાણું :-** સર્વસાવદ્યયોગોના પચ્ચક્ખાણ કર્યા હોવાથી સંયત હોય, પણ વિકથા, કષાય, નિદ્રા, શબ્દાદિ વિષયોમાં રત હોય. તેથી તે પ્રમત્તસંયત. તેનું ગુણઠાણું તે પ્રમત્તસંયત ગુણઠાણું.

(૭) **અપ્રમત્તસંયત ગુણઠાણું :-** પ્રમાદ વિનાનો સંયત તે અપ્રમત્તસંયત. તેનું ગુણઠાણું તે અપ્રમત્તસંયત ગુણઠાણું.

(૮) **અપૂર્વકરણ ગુણઠાણું :-** સ્થિતિઘાત, રસઘાત, અપૂર્વ સ્થિતિબંધ, ગુણશ્રેણિ, ગુણસંક્રમ - આ પાંચ અપૂર્વ વસ્તુઓ જ્યાં કરે તે અપૂર્વકરણ ગુણઠાણું. આ ગુણઠાણે એક સમયવર્તી જીવો પણ પરસ્પર વિશુદ્ધિથી નિવૃત્ત થાય છે એટલે કે ભિન્ન ભિન્ન વિશુદ્ધિવાળા હોય છે, માટે આ ગુણઠાણાને નિવૃત્તિ ગુણઠાણું પણ કહેવાય છે.

(૯) **અનિવૃત્તિબાદરસંપરાય ગુણઠાણું :-** આ ગુણઠાણાના કોઈ પણ એક સમયવર્તી જીવો પરસ્પર વિશુદ્ધિથી નિવૃત્ત થતાં નથી, એટલે કે એકસરખી વિશુદ્ધિવાળા હોય છે. સંપરાય એટલે કષાય. આ ગુણઠાણે બાદર કષાયોનો ઉદય હોય છે. તેથી આ ગુણઠાણાને અનિવૃત્તિબાદરસંપરાય ગુણઠાણું કહેવાય છે.

(૧૦) **સૂક્ષ્મસંપરાય ગુણઠાણું :-** સૂક્ષ્મ લોભકષાયના ઉદયવાળા જીવોનું ગુણઠાણું તે સૂક્ષ્મસંપરાય ગુણઠાણું.

(૧૧) **ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ ગુણઠાણું :-** મોહનીયકર્મ સર્વથા ઉપશાંત થઈ જવાથી વીતરાગપણું પ્રાપ્ત થયું છે. પણ જ્ઞાનાવરણદર્શનાવરણ કર્મોના ઉદયને લીધે હજી છદ્મસ્થપણું છે. તેવા જીવનું ગુણઠાણું તે ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ ગુણઠાણું.

(૧૨) **ક્ષીણમોહવીતરાગછદ્મસ્થ ગુણઠાણું :-** મોહનીયકર્મનો સર્વથા ક્ષય થઈ જવાથી વીતરાગપણું પ્રાપ્ત થયું છે. પણ જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મોના ઉદયને લીધે હજી છદ્મસ્થપણું છે. તેવા જીવનું ગુણઠાણું તે ક્ષીણમોહવીતરાગછદ્મસ્થ ગુણઠાણું.

(૧૩) **સયોગીકેવળી ગુણઠાણું :-** ચાર ઘાતી કર્મોના ક્ષયથી કેવળજ્ઞાન-

કેવળદર્શન પ્રાપ્ત થયું છે. ત્રણે યોગો વર્તે છે. તેવા જીવનું ગુણઠાણું તે સયોગીકેવળી ગુણઠાણું.

(૧૪) **અયોગીકેવળી ગુણઠાણું :-** કેવળજ્ઞાન-કેવળદર્શન છે. ત્રણમાંથી એક પણ યોગ નથી. અયોગી એવા કેવળીનું ગુણઠાણું તે અયોગી - કેવળી ગુણઠાણું.

## ❁ ૧૪ પ્રતિરૂપ વગેરે ગુણો ❁

(૧) **પ્રતિરૂપ :-** તીર્થંકર વગેરે જેવા સુંદર.

(૨) **તેજસ્વી :-** કાંતિવાળા.

(૩) **યુગપ્રધાનઆગમ :-** વર્તમાનકાળે વર્તતાં સર્વ શાસ્ત્રના પારગામી, અથવા અન્ય લોકોની અપેક્ષાએ સર્વથી વિશેષ જ્ઞાનવાન.

(૪) **મધુરવાક્ય :-** મીઠા વચન બોલનારા.

(૫) **ગંભીર :-** અતુચ્છ હૃદયવાળા હોય કે જેથી બીજા તેના હૃદયને જાણી ન શકે.

(૬) **ધૃતિમાન :-** સંતોષવાળા, નિષ્પ્રકંપ ચિત્તવાળા.

(૭) **ઉપદેશમાં તત્પર :-** ભવ્ય જીવોને ઉપદેશ આપવામાં તત્પર.

(૮) **અપરિસ્રાવી :-** બીજાની ગુપ્તવાતો અન્યને ન કહે.

(૯) **સૌમ્ય :-** દર્શનમાત્રથી આહ્લાદ કરનારા.

(૧૦) **સંગ્રહશીલ :-** શિષ્ય વગેરે માટે વસ્ત્ર, પાત્રા, પુસ્તક વગેરેનો સંગ્રહ કરવામાં તત્પર.

(૧૧) **અભિગ્રહમતિ :-** દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અભિગ્રહને ધારણ કરવાની બુદ્ધિવાળા હોય.

(૧૨) **અવિકત્થન :-** બહુ ન બોલે.

(૧૩) **અચપલ :-** સ્થિર ભાવવાળા હોય, ચંચળ પરિણામવાળા ન હોય.

(૧૪) **પ્રશાંતહૃદય :-** ક્રોધ વગેરેથી રહિત ચિત્તવાળા હોય, એટલે કે શાંતમૂર્તિ હોય.

## ꧁ ૮ સૂક્ષ્મો ꧂

(૧) **સ્નેહસૂક્ષ્મ** :- ઝાકળ, બરફ, ધૂમ્મસ, કરા, ઘાસ વગેરેના અગ્ર ભાગ ઉપર જમીનમાંથી આવીને રહેલા પાણીના ટીપા.

(૨) **પુષ્પસૂક્ષ્મ** :- વડના પુષ્પો, ઉદુમ્બરના પુષ્પો.

(૩) **પ્રાણસૂક્ષ્મ** :- કંથવા.

(૪) **ઉત્તિંગસૂક્ષ્મ** :- કીડીના નગરા.

(૫) **પનકસૂક્ષ્મ** :- પાંચ વર્ણવાળી નિગોદ.

(૬) **બીજસૂક્ષ્મ** :- શાલિ (ડાંગર) વગેરે બીજના મુખના મૂળમાં (મુખના મુખ્ય ભાગમાં) કણ હોય છે તે.

(૭) **હરિતસૂક્ષ્મ** :- પૃથ્વીના જેવા જ વર્ણવાળી અત્યંત નવી ઊગેલી વનસ્પતિ.

(૮) **અંડસૂક્ષ્મ** :- માખી, કીડી, ગરોળી, બામણ (ત્રસજીવ), કાચિંડો વગેરેના ઈંડા.

* * * * *

- ❑ દુઃખી અવસ્થામાં પોતાના કરતા વધારે દુઃખીઓની સ્થિતિનો વિચાર કરતા પોતાના દુઃખનો ભાર ઘણો ઓછો થઈ જશે.
- ❑ નદી કાંઠે બેસી રહી પાણીના ઊંડાણનો હિસાબ ગણ્યા કરે તે કદી સામે પાર જઈ શકતો નથી.
- ❑ પરાજય શું છે ? એ એક પ્રકારનું શિક્ષણ છે. સારી સ્થિતિ તરફ જવાનું તે પહેલું પગથિયું છે.
- ❑ નમ્રતા એ મહત્તા પ્રાપ્તિની નીસરણી છે.
- ❑ જેને મોક્ષની ઈચ્છા હોય તેણે સદ્ગુરુ શોધવા, કેમકે સદ્ગુરુ વિના મોક્ષપ્રાપ્તિ થાય, એ વાત કલ્પાંતે પણ બનવા જોગ નથી.

## (૧૮) અઢારમી છત્રીશી

૧૫ પ્રકારના યોગોને કહે
૧૫ પ્રકારની સંજ્ઞાઓને કહે
૩ ગારવોનો ત્યાગ કરે
૩ શલ્યોને વર્જે

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૧૫ પ્રકારના યોગ

**• ૪ પ્રકારના મનોયોગ :-**

(૧) **સત્ય મનોયોગ :-** જીવ છે, સદસત્ છે, દેહમાત્રવ્યાપી છે વગેરે વસ્તુના સાચા સ્વરૂપને વિચારવું તે સત્ય મનોયોગ.

(૨) **અસત્ય મનોયોગ :-** જીવ નથી, જીવ સર્વવ્યાપી છે વગેરે વસ્તુના સાચા સ્વરૂપથી વિપરીત વિચારવું તે અસત્ય મનોયોગ.

(૩) **સત્યાસત્ય મનોયોગ :-** ધવ, ખદિર, પલાશ, અશોક વગેરે વૃક્ષોવાળા વન માટે આ અશોકવન છે એમ વિચારવું તે સત્યાસત્ય મનોયોગ.

(૪) **અસત્યઅમૃષા મનોયોગ :-** 'હે દેવદત્ત ! ઘડો લાવ, ધર્મ કર.' વગેરે આમંત્રણ, સમજાવવા વગેરે રૂપ વિચારવું તે અસત્યઅમૃષા મનોયોગ.

**• ૪ પ્રકારના વચનયોગ :-**

(૧) **સત્ય વચનયોગ :-** જીવ છે, સદસત્ છે, દેહમાત્રવ્યાપી છે વગેરે વસ્તુના સાચા સ્વરૂપને કહેવું તે સત્ય વચનયોગ.

(૨) **અસત્ય વચનયોગ :-** જીવ નથી, જીવ સર્વવ્યાપી છે વગેરે વસ્તુના સાચા સ્વરૂપથી વિપરીત કહેવું તે અસત્ય વચનયોગ.

(૩) **સત્યાસત્ય વચનયોગ :-** ધવ, ખદિર, પલાશ, અશોક વગેરે વૃક્ષોવાળા વન માટે આ અશોકવન છે એમ કહેવું તે સત્યાસત્ય વચનયોગ.

(૪) **અસત્યઅમૃષા વચનયોગ** :- 'હે દેવદત્ત ! ઘડો લાવ, ધર્મ કર.' વગેરે આમંત્રણ, સમજાવવા વગેરે રૂપ કહેવું તે અસત્યઅમૃષા વચનયોગ.

● **૭ પ્રકારના કાયયોગ :-**

(૧) **ઔદારિક કાયયોગ** :- ઔદારિક શરીરથી થતી પ્રવૃત્તિ તે ઔદારિક કાયયોગ.

(૨) **ઔદારિકમિશ્ર કાયયોગ** :- મનુષ્યો અને તિર્યંચોને ઉત્પત્તિના પ્રથમ સમયથી ઔદારિક શરીર પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિક અને કાર્મણ શરીરોની ભેગી પ્રવૃત્તિ તે ઔદારિકમિશ્ર કાયયોગ.

(૩) **વૈક્રિય કાયયોગ** :- વૈક્રિય શરીરથી થતી પ્રવૃત્તિ તે વૈક્રિય કાયયોગ.

(૪) **વૈક્રિયમિશ્ર કાયયોગ** :- દેવતા અને નારકીને ઉત્પત્તિના પ્રથમ સમયથી વૈક્રિય શરીર પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિય અને કાર્મણ શરીરોની ભેગી પ્રવૃત્તિ તે વૈક્રિયમિશ્ર કાયયોગ.

(૫) **આહારક કાયયોગ** :- આહારક શરીરથી થતી પ્રવૃત્તિ તે આહારક કાયયોગ.

(૬) **આહારકમિશ્ર કાયયોગ** :- આહારક શરીર કરનારા ૧૪ પૂર્વધર મુનિભગવંતોને આહારક શરીર પૂર્ણ ન થાય ત્યાં સુધી આહારક અને ઔદારિક શરીરોની ભેગી પ્રવૃત્તિ તે આહારકમિશ્ર કાયયોગ.

(૭) **કાર્મણ કાયયોગ** :- તૈજસ-કાર્મણ શરીરોથી થતી પ્રવૃત્તિ તે કાર્મણ કાયયોગ.

## ૧૫ પ્રકારની સંજ્ઞા

(૧) **આહારસંજ્ઞા** :- ખાવું તે. તે ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી થાય છે. જલ વગેરે આહારને ગ્રહણ કરનારા ઘાસની જેમ.

(૨) **ભયસંજ્ઞા** :- ભય પામવો તે. તે ભયમોહનીય કર્મના ઉદયથી થાય છે. સંકોચિની વેલડીની જેમ.

(૩) **મૈથુનસંજ્ઞા** :- મૈથુન સેવવું તે. તે વેદમોહનીય કર્મના ઉદયથી થાય છે. ચંપક, તિલક, અશોક વગેરેની જેમ.

(૪) **પરિગ્રહસંજ્ઞા** :- બધું ભેગું કરવું અને તેની ઉપર મૂર્ચ્છા કરવી તે. તે લોભમોહનીય કર્મના ઉદયથી થાય છે. તાંતણાથી વાડને વીંટનારી વેલડીની જેમ.

(૫) **ક્રોધસંજ્ઞા** :- ગુસ્સો કરવો તે. તે ક્રોધમોહનીય કર્મના ઉદયથી થાય છે. કૂવામાંથી ખેંચનારા તરફ દોડનારા પારદની જેમ.

(૬) **માનસંજ્ઞા** :- અભિમાન કરવું તે. તે માનમોહનીય કર્મના ઉદયથી થાય છે. હુંકારા કરતાં કોકનદ(રાતા કમળ)ના કંદની જેમ.

(૭) **માયાસંજ્ઞા** :- માયા કરવી તે. તે માયામોહનીય કર્મના ઉદયથી થાય છે. પાંદડાથી ફળોને ઢાંકનારી ચીભડીની વેલડીની જેમ.

(૮) **લોભસંજ્ઞા** :- લોભ કરવો તે. તે લોભમોહનીય કર્મના ઉદયથી થાય છે. નિધાનને મૂળીયાથી વીંટનારા બિલ્વપલાશ વગેરેની જેમ.

(૯) **ઓઘસંજ્ઞા** :- તે જ્ઞાનના ઉપયોગરૂપ છે. જનારા લોકોના માર્ગને વર્જનારી અને વાડ વગેરે ઉપર ચઢનારી વેલડીની જેમ.

(૧૦) **લોકસંજ્ઞા** :- તે દર્શનના ઉપયોગરૂપ છે. સૂર્યોદયથી વિકસતાં કમળ વગેરેની જેમ.

(૧૧) **સુખસંજ્ઞા** :- તે સાતાના અનુભવરૂપ છે.

(૧૨) **દુઃખસંજ્ઞા** :- તે અસાતાના અનુભવરૂપ છે.

(૧૩) **મોહસંજ્ઞા** :- તે મિથ્યાદર્શનરૂપ છે. સૂર્ય તરફ હાથ જોડનારી ઔષધિની જેમ.

(૧૪) **વિચિકિત્સાસંજ્ઞા** :- તે મનના ડામાડોળપણા (ચંચળતા) રૂપ છે. અશુચિના સ્પર્શથી કે દૃષ્ટિદોષથી મુરઝાઈ જનારી વેલડીની જેમ.

(૧૫) **શોકસંજ્ઞા** :- શોક કરવો તે. તે શોકમોહનીયકર્મના ઉદયથી થાય છે. આંસું પાડનારી રડતી વેલડીની જેમ.

## ૩ પ્રકારના ગારવો

(૧) **ઋદ્ધિગારવ** :- 'મારા વસ્ત્ર-પાત્રા-આસન-ઉપકરણ સુંદર છે, આ મારો વૈભવ છે, હું ઘણા લોકોનો નેતા છું.' - એ પ્રમાણે ગૌરવ કરવો તે ઋદ્ધિગારવ.

(૨) **રસગારવ** :- અરસ, વિરસ, લૂખા, સ્વાભાવિક રીતે મળેલા આહારને ન ઈચ્છવો, સારા અને સ્નિગ્ધ આહારને માંગવો તે રસગારવ.

(૩) **સાતાગારવ** :- શરીરની શુશ્રુષા કરવી, શયન-આસન-વાહનનો વારંવાર ઉપયોગ કરવો, દુઃખને સહન ન કરવું તે સાતાગારવ.

## ૩ પ્રકારના શલ્યો

(૧) **માયાશલ્ય** :- માયા, પ્રપંચ, કપટ વગેરે કરવા તે.

(૨) **નિયાણશલ્ય** :- તપના ફળરૂપે ભૌતિક વસ્તુની આશંસારૂપ નિયાણું કરવું તે.

(૩) **મિથ્યાદર્શનશલ્ય** :- જિનેશ્વર ભગવાનના વચન પર શ્રદ્ધા ન કરવી તે.

* * * * *

❑ એક પિતાએ પોતાના પુત્રને નીચેની શીખામણો અંત વખતે આપેલી-

(૧) સર્વને પ્રિય થવું.

(૨) કદિ પણ પરાધીન થવું નહીં.

(૩) લેખિત પત્ર વિના લેવડ-દેવડનો વ્યવહાર કરવો નહીં.

(૪) હીન જાતનું ઋણ લેવું નહીં.

(૫) સભામાં જુઠી વાત કરવી નહીં.

(૬) જ્યાં આદર ન હોય ત્યાં બોલવું નહીં.

(૭) અનીતિથી અંગબળનો ઉપયોગ કરવો નહીં.

(૮) ઘણું અન્ન ખાવું નહીં, તેમ ઘણી નિદ્રા લેવી નહીં.

(૯) પોતાની કીર્ત્તિ પોતાને મોઢે કરવી નહીં.

❑ સાચામાં સાચું ડહાપણ દૃઢ સંકલ્પમાં રહેલું છે.

## (૧૯) ઓગણીસમી છત્રીશી

૧૬ પ્રકારના ઉદ્‌ગમના દોષોથી રહિત આહાર વાપરનારા
૧૬ પ્રકારના ઉત્પાદનના દોષોથી રહિત આહાર વાપરનારા
૪ પ્રકારના અભિગ્રહમાં નિરત

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૧૬ પ્રકારના ઉદ્‌ગમના દોષો

(૧) **આધાકર્મ :-** ૭ કાયની વિરાધના કરીને સાધુ માટે અશન વગેરે કરવા તે આધાકર્મ.

(૨) **ઔદ્દેશિક :-** જે ગૃહસ્થે પોતાની માટે કર્યું હોય અને પછી સાધુને ઉદ્દેશીને જુદું કરાય તે ઔદ્દેશિક. તે ૩ પ્રકારે છે -

(i) જેને જે રીતે જુદું કર્યું હોય તેને તે જ રીતે યાવદર્થિક વગેરે ચાર માટે રાખવું તે ઉદ્દિષ્ટઔદ્દેશિક.

(ii) જુદા કરાયેલા કૂર વગેરેને દહી વગેરેની સાથે કે શાક વગેરેની સાથે જીવવિરાધના વિના સંસ્કારાય તે કૃતઔદ્દેશિક.

(iii) જુદા કરાયેલા આહારને જીવવિરાધનાપૂર્વક સંસ્કારાય તે કર્મઔદ્દેશિક.

આ ત્રણેના દરેકના ૪ પ્રકાર છે -

(i) યાવદર્થિકો (બધા) માટે સંકલ્પેલું હોય તે ઉદ્દેશ.

(ii) પાખંડિઓ માટે સંકલ્પેલું હોય તે સમુદ્દેશ.

(iii) શ્રમણો (બૌદ્ધ સાધુઓ વગેરે) માટે સંકલ્પેલું હોય તે આદેશ.

(iv) નિર્ગ્રન્થો (જૈન સાધુઓ) માટે સંકલ્પેલું હોય તે સમાદેશ.

આમ ઔદ્દેશિકના ૩ x ૪ = ૧૨ ભેદ થાય છે.

(૩) **પૂતિકર્મ :-** ઉદ્‌ગમના દોષથી દુષ્ટ આહારના સંગથી શુદ્ધ આહાર પણ અપવિત્ર બને તે પૂતિકર્મ.

(૪) **મિશ્ર :-** ગૃહસ્થે પહેલાથી પોતાની માટે અને સાધુ ભગવંતો માટે બન્નેની માટે રાંધવું તે મિશ્ર.

(૫) **સ્થાપના** :- સાધુ માટે ગૃહસ્થે સ્થાપીને રાખવું તે સ્થાપના.

(૬) **પ્રાભૃતિકા** :- સાધુ આવવાના છે અથવા જવાના છે એમ જાણીને ગૃહસ્થે પોતાની માટે પણ આહાર વગેરે પહેલા કે પછી બનાવવા તે પ્રાભૃતિકા.

(૭) **પ્રાદુષ્કરણ** :- અંધારામાં રહેલ વસ્તુ સાધુ માટે દીવા વગેરેથી પ્રકાશિત કરવી કે બહાર પ્રકાશમાં લાવવી તે પ્રાદુષ્કરણ.

(૮) **ક્રીત** :- સાધુ માટે પોતાના કે બીજાના દ્રવ્યથી ખરીદવું તે ક્રીત.

(૯) **પ્રામીત્ય** :- સાધુ માટે ગૃહસ્થે ઉછીનું લાવીને વહોરાવવું તે પ્રામીત્ય.

(૧૦) **પરાવર્તિત** :- સાધુ માટે ગૃહસ્થે પરાવર્તન (વસ્તુની અદલાબદલી) કરીને વહોરાવવું તે પરાવર્તિત.

(૧૧) **અભ્યાહૃત** :- સાધુ માટે બીજા ગામમાંથી કે બીજા ઘરમાંથી સામે લાવવું તે અભ્યાહૃત.

(૧૨) **ઉદ્ભિન્ન** :- સીલ કરેલા બરણી વગેરેના મોઢા ખોલીને ગૃહસ્થે સાધુને ઘી વગેરે વહોરાવવું તે ઉદ્ભિન્ન.

(૧૩) **માલાપહૃત** :- હાથેથી મુશ્કેલીથી ઉતારી શકાય એવી વસ્તુ ગૃહસ્થે માળીયા ઉપરથી ઉતારીને સાધુને વહોરાવવી તે માલાપહૃત.

(૧૪) **આચ્છેદ્ય** :- ગૃહસ્થે બીજા પાસેથી પરાણે વસ્તુ લઈને સાધુને વહોરાવવી તે આચ્છેદ્ય.

(૧૫) **અનિસૃષ્ટ** :- જે વસ્તુ ઘણાની હોય અને તેમાંથી બીજાઓએ ન આપી હોય તેને એક ગૃહસ્થે વહોરાવવી તે અનિસૃષ્ટ.

(૧૬) **અધ્યવપૂરક** :- ગૃહસ્થે પોતાની માટે જેને રાંધવાની શરૂઆત કરી હોય તેમાં સાધુ માટે વધુ ઉમેરવું તે અધ્યવપૂરક.

## ૧૬ પ્રકારના ઉત્પાદનના દોષો

(૧) **ધાત્રીદોષ** :- ભિક્ષા માટે ગૃહસ્થના સંતાનોને ખોળામાં બેસાડી રમાડવા વગેરે ધાવમાતાના કૃત્યો કરવા તે ધાત્રીદોષ.

(૨) **દૂતીદોષ** :- ભિક્ષા માટે ગૃહસ્થનો સંદેશો એક સ્થાનથી બીજે

સ્થાને લઈ જવો વગેરે દૂતનું કાર્ય કરવું તે દૂતીદોષ.

(૩) **નિમિત્તદોષ** :- ભિક્ષા માટે લાભ-અલાભ કહેવા તે નિમિત્તદોષ.

(૪) **આજીવનાદોષ** :- ભિક્ષા માટે દાતાની જાતિ વગેરે પ્રમાણે પોતાની જાતિ વગેરે કહેવી તે આજીવનાદોષ.

(૫) **વનીપકદોષ** :- જે દાતા જેનો ભક્ત હોય તેની આગળ પોતાને તેનો ભક્ત બતાવી ભિક્ષા મેળવવી તે વનીપકદોષ.

(૬) **ચિકિત્સાદોષ** :- ભિક્ષા માટે દાતાના ઘરમાં ઔષધ વગેરેથી કે વમન વગેરેથી ચિકિત્સા કરવી કે વૈદ્ય વગેરે બતાવવા તે ચિકિત્સાદોષ.

(૭) **કોપપિંડ** :- બળ, વિદ્યા, રાજા, તપશક્તિ, પ્રભાવ વગેરે રૂપ કોપનો ભય દેખાડીને જે મેળવવું તે કોપપિંડ.

(૮) **માનપિંડ** :- કોઈ પ્રશંસા કરે કે અપમાન કરે ત્યારે દાતાને અભિમાન ઉત્પન્ન કરાવીને જે મેળવવું તે માનપિંડ.

(૯) **માયાપિંડ** :- એક ઘરમાંથી ભિક્ષા લઈને માયાથી બીજું રૂપ કરીને ફરી એ જ ઘરમાં ભિક્ષા લેવા જવી તે માયાપિંડ.

(૧૦) **લોભપિંડ** :- કોઈ વસ્તુની આસક્તિથી ઘણું ભટકીને તે વસ્તુ મેળવવી તે લોભપિંડ.

(૧૧) **પૂર્વપશ્ચાત્સંસ્તવદોષ** :- ભિક્ષા માટે દાતાની આગળ લગ્નની પહેલાના અને પછીના સંબંધો કહીને પરિચય કરવો કે દાનની પહેલા કે પછી દાતાની પ્રશંસા કરવી તે પૂર્વપશ્ચાત્સંસ્તવદોષ.

(૧૨) **વિદ્યાપિંડ** :- ભિક્ષા માટે સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત અને પૂર્વસેવાથી આરાધ્ય એવી વિદ્યા (પ્રભાવશાળી અક્ષરોની રચના) નો પ્રયોગ કરવો તે વિદ્યાપિંડ.

(૧૩) **મંત્રપિંડ** :- ભિક્ષા માટે પુરુષદેવતાથી અધિષ્ઠિત અને પાઠસિદ્ધ એવા મન્ત્ર (પ્રભાવશાળી અક્ષરોની રચના) નો પ્રયોગ કરવો તે મંત્રપિંડ.

(૧૪) **ચૂર્ણપિંડ** :- ભિક્ષા માટે અદશ્ય કરવામાં કારણભૂત એવું આંખમાં આંજણ આંજવું વગેરે કરવું તે ચૂર્ણપિંડ.

(૧૫) **યોગપિંડ** :- ભિક્ષા માટે સૌભાગ્ય-દૌર્ભાગ્યના ફળવાળા પગના લેપ વગેરે યોગોનો પ્રયોગ કરવો તે યોગપિંડ.

(૧૬) **મૂલકર્મ** :- ભિક્ષા માટે મંગલસ્નાન, મૂલિકા વગેરે ઔષધિ, રાખ વગેરે વડે ગર્ભ કરાવવો, વિવાહનો ભંગ કરાવવો, વશીકરણ વગેરે કરવું તે મૂલકર્મ.

## ૪ પ્રકારના અભિગ્રહ

(૧) **દ્રવ્યઅભિગ્રહ** :- દ્રવ્યોનો અભિગ્રહ તે.

(૨) **ક્ષેત્રઅભિગ્રહ** :- ક્ષેત્રનો અભિગ્રહ તે.

(૩) **કાળઅભિગ્રહ** :- કાળનો અભિગ્રહ તે.

(૪) **ભાવઅભિગ્રહ** :- ભાવનો અભિગ્રહ તે.

ભગવાન મહાવીરના ૪ પ્રકારના અભિગ્રહ -

(૧) **દ્રવ્યઅભિગ્રહ** :- સૂપડાના ખૂણામાં અળદ હોય.

(૨) **ક્ષેત્રઅભિગ્રહ** :- દાતાના બે પગની વચ્ચે ડેલી હોય.

(૩) **કાળઅભિગ્રહ** :- દિવસના બે પ્રહર વીતી ગયા હોય.

(૪) **ભાવઅભિગ્રહ** :- દાસી બનેલી, બેડીમાં બંધાયેલી, મુંડિત થયેલી, ભૂખી, રડતી રાજાની દીકરી વહોરાવે તો પારણું કરવું.

* * * * *

- ❑ જગતમાં એવી એક પણ વસ્તુ નથી, એવો એક પણ માણસ નથી, તથા એવો એક પણ સંજોગ નથી કે જે આપણને કોઈ પણ પ્રકારનો બોધ આપી શકે નહીં.
- ❑ વશીકરણમંત્ર જીભમાં રહેલો છે.
- ❑ અમૃત અને ઝેર બન્ને જીભમાં રહેલા છે.
- ❑ દરેક રોગનું મૂળ કારણ અજીર્ણ હોય છે.

# (૨૦) વીશમી છત્રીશી

૧૬ પ્રકારના વચનોને જાણનારા
૧૭ પ્રકારના સંયમમાં ઉદ્યમશીલ
૩ પ્રકારની વિરાધના વિનાના

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

## ꕥ ૧૬ પ્રકારના વચનો ꕥ

(૧-૩) **કાળત્રિક** :- ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળના વચનો. દા.ત. કર્યું, કરું છું, કરીશ.

(૪-૬) **વચનત્રિક** :- એકવચન, દ્વિવચન, બહુવચનના વચનો. દા.ત. એક ઘોડો, બે ઘોડા, ઘણા ઘોડા.

(૭-૯) **લિંગત્રિક** :- સ્ત્રીલિંગ, પુંલિંગ, નપુંસકલિંગના વચનો. દા.ત. નદી, પર્વત, ઝરણું.

(૧૦) **પરોક્ષવચન** :- પરોક્ષનું વચન. દા.ત. તે દેવદત્ત.

(૧૧) **પ્રત્યક્ષવચન** :- પ્રત્યક્ષનું વચન. દા.ત. આ દેવદત્ત.

(૧૨) **ઉપનીતઉપનીત વચન** :- સારું અને સારું વચન. દા.ત. આ પુરુષ ઋદ્ધિવાળો અને ઉદાર છે.

(૧૩) **ઉપનીતઅપનીતવચન** :- સારું અને ખરાબ વચન. દા.ત. આ પુરુષ ઋદ્ધિવાળો છે પણ કૃપણ છે.

(૧૪) **અપનીતઉપનીતવચન** :- ખરાબ અને સારું વચન. દા.ત. આ પુરુષ દરિદ્ર છે પણ ઉદાર છે.

(૧૫) **અપનીતઅપનીતવચન** :- ખરાબ અને ખરાબ વચન. દા.ત. આ પુરુષ દરિદ્ર અને કૃપણ છે.

(૧૬) **અધ્યાત્મવચન** :- મનમાં રહેલું કંઈ પણ બોલવા ન ઈચ્છતો અચાનક તે જ બોલી દે તે.

## ꕥ ૧૭ પ્રકારનું સંયમ ꕥ

(૧) **પૃથ્વીકાયસંયમ** :- પૃથ્વીકાયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૨) **અપ્કાયસંયમ** :- અપ્કાયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૩) **તેઉકાયસંયમ** :- તેઉકાયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૪) **વાયુકાયસંયમ** :- વાયુકાયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૫) **વનસ્પતિકાયસંયમ** :- વનસ્પતિકાયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૬) **બેઈન્દ્રિયસંયમ** :- બેઈન્દ્રિયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૭) **તેઈન્દ્રિયસંયમ** :- તેઈન્દ્રિયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૮) **ચઉરિન્દ્રિયસંયમ** :- ચઉરિન્દ્રિયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૯) **પંચેન્દ્રિયસંયમ** :- પંચેન્દ્રિયની હિંસાનો ત્યાગ કરવો તે.

(૧૦) **અજીવસંયમ** :- પ્રતિલેખના-પ્રમાર્જના અને જયણાપૂર્વક પુસ્તક વગેરે રાખવા તે.

(૧૧) **પ્રેક્ષાસંયમ** :- આંખથી જોઈને જંતુરહિત સ્થાન ઉપર શયન, આસન, ચાલવું વગેરે કરવું તે.

(૧૨) **ઉપેક્ષાસંયમ** :- પાપવ્યાપાર કરતા ગૃહસ્થની ઉપેક્ષા કરવી, અથવા સંયમમાં સીદાતાં સાધુને પ્રેરણા કરવી તે.

(૧૩) **પ્રમાર્જનાસંયમ** :- જોઈને રજોહરણથી પ્રમાર્જીને શયન-આસન વગેરે લેવા-મૂકવા તે.

(૧૪) **પારિષ્ઠાપનસંયમ** :- આહાર, પાણી, વસ્ત્ર, પાત્રા વગેરે જો જીવથી સંયુક્ત, અશુદ્ધ કે સંયમને અનુપકારી હોય તો જંતુરહિતસ્થાને વિધિપૂર્વક પરઠવવા તે.

(૧૫) **મનસંયમ** :- મનમાંથી દ્રોહ, ઈર્ષ્યા, અભિમાનની નિવૃત્તિ અને ધર્મધ્યાન વગેરેમાં મનની પ્રવૃત્તિ કરવી તે.

(૧૬) **વચનસંયમ** :- હિંસક, કઠોર વાણીથી નિવૃત્તિ અને શુભ ભાષામાં પ્રવૃત્તિ કરવી તે.

(૧૭) **કાયસંયમ** :- ગમનાગમનમાં ઉપયોગપૂર્વક કાયાનો વ્યાપાર કરવો તે.

## ૩ પ્રકારની વિરાધના

(૧) **જ્ઞાનવિરાધના** :- જ્ઞાનની વિરાધના કરવી તે.

(૨) **દર્શનવિરાધના** :- દર્શન (સમ્યક્ત્વ)ની વિરાધના કરવી તે.

(૩) **ચારિત્રવિરાધના** :- ચારિત્રની વિરાધના કરવી તે.

* * * * *

## (૨૧) એકવીશમી છત્રીશી

દીક્ષા માટે અયોગ્ય પુરુષના ૧૮ દોષોને વર્જનારા

૧૮ પાપસ્થાનકોને વર્જનારા

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ॐ દીક્ષા માટે અયોગ્ય પુરુષના ૧૮ દોષો ॐ

(૧) **બાલ** :- ૭ વર્ષ સુધીનો હોય તે બાલ કહેવાય.

(૨) **વૃદ્ધ** :- ૭૦ વર્ષથી વધુ વયના હોય તે વૃદ્ધ કહેવાય.

(૩) **નપુંસક** :- ત્રીજા વેદવાળો તે નપુંસક.

(૪) **ક્લીબ** :- સ્ત્રીના ભોગોથી નિમંત્રિત કરાયેલો, સ્ત્રીના ખુલ્લા અંગ-ઉપાંગ જોઈને કે સ્ત્રીનો મીઠો અવાજ સાંભળીને જેને કામની અભિલાષા થાય અને તેને જે સહન કરી ન શકે તે ક્લીબ.

(૫) **જડ** :- તે ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે -

(i) **ભાષાજડ** :- તે ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે-

(a) **જલમૂક** :- પાણીમાં ડૂબેલાની જેમ જે બુડબુડ કરતો બોલે તે જલમૂક.

(b) **મન્મનમૂક** :- જે બોલતાં બોલતાં અચકાય તે મન્મનમૂક.

(c) **એલમૂક** :- જે અવ્યક્ત મૂંગો હોવાથી ઘેટાની જેમ માત્ર અવાજ કરે તે એલમૂક.

આ ત્રણમાંથી મન્મનમૂક જો હોંશિયાર હોય તો દીક્ષા આપવી, બાકીના બેને દીક્ષા ન આપવી.

(ii) **શરીરજડ** :- જે બહુ જાડો હોવાથી ચાલવામાં, ગોચરી જવામાં કે વંદન વગેરે કરવામાં શક્તિમાન ન હોય તે શરીરજડ.

(iii) **કરણજડ** :- જે ક્રિયામાં જડ હોય તે ક્રિયાજડ. સમિતિ, ગુપ્તિ, પડિલેહણ, સંયમપાલન વગેરે ક્રિયાઓનો વારંવાર ઉપદેશ આપવા છતાં જે જડ હોવાથી ગ્રહણ ન કરી શકે તે કરણજડ.

(૬) **વ્યાધિત** :- ભગંદર, અતિસાર વગેરે રોગો વાળો હોય તે વ્યાધિત.

(૭) **સ્તેન** :- ચોર.

(૮) **રાજાનો અપકારી** :- રાજાના ભંડાર, અંતઃપુર, શરીર, પુત્ર વગેરેનો દ્રોહ કરે તે રાજાપકારી.

(૯) **ઉન્મત્ત** :- ભૂત વગેરેથી ગ્રહણ કરાયેલ તે ઉન્મત્ત.

(૧૦) **અદર્શન** :- કાણો, આંધળો કે થીણદ્ધિનિદ્રાના ઉદયવાળો.

(૧૧) **દાસ** :- દાસ તરીકે અંકિત કરાયેલો કે દાસ થયેલો.

(૧૨) **દુષ્ટ** :- તે બે પ્રકારે છે. તે આ પ્રમાણે -

(i) **કષાયદુષ્ટ** :- ઉત્કટ કષાયવાળો. સરસવની ભાજીના કદાગ્રહવાળા સાધુની જેમ.

(ii) **વિષયદુષ્ટ** :- પરસ્ત્રી વગેરેને વિષે ખૂબ જ આસક્ત હોય તે. તેના બે પ્રકાર છે. તે આ પ્રમાણે -

(a) **સ્વપક્ષવિષયદુષ્ટ** :- જૈનસ્ત્રીમાં આસક્ત.

(b) **પરપક્ષવિષયદુષ્ટ** :- જૈનેતરસ્ત્રીમાં આસક્ત.

અહીં ચતુર્ભંગી છે -

(૧) સ્વપક્ષવિષયદુષ્ટ હોય, પરપક્ષવિષયદુષ્ટ ન હોય.

(૨) સ્વપક્ષવિષયદુષ્ટ ન હોય, પરપક્ષવિષયદુષ્ટ હોય.

(૩) સ્વપક્ષવિષયદુષ્ટ હોય, પરપક્ષવિષયદુષ્ટ હોય.

(૪) સ્વપક્ષવિષયદુષ્ટ ન હોય, પરપક્ષવિષયદુષ્ટ ન હોય.

બીજી રીતે વિષયદુષ્ટના ત્રણ પ્રકાર છે -

(a) **સ્વલિંગવિષયદુષ્ટ** :- સાધ્વીમાં આસક્ત.

(b) **ગૃહીલિંગવિષયદુષ્ટ** :- શ્રાવિકામાં આસક્ત.

(c) **અન્યલિંગવિષયદુષ્ટ** :- અન્યસ્ત્રીમાં આસક્ત.

(૧૩) **મૂઢ** :- મૂર્ખ કે મોહાધીન (સ્નેહથી વસ્તુના યથાવસ્થિત જ્ઞાન વિનાનો).

(૧૪) **ઋણાર્ત** :- ઋણથી પીડાયેલ.

(૧૫) **જુંગિત** :- દૂષિત. તે ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે -

(i) **જાતિજુંગિત** :- ચંડાળ, કોળી વગેરે અસ્પૃશ્ય તે જાતિજુંગિત.

(ii) **કર્મજુંગિત** :- સ્પૃશ્ય હોવા છતાં પણ સ્ત્રી, મોર, કુકડા વગેરેને પોષનારા, વાંસ-દોરડા ઉપર ચઢવું-નખ ધોવા-કસાઈપણું વગેરે નીચ કાર્ય કરનારા તે કર્મજુંગિત.

(iii) **શરીરજુંગિત** :- હાથ, પગ, કાન વગેરે વિનાના હોય તે શરીરજુંગિત.

(૧૬) **ઉપસ્થિત** :- પૈસા લેવાપૂર્વક કે વિદ્યા વગેરે ભણવા માટે પોતાની જાતને બીજાને પરાધીન કરી હોય, વેંચી હોય તે ઉપસ્થિત.

(૧૭) **ભૃતક** :- પગારદાર નોકર.

(૧૮) **શૈક્ષનિષ્ફેટિક** :- રજા વિના જેને દીક્ષા અપાય તે શૈક્ષનિષ્ફેટિક.

## ૧૮ પાપસ્થાનકો

(૧) **પ્રાણાતિપાત** :- સૂક્ષ્મ અને બાદર જીવોની હિંસા કરવી.

(૨) **મૃષાવાદ** :- નાનું કે મોટું જૂઠ બોલવું.

(૩) **અદત્તાદાન** :- નાની કે મોટી ચોરી કરવી.

(૪) **મૈથુન** :- તિર્યંચસંબંધી, મનુષ્યસંબંધી કે દેવસંબંધી મૈથુન સેવવું.

(૫) **પરિગ્રહ** :- થોડો કે ઘણો ધન-ધાન્ય વગેરેનો સંગ્રહ કરવો અને તેની ઉપર મૂર્ચ્છા કરવી.

(૬) **ક્રોધ** :- પોતે ગુસ્સે થવું, બીજાને ગુસ્સે કરવા.

(૭) **માન** :- પોતે અભિમાન કરવું, બીજાને અભિમાની કરવા.

(૮) **માયા** :- પોતે માયા કરવી, બીજાને માયા કરાવવી.

(૯) **લોભ** :- પોતે લોભ કરવો, બીજાને લોભ કરાવવો.

(૧૦) **રાગ** :- પોતે રાગ કરવો, બીજાને રાગ કરાવવો.

(૧૧) **દ્વેષ** :- પોતે દ્વેષ કરવો, બીજાને દ્વેષ કરાવવો.

(૧૨) **કલહ** :- પોતે ઝઘડો કરવો, બીજાને ઝઘડો કરાવવો.

(૧૩) **અભ્યાખ્યાન** :- પોતે આળ મૂકવું, બીજા પાસે આળ મૂકાવવું.

(૧૪) **પૈશુન્ય** :- પોતે ચાડી ખાવી, બીજા પાસે ચાડી ખવડાવવી.

(૧૫) **રતિ-અરતિ** :- પોતે રતિ-અરતિ કરે, બીજા પાસે રતિ-અરતિ કરાવે.

(૧૬) **પરપરિવાદ** :- પોતે બીજાના દોષો બોલે, બીજા પાસે બીજાના દોષો બોલાવડાવે.

(૧૭) **માયામૃષાવાદ** :- પોતે માયાપૂર્વક જૂઠ બોલે, બીજા પાસે માયાપૂર્વક જૂઠ બોલાવે.

(૧૮) **મિથ્યાત્વશલ્ય** :- પોતે અન્ય ધર્મોમાં શ્રદ્ધા કરે, બીજા પાસે અન્યધર્મોમાં શ્રદ્ધા કરાવે.

* * * * *

- ❑ અજીર્ણ થયે ભોજન કરવું નહીં.
- ❑ શસ્ત્રનો ઘા કાળાંતરે પણ રુઝાશે પરંતુ મર્મવચનનો ઘા જિંદગી પર્યંત રુઝાવો મુશ્કેલ છે.
- ❑ કામવિષયનું ચિંતન સર્વનાશનું મૂળ છે અને પ્રભુનું ચિંતન સર્વ દુઃખથી છૂટવાનો મૂળમંત્ર છે.
- ❑ કોઈને પણ મદદ કરીને ભૂલી જાઓ અને તમે કદી કશું પણ કર્યું જ નથી તેમ માનો.
- ❑ આરામ નહીં પણ પ્રયત્ન અને સગવડતા નહીં પણ મુશ્કેલી જ માણસને ઉત્તમ બનાવે છે.
- ❑ માણસને પોતાની દુર્દશાનું જેટલું દુઃખ નથી થતું તેટલું દુઃખ પોતાની દુર્દશાની બીજાને જાણ થાય તેનું થાય છે.
- ❑ સંસારમાં રખડાવનાર મન છે, તેમ સંસારમાંથી છોડાવનાર પણ મન છે.

## (૨૨) બાવીશમી છત્રીશી

૧૮ હજાર શીલાંગોને ધારણ કરનારા

૧૮ પ્રકારના બ્રહ્મચર્યને ધારણ કરનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ꧁ ૧૮ હજાર શીલાંગો ꧂

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કરણ | | મન | | આહાર | | સ્પર્શનેન્દ્રિય | | પૃથ્વીકાય | | ક્ષમા | |
| કરાવણ | 3x | વચન | 3x | ભય | ૪x | રસનેન્દ્રિય | | અપ્કાય | | મૃદુતા | |
| અનુમોદન | | કાયા | | મૈથુન | | ઘ્રાણેન્દ્રિય | ૫x | તઉકાય | | સરળતા | |
| | | | | પરિગ્રહ | | ચક્ષુરિન્દ્રિય | | વાયુકાય | ૧૦x | મુક્તિ | |
| | | | | | | શ્રોત્રેન્દ્રિય | | વનસ્પતિકાય | | તપ | ૧૦ |
| | | | | | | | | બેઈન્દ્રિય | | સંયમ | |
| | | | | | | | | તેઈન્દ્રિય | | સત્ય | |
| | | | | | | | | ચઉરિન્દ્રિય | | શૌચ | |
| | | | | | | | | પંચેન્દ્રિય | | અકિંચનતા | |
| | | | | | | | | અજીવ | | બ્રહ્મચર્ય | |

= ૧૮,000

- ❑ આહારસંજ્ઞાને જીતેલા, સ્પર્શનેન્દ્રિયને દમેલા, ક્ષમાથી યુક્ત સાધુએ મનથી પૃથ્વીકાયનો આરંભ કરવો નહીં.
- ❑ આહારસંજ્ઞાને જીતેલા, સ્પર્શનેન્દ્રિયને દમેલા, ક્ષમાથી યુક્ત સાધુએ મનથી પૃથ્વીકાયનો આરંભ કરાવવો નહીં.
- ❑ આહારસંજ્ઞાને જીતેલા, સ્પર્શનેન્દ્રિયને દમેલા, ક્ષમાથી યુક્ત સાધુએ મનથી પૃથ્વીકાયના આરંભની અનુમોદના કરવી નહીં.
- ❑ આ મનથી ત્રણ શીલાંગો થયા, એમ વચનથી અને કાયાથી પણ ૩-૩ શીલાંગો થાય. આમ ૯ શીલાંગો થયા.
- ❑ આ ૯ શીલાંગો આહારસંજ્ઞાને જીતેલાની અપેક્ષાએ થયા. એમ અન્ય ત્રણ સંજ્ઞાઓને જીતેલાની અપેક્ષાએ પણ ૯-૯ શીલાંગો થાય. આમ ૩૬ શીલાંગો થયા.
- ❑ આ ૩૬ શીલાંગો સ્પર્શનેન્દ્રિયને દમેલાની અપેક્ષાએ થયા. એમ

અન્ય ચાર ઈન્દ્રિયોને દમેલાની અપેક્ષાએ પણ ૩૬-૩૬ શીલાંગો થાય. આમ ૧૮૦ શીલાંગો થયા.

- આ ૧૮૦ શીલાંગો ક્ષમાથી યુક્તની અપેક્ષાએ થયા. એમ અન્ય ૯ યતિધર્મોથી યુક્તની અપેક્ષાએ પણ ૧૮૦-૧૮૦ શીલાંગો થાય. આમ ૧,૮૦૦ શીલાંગો થયા.
- આ ૧,૮૦૦ શીલાંગો પૃથ્વીકાયનો આરંભ વગેરે ન કરવાની અપેક્ષાએ થયા. એમ અપ્કાય વગેરે ૯ નો આરંભ વગેરે ન કરવાની અપેક્ષાએ પણ ૧,૮૦૦-૧,૮૦૦ શીલાંગો થાય.

આમ કુલ ૧૮,૦૦૦ શીલાંગો થાય.

## ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય

(૧) મનથી દેવસંબંધી મૈથુન કરવું નહીં.
(૨) વચનથી દેવસંબંધી મૈથુન કરવું નહીં.
(૩) કાયાથી દેવસંબંધી મૈથુન કરવું નહીં.
(૪) મનથી દેવસંબંધી મૈથુન કરાવવું નહીં.
(૫) વચનથી દેવસંબંધી મૈથુન કરાવવું નહીં.
(૬) કાયાથી દેવસંબંધી મૈથુન કરાવવું નહીં.
(૭) મનથી દેવસંબંધી મૈથુન અનુમોદવું નહીં.
(૮) વચનથી દેવસંબંધી મૈથુન અનુમોદવું નહીં.
(૯) કાયાથી દેવસંબંધી મૈથુન અનુમોદવું નહીં.
(૧૦) મનથી મનુષ્ય-તિર્યંચસંબંધી મૈથુન કરવું નહીં.
(૧૧) વચનથી મનુષ્ય-તિર્યંચસંબંધી મૈથુન કરવું નહીં.
(૧૨) કાયાથી મનુષ્ય-તિર્યંચસંબધી મૈથુન કરવું નહીં.
(૧૩) મનથી મનુષ્ય-તિર્યંચસંબંધી મૈથુન કરાવવું નહીં.
(૧૪) વચનથી મનુષ્ય-તિર્યંચસંબંધી મૈથુન કરાવવું નહીં.
(૧૫) કાયાથી મનુષ્ય-તિર્યંચસંબંધી મૈથુન કરાવવું નહીં.
(૧૬) મનથી મનુષ્ય-તિર્યંચસંબંધી મૈથુન અનુમોદવું નહીં.
(૧૭) વચનથી મનુષ્ય-તિર્યંચસંબંધી મૈથુન અનુમોદવું નહીં.
(૧૮) કાયાથી મનુષ્ય-તિર્યંચસંબંધી મૈથુન અનુમોદવું નહીં.

* * * * *

## (૨૩) ત્રેવીશમી છત્રીશી

૧૯ કાઉસ્સગ્ગના દોષ વર્જનારા
૧૭ પ્રકારના મરણને કહેનારા

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૧૯ કાઉસ્સગ્ગના દોષો

(૧) **ઘોટક** :- ઘોડાની જેમ પગ ઊંચા-નીચા રાખવા તે.

(૨) **લતા** :- પવનથી હલતી વેલડીની જેમ કંપવું તે.

(૩) **સ્તંભાદિ** :- થાંભલાને કે દીવાલને ટેકીને ઊભા રહેવું તે.

(૪) **માળ** :- માળ ઉપર માથું ટેકીને ઊભા રહેવું તે.

(૫) **ઉદ્ધિ** :- ગાડાની ઉધની જેમ બે અંગુઠા કે બે પાની ભેગી કરીને ઊભા રહેવું તે.

(૬) **શબરી** :- વસ્ત્ર રહિત ભીલની સ્ત્રીની જેમ ગુહ્યસ્થાનની આગળ બે હાથ રાખીને ઊભા રહેવું તે.

(૭) **નિગડ** :- બેડીમાં બંધાયેલાની જેમ બે પગ ભેગા કે પહોળા કરીને ઊભા રહેવું તે.

(૮) **ખલિણ** :- લગામની જેમ રજોહરણ આગળ રાખીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૯) **વહુ** :- વહુની જેમ મોઢું નીચું રાખવું તે.

(૧૦) **લંબુત્તર** :- ચોલપટ્ટો ઢીંચણથી નીચે સુધી પહેરવો તે.

(૧૧) **સ્તનસંયતી** :- મચ્છર વગેરેના દંશથી બચવા માટે કે અજ્ઞાનથી હૃદયને સાધ્વીજીની જેમ ઢાંકવું તે.

(૧૨) **ભ્રમર** :- ભ્રમર ચલાવવી તે.

(૧૩) **અંગુલી** :- લોગસ્સ, નવકાર વગેરે ગણવા અંગૂઠો આંગળીઓ ઉપર હલાવવો તે.

(૧૪) **વાયસ** :- કાગડાની જેમ આંખના ડોળા ફેરવવા તે.

(૧૫) **કપિત્થ** :- પહેરેલું વસ્ત્ર બગડી જવાના ભયથી કે ભમરી વગેરેના ભયથી તેને કોઠાના ફળની જેમ ગોળ ડુચો કરીને બે જાંઘની વચ્ચે સંકોચી રાખવું તે.

(૧૬) **શિરકંપ** :- યક્ષાવિષ્ટની જેમ માથું હલાવવું તે.

(૧૭) **મૂક** :- મૂંગાની જેમ 'હુ, હુ' અવાજ કરવો તે.

(૧૮) **વારુણી** :- દારૂ બનતી વખતે જેમ બુડ બુડ અવાજ આવે તે રીતે અવાજ કરતાં કાઉસ્સગ્ગ કરવો તે.

(૧૯) **પ્રેક્ષા** :- વાંદરાની જેમ હોઠ હલાવવા તે.

## ૧૭ પ્રકારના મરણ

(૧) **આવીચિમરણ** :- પ્રતિસમય આયુષ્યકર્મના દલિકોનો ક્ષય થવો તે આવીચિમરણ.

(૨) **અવધિમરણ** :- આયુષ્યકર્મના જે દલિકોને અનુભવીને એકવાર મર્યો હોય તે જ દલિકોને અનુભવીને ફરી મરે તો એ અવધિમરણ છે.

(૩) **આત્યંતિકમરણ** :- નરક વગેરે આયુષ્યના જે દલિકોને અનુભવીને મરે ફરીવાર તે જ દલિકોને અનુભવીને મરવાનું ન હોય તો એ આત્યંતિકમરણ છે.

(૪) **બલાકામરણ** :- સંયમયોગોમાં સીદાતાંનું મરણ તે બલાકામરણ.

(૫) **વશાર્તમરણ** :- ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થયેલાનું મરણ તે વશાર્તમરણ.

(૬) **સશલ્યમરણ** :- પ્રાયશ્ચિત્ત વિનાના જીવનું મરણ તે સશલ્યમરણ.

(૭) **તદ્ભવમરણ** :- મરીને ફરી તેવા ભવમાં મરવું તે તદ્ભવમરણ. અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્યો - તિર્યંચો, દેવો, નારકીઓ સિવાયના કેટલાક શેષ મનુષ્યો - તિર્યંચોને આ મરણ હોય છે.

(૮) **બાલમરણ** :- અવિરતનું મરણ તે બાલમરણ.

(૯) **પંડિતમરણ** :- વિરતિધરનું મરણ તે પંડિતમરણ.

(૧૦) **મિશ્રમરણ** :- દેશવિરતનું મરણ તે મિશ્રમરણ.

(૧૧) **છદ્મસ્થમરણ** :- ચારજ્ઞાનવાળા સુધીનાનું મરણ તે છદ્મસ્થમરણ.

(૧૨) **કેવલીમરણ** :- કેવળજ્ઞાનીનું મરણ તે કેવળીમરણ.

(૧૩) **ગૃધ્રપૃષ્ઠમરણ** :- ગીધ વગેરેના ખાવાથી થતું મરણ તે ગૃધ્રપૃષ્ઠમરણ.

(૧૪) **વૈહાનસમરણ** :- ગળે ફાંસો ખાઈને થતું મરણ તે વૈહાનસમરણ.

(૧૫) **ભક્તપરિજ્ઞામરણ** - બધા આહારનો ત્યાગ કરવા પૂર્વક અને પરિકર્મપૂર્વક મરવું તે ભક્તપરિજ્ઞામરણ.

(૧૬) **ઈંગિનીમરણ** :- બધા આહારનો ત્યાગ કરવા પૂર્વક અને પરિકર્મ વિના મરવું તે ઈંગિનીમરણ.

(૧૭) **પાદપોપગમનમરણ** :- બધા આહારનો ત્યાગ કરવાપૂર્વક કપાયેલ વૃક્ષની જેમ નિશ્ચલ રહીને મરવું તે પાદપોપગમનમરણ.

* * * * *

- ❑ દીવાના ગ્લાસમાં પાણી અને તેલ બંને ભરેલા હતા. પાણીએ તેલને કહ્યું, 'હું તારા કરતા શ્રેષ્ઠ છું, છતાં તું શા માટે મારા મસ્તક ઉપર પથરાઈ ગયું છે ?' તેણે જવાબ આપ્યો, 'મેં તો અનેક પ્રકારના દુઃખો સહન કર્યા છે. પહેલા તલરૂપે હું ભૂમિમાં દટાયો, છોડ બની કપાયો, કચડાયો, ઘાણીમાં પીલાયો અને છેલ્લે લોકોને પ્રકાશ આપવા અગ્નિમાં બળ્યો. ત્યારે હું બીજાને પ્રકાશ આપવા શક્તિમાન થયો. તેથી જ તારા કરતા મારામાં શ્રેષ્ઠતા આવી છે અને હું તારા માથા ઉપર ચઢી બેસું છું.'
- ❑ અતિ ઉતાવળ અને અતિ અધિરાઈ - અતિ હાનિરૂપ નીવડે છે.
- ❑ 'જો આમ હોત તો આમ થાત' - એવા શબ્દો નિર્બળતાનું પ્રદર્શન કરે છે, કુશળતાની ગેરહાજરીની કબૂલાત કરે છે.
- ❑ જાતમહેનત તે દુઃખનું ઔષધ છે.

## (૨૪) ચોવીશમી છત્રીશી

૨૦ અસમાધિસ્થાનોનો ત્યાગ કરનારા
૧૦ એષણાના દોષોનો ત્યાગ કરનારા
૫ ગ્રાસૈષણાના દોષોનો ત્યાગ કરનારા
૧ મિથ્યાત્વનો ત્યાગ કરનારા

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૨૦ અસમાધિસ્થાનો

(૧) **દ્રુતદ્રુતચારી** :- ઉતાવળથી જોયા વિના ચાલવું.

(૨) **અપ્રમાર્જિતસ્થાયી** :- પ્રમાર્જના નહીં કરેલ સ્થાનમાં રહેવું.

(૩) **દુષ્પ્રમાર્જિતસ્થાયી** :- ખરાબ રીતે પ્રમાર્જના કરેલ સ્થાનમાં રહેવું.

(૪) **ઘંઘશાલાદિસેવી** :- શાસ્ત્રાજ્ઞાથી વધારે શય્યા વાપરવી, ઘંઘશાલા વગેરેમાં રહેવું.

(૫) **અતિરિક્તશયનાદિસેવી** :- શાસ્ત્રાજ્ઞાથી વધારે શયન-આસન-વસ્ત્ર-પાત્રા વગેરે ઉપકરણો વાપરવા.

(૬) **રત્નાધિકપરિભાષી** :- રત્નાધિકની સામે બોલવું.

(૭) **સ્થવિરોપઘાતી** :- સ્થવિરનો ઉપઘાત (વિનાશ) કરવો.

(૮) **ભૂતોપઘાતી** :- પૃથ્વીકાયાદિ જીવોનો નાશ કરવો.

(૯) **સંજ્વલનોપઘાતી** :- ક્ષણિક કોપ કરવો.

(૧૦) **દીર્ઘકોપી** :- લાંબા સમય સુધી ગુસ્સો કરવો.

(૧૧) **પરાઙ્મુખાવર્ણવાદી** :- પીઠની પાછળ અવર્ણવાદ કરવા.

(૧૨) **અભીક્ષ્ણં ચૌરસ્ત્વમિત્યાદિવાદી** :- કોઈ દોષિતને વારંવાર 'તું ચોર છે.' એમ કહેવું.

(૧૩) **ઉપશાન્તઅધિકરણોદીરક** :- શાંત કરેલા ઝઘડાની ઉદીરણા કરવી.

(૧૪) **અકાલસ્વાધ્યાયકારી** :- અકાળે સ્વાધ્યાય કરવો.

(૧૫) **સરજસ્કપાણિપાદ** :- સચિત્ત પૃથ્વીવાળા હાથ-પગ હોવા છતાં પ્રવૃત્તિ કરવી.

(૧૬) **રાત્રાવુચ્ચૈઃ શબ્દકરઃ** :- રાત્રે (દિવસે પણ) મોટેથી અવાજ કરવો.

(૧૭) **કલહકર** :- ઝઘડો કરવો.

(૧૮) **ગણભેદકારી** :- ગણનો ભેદ કરવો.

(૧૯) **સૂર્યપ્રમાણભોજી** :- સૂર્ય અસ્ત થાય ત્યાં સુધી ભોજન કરવું.

(૨૦) **એષણાયામસમિતઃ** :- એષણાસમિતિનું પાલન ન કરવું.

## ☙ ૧૦ એષણાના દોષો ❧

(૧) **શંકિત** :- શુદ્ધ એવા ભોજનમાં પણ 'આ અશુદ્ધ છે.' એવી શંકા કરવી તે શંકિત.

(૨) **મ્રક્ષિત** :- અચિત્તથી કે આગમમાં નિંદિત વસ્તુથી ખરડાયેલું તે મ્રક્ષિત.

(૩) **નિક્ષિપ્ત** :- સચિત્ત પૃથ્વી વગેરે ઉપર રાખેલું તે નિક્ષિપ્ત.

(૪) **પિહિત** :- સચિત્ત ફળ વગેરેથી ઢંકાયેલું તે પિહિત.

(૫) **સંહૃત** :- વાસણમાં રહેલી વહેરાવવા માટે અયોગ્ય વસ્તુને અયોગ્ય એવા સચિત્ત વગેરેમાં નાંખીને તે વાસણથી અપાય તે સંહૃત.

(૬) **દાયક** :- તેના ઘણા પ્રકાર છે. તે આ પ્રમાણે -

- (i) **સ્થવિર** :- ૭૦ વર્ષની (મતાંતરે ૬૦ વર્ષની) ઉપરનો હોય તે સ્થવિર.
- (ii) **અપ્રભુ** :- માલિક ન હોય તે અપ્રભુ.
- (iii) **નપુંસક** :- ત્રીજા વેદવાળો હોય તે નપુંસક.
- (iv) **કંપતો** :- ધ્રુજતાં શરીરવાળો હોય તે કંપતો.
- (v) **જ્વરિત** :- તાવવાળો હોય તે જ્વરિત.
- (vi) **અંધ** :- આંખ વિનાનો હોય તે અંધ.
- (vii) **અવ્યક્ત** :- ૮ વર્ષની નીચેની વયનો હોય તે અવ્યક્ત.
- (viii) **મત્ત** :- દારૂ પીધેલ હોય તે મત્ત.
- (ix) **ઉન્મત્ત** :- અભિમાની કે ગ્રહ-ભૂત વગેરેથી ઘેરાયેલ હોય તે ઉન્મત્ત.

(x) **છિન્નકર** :- જેના હાથ કપાયેલા હોય તે છિન્નકર.

(xi) **છિન્નચરણ** :- જેના પગ કપાયેલ હોય તે છિન્નચરણ.

(xii) **પ્રગલિત** :- ગળતાં કોઢવાળો હોય તે પ્રગલિત.

(xiii) **નિગડિત** :- બેડીથી બંધાયેલ હોય તે નિગડિત.

(xiv) **પાદુકારૂઢ** :- પાદુકા પહેરેલા હોય તે પાદુકારૂઢ.

(xv) **ખાંડતો** :- અનાજ વગેરે ખાંડતો હોય તે.

(xvi) **પીસતો** :- અનાજ વગેરે પીસતો હોય તે.

(xvii) **ભૂંજતો** :- ચણા વગેરે ભૂંજતો હોય તે.

(xviii) **કાંતતો** :- રેંટીયાથી રૂની પૂણીને સૂતર રૂપે કરતો હોય તે.

(xix) **લોઢતો** :- લોખંડની પાટલી પર લોખંડના સળીયા વડે કપાસીયાને છૂટા કરીને રૂ બનાવતો હોય તે.

(xx) **છૂટું કરતો** :- બે હાથ વડે વારંવાર રૂને છૂટું કરતો હોય તે.

(xxi) **પિંજતો** :- પિંજવા વડે રૂને છૂટું કરતો હોય તે.

(xxii) **દળતો** :- ઘંટીમાં અનાજ દળતો હોય તે.

(xxiii) **મથતો** :- દહીંનું વલોણું કરતો હોય તે.

(xxiv) **ખાતો** :- જમતો હોય તે.

(xxv) **ગર્ભિણી** :- ગર્ભવાળી સ્ત્રી હોય તે.

(xxvi) **બાલવત્સા** :- નાના બાળકવાળી સ્ત્રી હોય તે.

(xxvii) છ કાયને ગ્રહણ કરતો.

(xxviii) છ કાયનો સંઘટ્ટો કરતો.

(xxix) છ કાયનો આરંભ કરતો.

(xxx) છ કાયને નાંખતો.

(xxxi) અનાજ વગેરેને અન્ય સ્થાને લઈ જતો.

(xxxii) ચોરેલું આપતો હોય તે.

(xxxiii) પારકું આપતો હોય તે.

(xxxiv) બીજા માટે આપતો હોય તે.

(xxxv) બલીને રાખતો હોય તે.

(xxxvi) કોઠી વગેરે ફેરવતો હોય તે.

(xxxvii) **સપ્રત્યપાય** :- જ્યાં અપાય હોય તે સપ્રત્યપાય.

આવા દાયકોના હાથે વહોરવું નહીં.

(૭) **ઉન્મિશ્ર** :- કલ્પ્ય અને અકલ્પ્યને ભેગું કરીને આપે તે ઉન્મિશ્ર.

(૮) **અપરિણત** :- તે બે પ્રકારે છે -

(i) **દ્રવ્યઅપરિણત** :- અચિત્ત નહીં થયેલું તે દ્રવ્યઅપરિણત.

(ii) **ભાવઅપરિણત** :- દાયકના આપવાના ભાવ ન હોય તે ભાવઅપરિણત.

(૯) **લિપ્ત** :- સંસૃષ્ટ-અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ-અસંસૃષ્ટ વાસણ, સાવશેષ-નિરવશેષ દ્રવ્ય - આ ત્રણ પદના આઠ ભાંગા થાય. તે આ પ્રમાણે -

| ક્ર. | હાથ | વાસણ | દ્રવ્ય |
|---|---|---|---|
| ૧ | સંસૃષ્ટ | સંસૃષ્ટ | નિરવશેષ |
| ૨ | સંસૃષ્ટ | સંસૃષ્ટ | સાવશેષ |
| ૩ | સંસૃષ્ટ | અસંસૃષ્ટ | નિરવશેષ |
| ૪ | સંસૃષ્ટ | અસંસૃષ્ટ | સાવશેષ |
| ૫ | અસંસૃષ્ટ | સંસૃષ્ટ | નિરવશેષ |
| ૬ | અસંસૃષ્ટ | સંસૃષ્ટ | સાવશેષ |
| ૭ | અસંસૃષ્ટ | અસંસૃષ્ટ | નિરવશેષ |
| ૮ | અસંસૃષ્ટ | અસંસૃષ્ટ | સાવશેષ |

સંસૃષ્ટ = ખરડાયેલ, અસંસૃષ્ટ = નહીં ખરડાયેલ, સાવશેષ = વાસણમાં થોડું બાકી રાખેલ, નિરવશેષ = બાકી રાખ્યા વિના, બધું. આ આઠ ભાંગામાંથી ૧લા, ૩જા, ૫મા, ૭મા ભાંગાવાળું આપે તે લિપ્ત.

(૧૦) **પરિશાટિ** :- ઢોળતાં ઢોળતાં વહોરાવાય તે પરિશાટિ.

## ꧁ ૫ ગ્રાસૈષણાના દોષો ꧂

(૧) **સંયોજના** :- સ્વાદ માટે બે કે વધુ દ્રવ્યોને ભેગા કરવા તે સંયોજના. દા.ત. દૂધમાં સાકર નાંખવી તે.

(૨) **પ્રમાણાતિરિક્ત** :- પ્રમાણ = હોજરીના છટ્ઠા ભાગ જેટલું ઓછું વાપરવું તે. પ્રમાણ કરતા વધુ વાપરવું તે પ્રમાણાતિરિક્ત. પુરુષોનો આહાર ૩૨ કોળિયાનો હોય છે. સ્ત્રીઓનો આહાર ૨૮ કોળિયાનો હોય છે. નપુંસકોનો આહાર ૨૪ કોળિયાનો હોય છે.

(૩) **ઈંગાલ** :- રાગપૂર્વક પ્રશંસા કરીને વાપરવું તે ઈંગાલ.

(૪) **ધૂમ** :- દ્વેષપૂર્વક નિંદા કરીને વાપરવું તે ધૂમ.

(૫) **અકારણ** :- વાપરવાના છ કારણો છે. તે આ પ્રમાણે-

(i) **વેદના** :- ભૂખની વેદનાને શાંત કરવા ભોજન કરવું.

(ii) **વૈયાવચ્ચ** :- વૈયાવચ્ચ કરવા માટે ભોજન કરવું.

(iii) **ઈર્યાસમિતિનું પાલન** :- ઈર્યાસમિતિનું પાલન કરવા માટે ભોજન કરવું.

(iv) **સંયમ** :- સંયમનું પાલન કરવા માટે ભોજન કરવું.

(v) **પ્રાણવૃત્તિ** :- પ્રાણોને ટકાવવા ભોજન કરવું.

(vi) **ધર્મધ્યાન** કે **શ્રુતાભ્યાસ** કરવા ભોજન કરવું.

આ છ કારણો વિના વાપરવું તે અકારણ.

## ꧁ ૧ પ્રકારનું મિથ્યાત્વ ꧂

અદેવને વિષે દેવપણાની બુદ્ધિ, અગુરુને વિષે ગુરુપણાની બુદ્ધિ, અધર્મને વિષે ધર્મપણાની બુદ્ધિ તે મિથ્યાત્વ. મિથ્યાત્વ એ પરમ રોગ છે. મિથ્યાત્વ એ પરમ અંધકાર છે. મિથ્યાત્વ એ પરમ શત્રુ છે. મિથ્યાત્વ એ પરમ વિષ છે. રોગ, અંધકાર, શત્રુ અને વિષ એક ભવમાં દુઃખ આપે છે, મિથ્યાત્વ અનેક ભવોમાં દુઃખ આપે છે.

* * * * *

# (૨૫) પચીશમી છત્રીશી

૨૧ શબલોનો ત્યાગ કરનારા

૧૫ સ્થાનોને સ્વીકારવા વડે શિક્ષાશીલ

(૧૫ સ્થાનોને સ્વીકારીને તેનો અભ્યાસ કરનારા)

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

## ૨૧ શબલો

ચારિત્રને કાબરચીતરું કરે તે શબલ. તે મૂળથી ચારિત્રની વિરાધના ન કરે પણ ચારિત્રને મલિન કરે. તે ૨૧ છે. તે આ પ્રમાણે -

(૧) એક મહિનામાં ત્રણ વાર દગલેપ કરવા (નાભિ જેટલા પાણીમાં ઊતરવું) અને એક મહિનામાં ત્રણ વાર માયા કરવી (ભૂલો કરીને છુપાવવી).

(૨) એક વર્ષમાં દસ વાર દગલેપ કરવા (નાભિ સુધીના પાણીમાં ઊતરવું). અને એક વર્ષમાં દસ વાર માયા કરવી (ભૂલો કરીને છુપાવવી).

(૩) ઈરાદાપૂર્વક ૧, ૨ કે ૩ વાર વનસ્પતિને તોડવા વગેરે રૂપ હિંસા કરવી.

(૪) ઈરાદાપૂર્વક ૧, ૨ કે ૩ વાર જૂઠું બોલવું.

(૫) ઈરાદાપૂર્વક ૧, ૨ કે ૩ વાર અદત્ત વસ્તુ લેવી.

(૬) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે દિવ્યાદિ ત્રણ પ્રકારનું (દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી) મૈથુન સેવવું.

(૭) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે રાત્રિભોજન કરવું.

(૮) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે આધાકર્મી વાપરવું.

(૯) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે રાજપિંડ વાપરવો.

(૧૦) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે ક્રીતપિંડ વાપરવો.

(૧૧) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે પ્રામિત્યકપિંડ વાપરવો.

(૧૨) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે અભ્યાહૃતપિંડ વાપરવો.

(૧૩) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે આચ્છેદ્યપિંડ વાપરવો.

(૧૪) અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે વારંવાર પચ્ચક્ખાણ કરેલ વસ્તુ વાપરવી.

(૧૫) ઈરાદાપૂર્વક કંદ વગેરે વાપરવા.

(૧૬) સચિત્ત પાણીથી ભીંજાયેલા-ગળતાં જળબિંદુવાળા હાથવાળા કે પાત્રવાળા ગૃહસ્થ પાસેથી ભોજન વહોરીને વાપરવું.

(૧૭) ઈરાદાપૂર્વક ભીની, કીડી-મંકોડા વગેરેના ઈંડાવાળી, ત્રસ જીવવાળી કે સચિત્ત બીજવાળી જમીન ઉપર, સચિત્ત પથ્થર ઉપર, કીડાવાળા લાકડા ઉપર ઊભા રહેવું, બેસવું.

(૧૮) અંતર (આસન) વિના પૃથ્વી ઉપર બેસવું.

(૧૯) સચિત્ત પાણીથી ભીના અને સચિત્ત રજવાળા શરીરપૂર્વક વાપરવું.

(૨૦) જ્ઞાનાદિ પ્રયોજન વિના છ માસમાં એક ગણમાંથી બીજા ગણમાં સંક્રમણ કરવું.

(૨૧) હસ્તકર્મ, અનંગક્રીડા વગેરે કરવા-કરાવવારૂપ અબ્રહ્મ કરવું.

## ૧૫ સ્થાનો વડે શિક્ષાશીલ

(૧) **નીચવૃત્તિ** :- ઉદ્ધત ન હોય, ગુરુજનોને વિષે નમ્રતાવાળો હોય.

(૨) **અચપળ** :- ચપળ ન હોય.

ચપળના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે -

(i) **ગતિચપળ** :- ઝડપથી ચાલનારો હોય તે.

(ii) **સ્થાનચપળ** :- જે બેઠેલો હોવા છતાં હાથ વગેરે ચલાવતો જ હોય તે.

(iii) **ભાષાચપળ** :- તેના ચાર પ્રકાર છે -

(a) **અસત્પ્રલાપી** :- જે વિદ્યમાન ન હોય તે વિદ્યમાન છે એમ કહે તે. દા.ત. 'આકાશપુષ્પ છે' એમ કહે.

(b) **અસભ્યપ્રલાપી** :- કર્કશ, કઠોર ભાષા બોલે તે.

(c) **અસમીક્ષ્યપ્રલાપી** :- વિચાર્યા વિના બોલે તે.

(d) **અદેશકાલપ્રલાપી** :- જે કાર્ય થઈ ગયા પછી કહે કે, 'જો

ત્યારે ત્યાં આમ કર્યું હોત તો સારું થાત.' તે.

(iv) **ભાવચપળ :-** જે પ્રસ્તુત સૂત્ર-અર્થ પૂર્ણ થયા પહેલા જ અન્ય સૂત્ર-અર્થ ગ્રહણ કરે તે.

(૩) **અમાયી :-** માયાવી ન હોય, સારા આહાર વગેરેને પામીને ગુરુ વગેરેને ઠગે નહીં.

(૪) **અકુતૂહલી :-** કુતૂહલવાળો ન હોય. ઈન્દ્રજાળ વગેરે કૌતુકો જોવામાં તત્પર ન હોય.

(૫) **અનધિક્ષેપી :-** તિરસ્કાર ન કરે.

(૬) **પ્રબંધ ન કરે :-** લાંબો ગુસ્સો ન કરે.

(૭) **મૈત્રી કરનારા પર ઉપકાર કરે :-** ઉપકારનો બદલો વાળવા પ્રયત્ન કરે. ઉપકારનો બદલો વાળવા અશક્ત હોય તો કૃતઘ્ન ન થાય.

(૮) **શ્રુત પામીને મદ ન કરે :-** શ્રુત પામીને તેનાથી મદના દોષો જાણીને નમ્ર બને.

(૯) **અપાપપરિક્ષેપી :-** આચાર્ય વગેરેની સ્ખલના થાય તો નિંદા ન કરે.

(૧૦) **મિત્રો ઉપર ગુસ્સો ન કરે :-** કદાચ મિત્ર અપરાધ કરે તો પણ ગુસ્સો ન કરે.

(૧૧) **અપ્રિય મિત્રનું પણ એકાંતમાં કલ્યાણકારી કહે :-** મિત્ર સેંકડો અપકાર કરે તો પણ તેણે કરેલા ઉપકારને યાદ કરીને એકાંતમાં પણ તેના દોષ ન કહે.

(૧૨) **કલહડમરવર્જી :-** કલહ-ડમર ન કરે. કલહ એટલે વચનોથી થતો ઝઘડો. ડમર એટલે હાથ-પગ વગેરેથી થતો ઝઘડો.

(૧૩) **અભિજાત :-** કુલીન હોય. ઊંચી જાતિના બળદની જેમ ઉપાડેલા ભારને બરાબર વહન કરે.

(૧૪) **લજ્જાવાન :-** લજ્જાળુ હોય. તે ખરાબ ભાવ આવે તો પણ અકાર્ય કરતાં લજ્જા પામે.

(૧૫) **પ્રતિસંલીન :-** પ્રતિસંલીન હોય. ગુરુ પાસે કે અન્યત્ર રહેલો તે કાર્ય વિના ચેષ્ટા ન કરે.

* * * * *

# (૨૬) છવ્વીશમી છત્રીશી

૨૨ પરીષહોને સહન કરનારા.
૧૪ અભ્યંતર ગ્રંથીનો ત્યાગ કરનારા.

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો

## ꕥ ૨૨ પરીષહો ꕥ

કર્મની નિર્જરા માટે સંયમ માર્ગનો ત્યાગ કર્યા વિના સમતાપૂર્વક સહન કરવા યોગ્ય પ્રતિકૂળતાઓ તે પરીષહ કહેવાય છે. તેવા બાવીશ પરીષહો છે. પરીષહને સાંભળી, જાણી અને અભ્યાસથી જીતી લેવા જોઈએ, પણ સંયમનો નાશ થવા ન દેવો.

(૧) **ક્ષુધા** :- ભૂખને સહન કરવી, પણ દોષિત આહારને ગ્રહણ કરવો નહિ તથા મનમાં આર્તધ્યાન ન કરવું.

(૨) **તૃષા** :- તરસને સહન કરવી, પણ સચિત્ત પાણી કે મિશ્ર પાણીનો ઉપયોગ કરવો નહીં.

(૩) **શીત** :- ઠંડી સહન કરવી, પણ અકલ્પ્ય વસ્ત્રાદિ કે અગ્નિની ઈચ્છા કરવી નહીં.

(૪) **ઉષ્ણ** :- ઉનાળામાં ગરમીમાં ચાલવા છતાં છત્રીની, સ્નાન-વિલેપનની કે શરીર ઉપર પાણીના ટીપા નાંખવાની ઈચ્છા ન કરવી.

(૫) **દંશ** :- મચ્છર, જુ, માંકડ, ડાંસ વગેરે ડંખ મારે તો પણ ત્યાંથી ખસી અન્ય સ્થાને જવાની ઈચ્છા ન કરવી. તેમને મારવા નહીં, તેમજ દ્વેષ ન કરવો.

(૬) **અચેલ** :- વસ્ત્ર ન મળે, અથવા જીર્ણ મળે તો પણ દીનતા ન કરવી, તેમજ બહુ મૂલ્યવાન વસ્ત્રોની ઈચ્છા ન કરવી, પણ જીર્ણ વસ્ત્ર ધારણ કરવા.

(૭) **અરતિ** :- સંયમમાં પ્રતિકૂળતાદિ આવે ત્યારે કંટાળો ન કરવો, પણ શુભ ભાવના ભાવવી, તેમજ સંયમ છોડવા ઈચ્છા ન કરવી.

(૮) **સ્ત્રી** :- સ્ત્રી સંયમમાર્ગમાં વિઘ્નકર્તા છે. તેથી તેના ઉપર રાગપૂર્વક દૃષ્ટિ પણ કરવી નહિ. તથા તેના અંગોપાંગ જોવા નહીં. તેનું ધ્યાન

કરવું નહીં અને તેને આધીન થવું નહીં.

(૯) **ચર્યા** :- એક સ્થાને સદાકાળ ન રહેતાં ગ્રામાનુગ્રામ વિચરવું, નવકલ્પી વિહાર કરવો, વિહારમાં કંટાળવું નહીં.

(૧૦) **નૈષેધિકી સ્થાન** :- શૂન્યગૃહ, શ્મશાન વગેરે સ્થાનોમાં રહેવું, અથવા સ્ત્રી, નપુંસક, પશુ, આદિ રહિત સ્થાનમાં રહેવું, પ્રતિકૂળ સ્થાન હોવા છતાં ઉદ્વેગ ન કરવો.

(૧૧) **શય્યા** :- ઊંચી-નીચી ઈત્યાદિ પ્રતિકૂળ શય્યા (સંથારાની જગ્યા) મળવાથી ઉદ્વેગ ન કરવો, અનુકૂળ શય્યા મળવાથી હર્ષ ન કરવો.

(૧૨) **આક્રોશ** :- કોઈ તિરસ્કાર કરે તો તેના ઉપર દ્વેષ ન કરવો, પણ તેને ઉપકારી માનવો.

(૧૩) **વધ** :- કોઈ હણી નાખે, મારી નાખે તો પણ મારનાર ઉપર દ્વેષ ન કરવો, તેમજ મનમાં ખરાબ વિચાર ન કરવા.

(૧૪) **યાચના** :- ગોચરી, પાણી, વસ્ત્રાદિની યાચનામાં લજ્જા ન રાખવી.

(૧૫) **અલાભ** :- યાચના કરવા છતાં વસ્તુ ન મળે તો લાભાન્તરાય કર્મનો ઉદય છે એમ વિચારી ઉદ્વેગ ન કરવો.

(૧૬) **રોગ** :- રોગ આવે ત્યારે સ્થવિરકલ્પી મુનિ શાસ્ત્રવિધિ મુજબ નિર્દોષ ઉપચારો કરે અને રોગ દૂર ન થાય તો પણ ધીરજ રાખી પોતાના કર્મના ઉદયને વિચારે.

(૧૭) **તૃણ** :- તૃણ, ડાભનો સંથારો હોય અને તેની અણીઓ શરીરમાં વાગે અથવા વસ્ત્રનો સંથારો કર્કશ હોવાને કારણે ખૂંચે તો પણ ઉદ્વેગ ન કરતાં સહન કરવું.

(૧૮) **મલ** :- શરીર, કપડાં વગેરે મલિન હોય તો પણ દુર્ગંચ્છા ન કરવી અને તે દૂર કરવાનો પ્રયત્ન ન કરવો.

(૧૯) **સત્કાર** :- લોકમાં માન, સત્કાર મળે તેથી આનંદ ન પામવું તથા ન મળે તો ઉદ્વેગ ન કરવો.

(૨૦) **પ્રજ્ઞા** :- બહુ બુદ્ધિશાળી કે જ્ઞાની હોય, તેથી લોકો બહુ પ્રશંસા કરે, તે સાંભળી ગર્વ કે અભિમાન ન કરે, પણ એમ વિચારે કે પૂર્વે મારાથી

અનેકગુણા બુદ્ધિશાળી અને જ્ઞાની થયેલા છે તો હું કોણ ?

(૨૧) **અજ્ઞાન** :- અલ્પબુદ્ધિ અને અજ્ઞાન હોવાથી ઉદ્વેગ ન કરે, કંટાળો ન લાવે, પણ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વિચારી સંયમભાવમાં લીન બને.

(૨૨) **સમ્યક્ત્વ પરીષહ** :- કષ્ટ કે ઉપસર્ગ આવે અથવા શાસ્ત્રના સૂક્ષ્મ અર્થ ન સમજાય કે પરદર્શનમાં ચમત્કાર દેખાય તો પણ સર્વજ્ઞભાષિત જિનધર્મથી ચલાયમાન ન થવું.

**ક્યા કર્મ સંબંધી કેટલા અને ક્યા પરીષહો ?**

| કર્મ | પરીષહ | કુલ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | પ્રજ્ઞા, અજ્ઞાન | ૨ |
| અંતરાય | અલાભ | ૧ |
| ચારિત્રમોહનીય | અરતિ, અચેલ, સ્ત્રી, નૈષિધિકીસ્થાન, યાચના, આક્રોશ, સત્કારપુરસ્કાર | ૭ |
| દર્શનમોહનીય | સમ્યક્ત્વ | ૧ |
| વેદનીય | ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ | ૧૧ |
| કુલ | | ૨૨ |

**ક્યા ગુણઠાણે કેટલા અને ક્યા પરીષહો ?**

| ગુણઠાણા | પરીષહ | કુલ |
|---|---|---|
| ૧લા થી ૯મું | સર્વ | ૨૨ |
| ૧૦મું, ૧૧મું, ૧૨મું | ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, પ્રજ્ઞા, અજ્ઞાન, અલાભ, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ | ૧૪ |
| ૧૩મું, ૧૪મું | ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ | ૧૧ |

એકસાથે એક જીવને જઘન્યથી એક પરીષહ હોય અને ઉત્કૃષ્ટથી ૨૦ પરીષહ હોય, કેમકે શીતપરીષહ અને ઉષ્ણપરીષહ એક જીવને એક સાથે ન હોય તથા ચર્યાપરીષહ અને નિષદ્યાપરીષહ એક જીવને એક સાથે ન હોય. **તત્ત્વાર્થાધિગમસૂત્ર (સૂત્ર ૯/૧૭)** માં એક સાથે એક જીવને ઉત્કૃષ્ટથી ૧૯ પરીષહ કહ્યા છે. તેનું કારણ એમ કહ્યું છે કે શીતપરીષહ અને ઉષ્ણ-પરીષહ એક જીવને એક સાથે ન હોય અને ચર્યાપરીષહ- નિષદ્યાપરીષહ-શય્યાપરીષહ એક જીવને એક સાથે ન હોય. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

## ૧૪ અભ્યંતર ગ્રંથી

(૧) **રાગ** :- આસક્તિ. (૨) **દ્વેષ** :- તિરસ્કાર.

(૩) **મિથ્યાત્વ** :- જિનવચનથી વિપરીત માન્યતા.

(૪) **ક્રોધ** :- અપ્રીતિ, અરુચિ, ગુસ્સો.

(૫) **માન** :- સ્વઉત્કર્ષ, પરઅપકર્ષ.

(૬) **માયા** :- અંદરથી જુદું, બહારથી જુદું, કપટ.

(૭) **લોભ** :- તૃષ્ણા, મૂર્ચ્છા. (૮) **હાસ્ય** :- હસવું.

(૯) **રતિ** :- પ્રીતિ. (૧૦) **અરતિ** :- અપ્રીતિ, કંટાળો.

(૧૧) **ભય** :- ડરવું. (૧૨) **શોક** :- ખેદ, સંતાપ.

(૧૩) **જુગુપ્સા** :- દુર્ગંછા, ચીતરી, સખત અણગમો.

(૧૪) **વેદ** :- સ્ત્રી, પુરુષ કે ઉભયને ભોગવવાની ઈચ્છા.

## મતાંતરે ૧૪ અભ્યંતર ગ્રંથી

(૧) **મિથ્યાત્વ** (૨) **ક્રોધ** (૩) **માન**

(૪) **માયા** (૫) **લોભ** (૬) **હાસ્ય**

(૭) **રતિ** (૮) **અરતિ** (૯) **ભય**

(૧૦) **શોક** (૧૧) **જુગુપ્સા**

(૧૨) **પુરુષવેદ** - સ્ત્રીને ભોગવવાની ઈચ્છા.

(૧૩) **સ્ત્રીવેદ** - પુરુષને ભોગવવાની ઈચ્છા.

(૧૪) **નપુંસકવેદ** - સ્ત્રી-પુરુષ બન્નેને ભોગવવાની ઈચ્છા.

* * * * *

## (૨૭) સત્તાવીશમી છત્રીશી

૫ પ્રકારના વેદિકાદોષોથી વિશુદ્ધ પડિલેહણ કરનારા
૬ દોષ રહિત પડિલેહણ કરનારા
૨૫ પ્રકારનું પડિલેહણ કરનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૫ પ્રકારના વેદિકાદોષો

(૧) **ઊર્ધ્વવેદિકા :-** બંને ઢીંચણની ઉપર બંને હાથ રાખીને પડિલેહણ કરવું તે.

(૨) **અધોવેદિકા :-** બંને ઢીંચણની નીચે બંને હાથ રાખીને પડિલેહણ કરવું તે.

(૩) **તિર્યગ્વેદિકા :-** બે હાથ બે સંડાસા (વાળેલા પગ) ની વચ્ચે લઈ જઈને પડિલેહણ કરવું તે.

(૪) **ઉભયવેદિકા :-** બે હાથની અંદર બે ઢીંચણ રાખીને પડિલેહણ કરવું તે.

(૫) **એકવેદિકા :-** બે હાથની અંદર એક ઢીંચણ રાખીને પડિલેહણ કરવું તે.

### પડિલેહણમાં વર્જવાના ૬ દોષો

(૧) **આરભટા :-** વિપરીત પડિલેહણ કરવું, અથવા ઝડપથી અન્ય અન્ય વસ્ત્રોને ગ્રહણ કરવા તે.

(૨) **સંમર્દા :-** પડિલેહણ કરાતાં કપડાના છેડા અંદર હોય, અથવા પડિલેહણ કરતાં ઉપધિ ઉપર બેસવું તે.

(૩) **મોસલી :-** પડિલેહણ કરતી વખતે કપડા ઉપર માળીયાને, નીચે ભૂમીને અને તીરછા દીવાલોને અડાડવા તે.

(૪) **પ્રસ્ફોટના :-** પડિલેહણ કરતી વખતે ધૂળ લાગેલા વસ્ત્રની જેમ વસ્ત્રો ઝાટકવા તે.

(૫) **વિક્ષિપ્તા** :- પડિલેહણ કરેલા વસ્ત્રને પડિલેહણ નહીં કરેલા વસ્ત્રમાં નાંખવું, અથવા પડિલેહણ કરતી વખતે વસ્ત્રનો છેડો ઊંચે નાખવો તે.

(૬) **નર્તિત** :- વસ્ત્રને કે પોતાને નચાવે તે. અહીં ૪ ભાંગા છે -

(i) વસ્ત્રને નચાવે, પોતાને નહીં.

(ii) વસ્ત્રને ન નચાવે, પોતાને નચાવે.

(iii) વસ્ત્રને નચાવે, પોતાને નચાવે.

(iv) વસ્ત્રને ન નચાવે, પોતાને ન નચાવે.

## ૨૫ પ્રકારનું પડિલેહણ

(૧) **દૃષ્ટિ પડિલેહણા** :- વસ્ત્રના પડ ઉખેડીને દૃષ્ટિ સન્મુખ તીરછું પહોળું કરીને પહેલું પાસું બરાબર તપાસવું. ત્યારબાદ પાસું બદલી બીજું પાસું તપાસવું. આ વખતે પહેલું પાસું તપાસતાં 'સૂત્ર' અને બીજું પાસું તપાસતાં 'અર્થ, તત્ત્વ કરી સદ્દહું' એમ ચિંતવવું.

(૨-૭) **ઊર્ધ્વ પપ્ફોડા ૬** :- દૃષ્ટિ પડિલેહણ કરી વસ્ત્રનો ડાબા હાથ તરફનો ભાગ ૩ વાર ખંખેરવો. એ ત્રણ વખત 'સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરું' એ ત્રણ બોલ ચિંતવવા. પછી વસ્ત્રનું પાસું બદલી જમણા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો. તે ત્રણ વખતે 'કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું' એ ત્રણ બોલ ચિંતવવા.

(૮-૨૫) **અક્ખોડા અને પક્ખોડા ૧૮** :- ઊર્ધ્વ પપ્ફોડા થઈ ગયા બાદ વસ્ત્રનો મધ્યભાગ ડાબા હાથ ઉપર નાખીને મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો કે જેથી બરાબર બે પડ થાય. ત્યારબાદ તરત તેના ત્રણ વધુટક (પાટલી) કરીને જમણા હાથની ચાર આંગળીઓના ત્રણ આંતરામાં ભરાવી ડાબા હાથની હથેળી પર અડે નહીં તે રીતે ત્રણ વાર ખંખેરવાપૂર્વક કાંડા સુધી લઈ જવું. તે ત્રણ અક્ખોડા થયા. ત્યારબાદ નીચે ઉતારતી વખતે ડાબી હથેળીને

સ્પર્શ કરે એ રીતે ત્રણ ઘસરકા કરવા તે ત્રણ પક્ખોડા (પ્રમાર્જના). આ એકવાર થયું. એવું ત્રણ વાર કરવું. એટલે ૯ અક્ખોડા અને ૯ પક્ખોડા થાય. એમ કુલ ૧૮ થાય. અક્ખોડા-પક્ખોડા પરસ્પર આંતરિત છે.

અક્ખોડા-પક્ખોડા વખતે નીચેના બોલ ચિંતવવા :-

પહેલા ૩ અક્ખોડા કરતાં :- સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું.

પહેલા ૩ પક્ખોડા કરતાં :- કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું.

બીજા ૩ અક્ખોડા કરતાં :- જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.

બીજા ૩ પક્ખોડા કરતાં :- જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરું.

ત્રીજા ૩ અક્ખોડા કરતાં :- મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું.

ત્રીજા ૩ પક્ખોડા કરતાં :- મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું.

* * * * *

- ❑ એક બાદશાહ પોતાના રંગમહેલમાં સૂતો હતો. ત્યાં અચાનક એક ફકીર આવી 'મુસાફરખાનું ક્યાં છે ?' એમ પૂછવા લાગ્યો. બાદશાહે કહ્યું, 'આ મુસાફરખાનું નથી, પણ રંગમહેલ છે.' ફકીર બોલ્યો, 'પહેલા આ મકાનમાં કોણ રહેતું હતું ?' બાદશાહ કહે, 'મારા પિતાજી.' ફકીર કહે, 'તે ક્યાં છે ?' બાદશાહ કહે, 'ગુજરી ગયા.' ફકીર કહે, 'એમની પહેલા કોણ રહેતું હતું ?' બાદશાહ કહે, 'મારા દાદા.' ફકીર કહે, 'તે ક્યાં છે ?' બાદશાહ કહે, 'તે પણ ગુજરી ગયા.' ફકીર કહે, 'જ્યારે આ મકાનમાં નવા નવા માણસો આવીને જતા રહે છે તો પછી આ મુસાફરખાનું નહીં તો બીજું શું છે ?' બાદશાહ સમજી ગયો, 'હું એક મુસાફર છું અને આ રંગમહેલ એ ખરેખર મુસાફરખાનું છે.'
- ❑ મનુષ્ય જેવું ધ્યાન ધરે છે તેવું જ તેનું આંતરિક વાતાવરણ બની જાય છે અને આખર તે તેવો જ બની જાય છે.

## (૨૮) અઠ્યાવીશમી છત્રીશી

૨૭ સાધુના ગુણોથી ભૂષિત

૯ કોટિથી શુદ્ધ ગ્રહણ કરનારા

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ❀ સાધુના ૨૭ ગુણો ❀

(૧) પ્રાણાતિપાતવિરમણ મહાવ્રતને ધારણ કરનારા.

(૨) મૃષાવાદવિરમણ મહાવ્રતને ધારણ કરનારા.

(૩) અદત્તાદાનવિરમણ મહાવ્રતને ધારણ કરનારા.

(૪) મૈથુનવિરમણ મહાવ્રતને ધારણ કરનારા.

(૫) પરિગ્રહવિરમણ મહાવ્રતને ધારણ કરનારા.

(૬) રાત્રિભોજનવિરમણવ્રતને ધારણ કરનારા.

(૭) સ્પર્શનેન્દ્રિયનો નિગ્રહ કરનારા.

(૮) રસનેન્દ્રિયનો નિગ્રહ કરનારા.

(૯) ઘ્રાણેન્દ્રિયનો નિગ્રહ કરનારા.

(૧૦) ચક્ષુરિન્દ્રિયનો નિગ્રહ કરનારા.

(૧૧) શ્રોત્રેન્દ્રિયનો નિગ્રહ કરનારા.

(૧૨) ભાવશુદ્ધિવાળા.

(૧૩) પડિલેહણ વગેરે ક્રિયાની શુદ્ધિવાળા.

(૧૪) ક્ષમાને ધારણ કરનારા.

(૧૫) વૈરાગ્યને ધારણ કરનારા.

(૧૬) મનનો નિરોધ કરનારા.

(૧૭) વચનનો નિરોધ કરનારા.

(૧૮) કાયાનો નિરોધ કરનારા.

(૧૯) પૃથ્વીકાયની રક્ષા કરનારા.

(૨૦) અપ્કાયની રક્ષા કરનારા.

(૨૧) તેઉકાયની રક્ષા કરનારા.

(૨૨) વાયુકાયની રક્ષા કરનારા.

(૨૩) વનસ્પતિકાયની રક્ષા કરનારા.

(૨૪) ત્રસકાયની રક્ષા કરનારા.

(૨૫) વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય વગેરે સંયમના વ્યાપારોનું સેવન કરનારા.

(૨૬) શીતાદિ પરીષહોની વેદનાને સહન કરનારા.

(૨૭) મારણાંતિક ઉપસર્ગોને સહન કરનારા.

## ૯ કોટી

(૧) હણે નહીં.

(૨) હણાવે નહીં.

(૩) હણતાંની અનુમોદના કરે નહીં.

(૪) રાંધે નહીં.

(૫) રંધાવે નહીં.

(૬) રાંધતાંની અનુમોદના કરે નહીં.

(૭) ખરીદે નહીં.

(૮) ખરીદાવે નહીં.

(૯) ખરીદતાંની અનુમોદના કરે નહીં.

* * * * *

- ધૃતરાષ્ટ્ર અંધ હતા. તેમની સ્ત્રી ગાંધારી મહાસતી હતી. તેમણે વિચાર્યું, 'મારા પતિ અંધ છે અને હું દેખતી છું. આ બરાબર નથી. મારે આંખે પાટા બાંધવા જોઈએ.' આમ વિચારી જ્યાં સુધી પોતે જીવ્યા ત્યાં સુધી પોતાની આંખે પાટા બાંધી છતી આંખે અંધ રહ્યા હતા.

# (૨૯) ઓગણત્રીશમી છત્રીશી

૨૮ લબ્ધિઓને પ્રગટ કરવામાં હોંશિયાર

૮ પ્રકારના પ્રભાવકપણાને પ્રકાશિત કરનારા

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

## ❀ ૨૮ લબ્ધિઓ ❀

(૧) **આમર્શૌષધિ** :- જેનાથી સ્પર્શથી રોગો શાંત થઈ જાય તે.

(૨) **વિપ્રુડૌષધિ** :- જેનાથી વિષ્ટા અને મૂત્રના બિંદુ સુગંધિ થાય અને રોગ દૂર કરવા સમર્થ થાય તે.

(૩) **ખેલૌષધિ** :- જેનાથી શ્લેષ્મ વગેરે સુગંધી થાય અને રોગ દૂર કરવા સમર્થ થાય તે.

(૪) **જલ્લૌષધિ** :- જેનાથી શરીરનો મેલ સુગંધી થાય અને રોગ દૂર કરવા સમર્થ થાય તે.

(૫) **સર્વૌષધિ** :- જેનાથી વિષ્ટા, મૂત્ર, કેશ, નખ વગેરે બધા અવયવો સુગંધી થાય અને રોગ દૂર કરવા સમર્થ થાય તે.

(૬) **સંભિન્નશ્રોતા** :- જેનાથી શરીરના બધા દેશોથી સંભળાય, પાંચે ઈન્દ્રિયોથી પાંચે વિષયો જણાય કે ઘણા પ્રકારના શબ્દો સંભળાય તે.

(૭) **અવધિજ્ઞાન** :- જેનાથી અમુક, મર્યાદા સુધીમાં રહેલા રૂપી પદાર્થો જણાય તે.

(૮) **ઋજુમતિમનઃપર્યવજ્ઞાન** :- જેનાથી અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોએ ચિંતવેલા પદાર્થો સામાન્યથી જણાય તે.

(૯) **વિપુલમતિમનઃપર્યવજ્ઞાન** :- જેનાથી અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોએ ચિંતવેલા પદાર્થો વિશેષથી (પર્યાયો સહિત) જણાય તે.

(૧૦) **ચારણ** :- જેનાથી અતિશય ચાલવા સમર્થ થવાય તે. ચારણલબ્ધિવાળા બે પ્રકારે છે -

(i) **જંઘાચારણ** :- તે સૂર્યના કિરણોનું અવલંબન કરીને જંઘાથી જાય. તે તીરછું એક ઉત્પાતથી રુચકદ્વીપમાં જાય, પાછા ફરતાં બીજા ઉત્પાતથી નંદીશ્વરદ્વીપમાં જાય અને ત્રીજા ઉત્પાતથી અહીં આવે. તે ઉપર એક ઉત્પાતથી પંડકવનમાં જાય, પાછા ફરતાં બીજા ઉત્પાતથી નંદનવનમાં જાય અને ત્રીજા ઉત્પાતથી અહીં આવે.

(ii) **વિદ્યાચારણ** :- તે વિદ્યાની સહાયથી ગમન કરે. તે તીરછું એક ઉત્પાતથી માનુષોત્તરપર્વત પર જાય, બીજા ઉત્પાતથી નંદીશ્વરદ્વીપમાં જાય અને ચૈત્યોને વાંદે, પાછા ફરતાં ત્રીજા ઉત્પાતથી અહીં આવે. તે ઉપર એક ઉત્પાતથી નંદનવનમાં જાય, બીજા ઉત્પાતથી પંડકવનમાં જાય અને પાછા ફરતાં ત્રીજા ઉત્પાતથી અહીં આવે.

(૧૧) **આશીવિષ** :- જેનાથી દાંતમાં ઝેર થાય તે. તે બે પ્રકારે છે -

(i) **જાતિથી** :- સર્પો વગેરેને હોય.

(ii) **કર્મથી** :- તપશ્ચર્યાથી કે બીજા ગુણથી સર્પ, વીંછી વગેરેથી સાધ્ય ક્રિયા કરનારા તિર્યંચો, મનુષ્યો, દેવોને હોય.

(૧૨) **કેવળી** :- કેવળજ્ઞાન-કેવળદર્શનની પ્રાપ્તિ થવી તે.

(૧૩) **ગણધર** :- ગણધરપણું પ્રાપ્ત થવું તે.

(૧૪) **પૂર્વધર** :- પૂર્વધરપણું પ્રાપ્ત થવું તે.

(૧૫) **અરિહંત** :- અરિહંતપણું પ્રાપ્ત થવું તે.

(૧૬) **ચક્રવર્ત્તી** :- ચકવર્ત્તીપણું પ્રાપ્ત થવું તે.

(૧૭) **બલદેવ** :- બલદેવપણું પ્રાપ્ત થવું તે.

(૧૮) **વાસુદેવ** :- વાસુદેવપણું પ્રાપ્ત થવું તે.

(૧૯) **ક્ષીરમધુસર્પિરાસ્રવ** :- જેનાથી દૂધ જેવા, મધ જેવા, ઘી જેવા શરીર અને મનને સુખકારી વચનો બોલાય તે, અથવા જેનાથી પાત્રામાં પડેલું ખરાબ અન્ન પણ ખીર, મધ અને ઘી જેવી શક્તિ આપે તે.

(૨૦) **કોષ્ઠબુદ્ધિ :-** કોઠારમાં નાંખેલા ધાન્યની જેમ જેનાથી સૂત્ર-અર્થ ખૂબ નિશ્ચલ રહે, ભૂલાય નહીં તે.

(૨૧) **પદાનુસારી :-** જેનાથી સૂત્રના એક પદથી ઘણું શ્રુત જણાય તે.

(૨૨) **બીજબુદ્ધિ :-** જેનાથી એક અર્થપદથી ઘણા અર્થપદો જણાય તે.

(૨૩) **તૈજસ :-** અતિગુસ્સાથી દુશ્મન ઉપર મુખથી અનેક યોજનો સુધીની વસ્તુઓને બાળવા સમર્થ એવું તેજ મુકાય તે.

(૨૪) **આહારક :-** જેનાથી આહારકશરીર બનાવાય તે. એક ભવમાં ઉત્કૃષ્ટથી ૨ વાર આહારકશરીર બનાવી શકાય. સમસ્તભવચક્રમાં ઉત્કૃષ્ટથી ૪ વાર આહારકશરીર બનાવી શકાય. આહારકશરીરીનું જઘન્યઅંતર ૧ સમય છે, ઉત્કૃષ્ટઅંતર ૬ માસ છે. આહારકશરીરી ઉત્કૃષ્ટથી ૯,૦૦૦ હોય છે. ચૌદપૂર્વધરને તત્ત્વચિંતનમાં શંકા થાય ત્યારે શંકા નિવારવા કે તીર્થંકરની ઋદ્ધિ જોવા આ શરીર બનાવી તીર્થંકર પાસે જાય. સાધ્વી, અવેદી, પરિહારવિશુદ્ધિચારિત્રવાળા, પુલાકલબ્ધિવાળા, અપ્રમત્તમુનિઓ, ચૌદપૂર્વી, આહારકશરીરીનું ક્યારેય સંહરણ ન થાય.

(૨૫) **શીતલેશ્યા :-** અતિકરુણાને લીધે આશ્રિત પ્રતિ તેજોલેશ્યાને શમાવવા સમર્થ એવી શીતલેશ્યા મૂકવી તે.

(૨૬) **વૈક્રિયશરીર :-** જેનાથી વૈક્રિયશરીર બનાવાય તે. તેનાથી અણુની જેવા સૂક્ષ્મ થવાય, મેરુપર્વતની જેવા મોટા થવાય, આકડાના રૂની જેવા હલકા થવાય, એક કપડામાંથી કરોડો કપડા બનાવાય, એક ઘડામાંથી હજારો ઘડા બનાવાય, ઈચ્છિત રૂપ કરી શકાય તે.

**ઉત્તરવૈક્રિયશરીરનો કાળ :-**

| ગતિ | ઉત્તરવૈક્રિયશરીરનો ઉત્કૃષ્ટ કાળ |
|---|---|
| નરકગતિ | અંતર્મુહૂર્ત |
| તિર્યંચગતિ, મનુષ્યગતિ | ૪ મુહૂર્ત |
| દેવગતિ | ૧૫ દિવસ |

(૨૭) **અક્ષીણમહાનસ :-** જેનાથી જે વ્યક્તિ ભિક્ષા લાવ્યો હોય તે વાપરે તો જ તે ખાલી થાય, બીજા ઘણા વાપરે તો પણ તે ખાલી ન થાય તે. અક્ષીણમહાલયલબ્ધિ પણ આની અંતર્ગત જાણવી. જેનાથી ઘણા લોકો રહે તો ય ભરાય નહીં એવો મોટો આલય બનાવાય તે અક્ષીણમહાલયલબ્ધિ.

(૨૮) **પુલાક :-** સંઘ વગેરેનું કાર્ય આવે ત્યારે જેનાથી ચક્રવર્તીને પણ ચૂરી નંખાય તે.

**કોને કેટલી લબ્ધિ હોય ?**

| **જીવો** | **લબ્ધિઓ** | **કુલ** |
|---|---|---|
| ભવ્ય પુરુષો | સર્વ | ૨૮ |
| ભવ્ય સ્ત્રીઓ | અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, સંભિન્નશ્રોતા, ચારણ, પૂર્વધર, ગણધર, પુલાક, આહારક સિવાયની | ૧૮ |
| અભવ્ય પુરુષો | ઉપરની વર્જેલી ૧૦ અને કેવલી, ઋજુમતિમનઃપર્યવજ્ઞાન, વિપુલમતિ-મનઃપર્યવજ્ઞાન સિવાયની | ૧૫ |
| અભવ્ય સ્ત્રીઓ | ઉપરની વર્જેલી ૧૩ અને ક્ષીરમધુસર્પિરાસ્રવ સિવાયની | ૧૪ |

## ૮ પ્રભાવકો

(૧) **પ્રાવચની :-** તે તે કાળને ઉચિત બધા શ્રુતને ધારણ કરનારા, તીર્થને વહન કરનારા. દા.ત. આર્યરક્ષિતસૂરિજી.

(૨) **ધર્મકથી :-** ભવ્યજીવોને પ્રતિબોધ કરનારા, ઉપદેશની લબ્ધિવાળા. દા.ત. નંદીષેણ.

(૩) **વાદી :-** તે પ્રમાણમાં કુશળ હોય. રાજદરબારમાં પણ તેમણે મહત્ત્વ પ્રાપ્ત કર્યું હોય. દા.ત. શ્રીગુપ્તાચાર્યનો શિષ્ય.

(૪) **નૈમિત્તિક** :- કાર્ય આવે ત્યારે સૂક્ષ્મ નિમિત્તનો પ્રયોગ કરે તે. દા.ત. ભદ્રબાહુસ્વામીજી.

(૫) **તપસ્વી** :- વિકૃષ્ટ તપ કરીને જિનશાસનની પ્રભાવના કરે તે. દા.ત. ક્ષપક.

(૬) **વિદ્યાવાન** :- ઘણા વિદ્યા-મંત્રો જેને સિદ્ધ થયા હોય તે. દા.ત. આર્યખપુટાચાર્યજી.

(૭) **સિદ્ધ** :- સંઘ વગેરેના કાર્યના સાધક એવા ચૂર્ણ, અંજન, યોગ જેને સિદ્ધ થયા હોય તે. દા.ત. આર્યસમિતાચાર્યજી.

(૮) **કવિ** :- જિનશાસનને જાણનારા, ઘણા કાવ્યો-શાસ્ત્રો વગેરે રચનારા. દા.ત. સિદ્ધસેન દિવાકરસૂરિજી.

આઠે પ્રભાવકોમાં દૃષ્ટાંત તરીકે બતાવેલા મહાત્માઓના ચરિત્રો દર્શનસપ્તતિકાની ટીકામાંથી જાણી લેવા.

* * * * *

❑ એક ભૂખ્યો ભિક્ષુક એક મનુષ્યના ઘર આગળ જઈ કહેવા લાગ્યો, 'ઘણાં દિવસનો ભૂખ્યો છું, કંઈ ખાવાનું આપો.' પેલા મનુષ્યે કહ્યું, 'મારી પાસે સારામાં સારી મીઠાઈ છે પણ અંદર ઝેર ભરેલુ છે. તે ચાલશે ?' એ સાંભળી તે ભૂખ્યાએ કહ્યું, 'તારી મીઠાઈ તારી પાસે રહેવા દે, ગમે એટલો હું ભૂખ્યો છું, પણ કંઈ ઝેરી મીઠાઈ ખાઈને મરું ?' પછી ભૂખ્યો ભિક્ષુક બીજા ઘરે ગયો ત્યાં તેને ખાવાનું મળ્યું. તે જમીને તે પાછો પોતાના સ્થાને જતો હતો. એટલામાં પેલા મનુષ્યે કહ્યું, 'ભાઈ, આવો અને જમો. આ મીઠાઈ બહુ જ સ્વાદિષ્ટ છે. તમે જમશો તો ઉપરથી કંઈક પૈસા પણ આવીશ.' ભૂખ્યાએ જવાબ આપ્યો, 'હું જ્યારે ભૂખ્યો હતો ત્યારે પણ તારી ઝેર ભરેલી મીઠાઈ ન ખાધી તો હવે મારું પેટ ભરાયા પછી મરવા માટે તારું ભોજન કરું ? અને તે પણ પૈસાની લાલચે. મર્યા પછી એ પૈસા શું કામમાં આવવાના ?' એમ કહી તે ચાલ્યો ગયો. પાંચ વિષયો ઝેરી મીઠાઈ જેવા છે. જેમ ભિક્ષુકે અતિશય ભૂખ લાગવા છતાં ઝેરી મીઠાઈ ન ખાધી તેમ પાંચ વિષયોને ઝેરી સમજી તેમનાથી દૂર રહેવું, નહીંતર આધ્યાત્મિક મરણ થતાં વાર નહીં લાગે.

# (30) ત્રીશમી છત્રીશી

૨૯ પ્રકારના પાપશ્રુતને દૂરથી વર્જનારા
૭ પ્રકારના શુદ્ધિના ગુણને જાણનારા
કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

## ૨૯ પ્રકારના પાપશ્રુતો

પાપના કારણભૂત શ્રુત તે પાપશ્રુત. તે ૨૯ પ્રકારે છે. તે આ પ્રમાણે - નિમિત્તશાસ્ત્રના આઠ અંગો છે :-

(૧) **દિવ્ય**◆ :- વ્યંતરાદિ દેવોના અટ્ટહાસ્ય વગેરેના ફળનું વર્ણન જેમાં હોય તે.

(૨) **ઉત્પાત** :- લોહીના વરસાદ વગેરેના ફળનું વર્ણન જેમાં હોય તે.

(૩) **અંતરીક્ષ** :- આકાશમાં થતાં ગ્રહોના ભેદ વગેરેના ફળનું વર્ણન જેમાં હોય તે.

(૪) **ભૌમ** :- ભૂમિકંપ વગેરે પૃથ્વીના વિકાર જોઈને જ એના ફળને જણાવે તે.

(૫) **સ્વપ્ન** :- સ્વપ્નનું ફળ જણાવે તે.

(૬) **સ્વર** :- 'ષડ્જ' વગેરે સ્વરો અને પક્ષિઓ વગેરેના સ્વરોનું ફળ જણાવે તે.

(૭) **વ્યંજન** :- શરીર ઉપરના મસા, તલ વગેરે ઉપરથી તેનું ફળ જણાવે તે.

(૮) **લક્ષણ** :- અવયવોની રેખાઓ ઉપરથી તેમનું ફળ જણાવે તે.

આ આઠે અંગોના દરેકના ત્રણ-ત્રણ ભેદો છે -

(i) **સૂત્ર** :- મૂળગ્રંથ.

(ii) **વૃત્તિ** :- સૂત્રના અર્થનું સંસ્કૃતમાં વિસ્તૃત વિવરણ.

(iii) **વાર્તિક** :- વૃત્તિના કોઈ કોઈ ભાગનું વધુ સ્પષ્ટીકરણ.

આમ ૮ x ૩ = ૨૪ પાપશ્રુત થયા.

---

◆. મતાંતરે **અંગ** - 'પુરુષોનું જમણું અંગ ફરકે અને સ્ત્રીઓનું ડાબું અંગ ફરકે તો શુભ થાય.' વગેરે જણાવે તે.

(૨૫) **સંગીતશાસ્ત્ર**

(૨૬) **નૃત્યશાસ્ત્ર**

(૨૭) **વાસ્તુવિદ્યા** (શિલ્પશાસ્ત્ર)

(૨૮) **આયુર્વેદ** (ઔષધશાસ્ત્ર)

(૨૯) **ધનુર્વેદ** (શસ્ત્રકળાશાસ્ત્ર)

## ૭ પ્રકારના શુદ્ધિના ગુણો

(૧) **લઘુતા** :- પૂર્વે ભેગા કરેલા કર્મોનો સમૂહ ઓછો થાય છે.

(૨) **હ્લાદીજનન** :- નવા નવા સંવેગની શ્રદ્ધાથી આનંદ થાય છે.

(૩) **આત્મપરનિવૃત્તિ** :- પ્રાયશ્ચિત્તના ભયથી પોતે ફરી પાપ ન કરે. તેને પાપ ન કરતો જોઈ બીજા પણ પાપ ન કરે.

(૪) **અધ્યાત્મશુદ્ધિ**◆ :- અધ્યાત્મની શુદ્ધિ થાય છે.

(૫) **દુષ્કરકરણ** :- અનેક ભવોમાં સદા અભ્યાસ કરાયેલા મહાબળવાન લજ્જા, અભિમાન વગેરેને નહીં ગણકારીને જે આલોચના કરાય છે તે દુષ્કર કાર્ય થાય છે.

(૬) **વિનય**■ :- તીર્થંકરની આજ્ઞાનું પાલન થાય છે, ગુરુજનનો વિનય થાય છે, જ્ઞાનાદિનો વિનય થાય છે.

(૭) **નિઃશલ્યપણું** :- પાપોરૂપી શલ્ય નીકળી જવાથી સ્વસ્થ થવાય છે.

* * * * *

❑ મહાપુરુષોને તેમના જીવનકાળ દરમ્યાન ઘણા જ થોડા મનુષ્યો ઓળખે છે.

---

◆ અન્ય ગ્રંથોમાં અહીં આર્જવ અને શુદ્ધિ એમ બે ગુણ કહ્યા છે. **આર્જવ** - પોતાના મુખે દોષો પ્રગટ કરવાથી માયાનો નાશ થાય છે. **શુદ્ધિ** - દોષોરૂપ મેલ જવાથી આત્માની શુદ્ધિ થાય છે.

■ અન્ય ગ્રંથોમાં આને **આજ્ઞા** ગુણ કહ્યો છે.

## (૩૧) એકત્રીશમી છત્રીશી

૩૦ પ્રકારના મોહનીયના બંધસ્થાનોને નિવારનારા
૬ પ્રકારના અંદરના શત્રુઓને નિવારનારા

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ¤ 30 પ્રકારના મોહનીયના બંધસ્થાનો ¤

મોહનીયકર્મ બાંધવાના કારણો તે મોહનીયના બંધસ્થાનો. તે ૩૦ છે -

(૧) ક્રૂરતાથી પાણીમાં ડુબાડીને સ્ત્રી વગેરે ત્રસ જીવોને હણવા.

(૨) હાથથી કે કપડા વગેરેથી બીજાનું મુખ બંધ કરીને નિર્દયપણે તેમને મારી નાખવા.

(૩) રોષથી ચામડાની લીલી વાધર વગેરેથી મસ્તકે વીંટીને જીવોને મારી નાખવા.

(૪) ક્રૂરતાથી મસ્તકે કુહાડી, હથોડો, ઘણ વગેરે મારીને માથું વગેરે ફોડીને જીવોને મારી નાખવા.

(૫) સંસારસમુદ્રમાં ડૂબતા પ્રાણીઓનું રક્ષણ કરવામાં સમર્થ ધર્મના નાયક-ગણધર, આચાર્ય વગેરેને હણવા.

(૬) છતે સામર્થ્યે કઠોર પરિણામથી ગ્લાનની ઔષધાદિથી સેવા ન કરવી.

(૭) સાધુને કે દીક્ષાર્થીને બળાત્કારે ધર્મભ્રષ્ટ કરવા કે દીક્ષા લેતાં રોક્વા.

(૮) મોક્ષમાર્ગની વિપરીત પ્રરૂપણા અને ધર્મ-સાધુ વગેરેની નિંદા વગેરે કરીને લોકોને જૈનશાસનના દ્વેષી બનાવવા.

(૯) 'કેવળજ્ઞાન છે જ નહીં.' અથવા 'કોઈ કેવળી બને જ નહીં.' વગેરે તીર્થંકરોની કે કેવળજ્ઞાનીઓની નિંદા કરવી.

(૧૦) આચાર્ય, ઉપાધ્યાય વગેરે સાધુવર્ગની નિંદા કરવી.

(૧૧) જ્ઞાનદાન વગેરેથી ઉપકાર કરતાં પોતાના ઉપકારી આચાર્ય, ઉપાધ્યાય, ગુરુ આદિની સેવા-વૈયાવચ્ચ ન કરવી.

(૧૨) વારંવાર નિમિત્તકથનાદિ દ્વારા અધિકરણ (આહાર, ઉપધિ વગેરે) મેળવવા.

(૧૩) તીર્થનો ભેદ (કુસંપ) કરાવવો.

(૧૪) વશીકરણ વગેરે કરવું.

(૧૫) ત્યાગ કરેલા ભોગોની ઈચ્છા કરવી.

(૧૬) બહુશ્રુત ન હોવા છતાં પોતાને બહુશ્રુત તરીકે કે તપ ન કરવા છતાં પોતાને તપસ્વી તરીકે વારંવાર જાહેર કરવા.

(૧૭) અગ્નિના ધુમાડામાં ગૂંગળાવીને ઘણાને મારી નાખવા.

(૧૮) પોતે પાપ કરીને બીજાને માથે ચઢાવવું.

(૧૯) પોતાના ઉપધિ-પાત્રાને કપટથી છુપાવવા, પોતાના અસદ્ આચરણને કપટથી છુપાવી બીજાઓને ઠગવા, સદાચારીમાં ગણાવવા.

(૨૦) સભામાં સત્ય બોલનારને અસદ્ભાવથી જૂઠા ઠરાવવા.

(૨૧) નિત્ય ઝઘડો કરવો.

(૨૨) બીજાને વિશ્વાસ ઉત્પન્ન કરાવીને અટવી વગેરેમાં લઈ જઈને તેનું ધન વગેરે લૂંટી લેવું.

(૨૩) બીજાને વિશ્વાસ પમાડીને તેની સ્ત્રીને લોભાવવી-વશ કરવી.

(૨૪) કુમાર ન હોવા છતાં બીજાની આગળ પોતાને કુમાર તરીકે જણાવવો.

(૨૫) બ્રહ્મચારી ન હોવા છતાં પોતાને બ્રહ્મચારી તરીકે જણાવવો.

(૨૬) જેની સહાયથી પોતે ધનાઢ્ય થયો હોય તેના ધનનો લોભ કરવો.

(૨૭) જેના પ્રભાવથી પોતે લોકપ્રસિદ્ધ થયો હોય તેને જ કોઈ રીતે અંતરાય (દુઃખી) કરવો.

(૨૮) રાજા, સેનાપતિ, મંત્રી, રાષ્ટ્રચિંતક આદિ ઘણા જીવોના નાયકને હણવા.

(૨૯) નહીં જોવા છતાં 'હું દેવોને દેખું છું.' એમ કહી લોકોમાં પ્રભાવ વધારવો.

(૩૦) દેવોની અવજ્ઞા કરવી, અર્થાત્ 'વિષયાંધ દેવોનું શું પ્રયોજન છે ? હું જ દેવ છું.' એમ બીજાને જણાવવું.

## ૭ ૬ પ્રકારના અંદરના શત્રુઓ ૮

(૧) **કામ :-** પરણેલી કે નહિ પરણેલી સ્ત્રીઓને વિષે દુષ્ટ પ્રવૃત્તિ તે કામ.

(૨) **ક્રોધ :-** બીજાના કે પોતાના નુકસાનનો વિચાર કર્યા વિના ગુસ્સો કરવો તે ક્રોધ.

(૩) **લોભ :-** ધનને યોગ્ય જીવોને પોતાનું ધન ન આપવું અને વિના કારણે બીજાનું ધન લેવું તે લોભ.

(૪) **માન :-** કદાગ્રહ કરવો કે સાચી વાત ન સ્વીકારવી તે માન.

(૫) **મદ :-** જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ, શ્રુત વડે અહંકાર કરવો કે બીજાનું અપમાન કરવું તે મદ.

(૬) **હર્ષ :-** વિના કારણે બીજાને દુઃખ પહોંચાડીને મનમાં ખુશ થવું કે પોતે જુગાર, શિકાર વગેરે અનર્થોનો આશ્રય કરીને મનમાં ખુશ થવું તે હર્ષ.

* * * * *

- ❑ એક શ્રીમંતને પોતાના વૈભવનું બહુ જ અભિમાન હતું. તે બધા આગળ પોતાના વૈભવની વાતો કરતો. તેના દીકરાને ભણાવવા એક માસ્તર આવતા. તેમણે પૃથ્વીનો નકશો કાઢી શેઠના દિકરાને પૂછ્યું, 'ભારત બતાવ.' દીકરાએ બતાવ્યું. પછી માસ્તરે કહ્યું, 'તારા પિતાજીનો બંગલો બતાવ.' છોકરો ભોઠો પડી ગયો ને કહેવા લાગ્યો, 'સાહેબ ! આ પૃથ્વીના નકશામાં મારા પિતાજીનો બંગલો ક્યાંથી દેખાય ? જ્યાં હિંદુસ્તાન જ સોપારી જેટલો દેખાય છે ત્યાં મારા પિતાજીનો બંગલો શા હિસાબમાં ?' શેઠ આ સાંભળી ભોઠા પડ્યા અને વિચારવા લાગ્યા, 'પૃથ્વીના પ્રમાણમાં મારી શું સ્થિતિ ? હું ખોટું અભિમાન કરું છું.' શેઠે અભિમાન છોડી દીધું.

## (૩૨) બત્રીશમી છત્રીશી

૩૧ સિદ્ધગુણોનું સારી રીતે કીર્તન કરનારા.
૫ જ્ઞાનનું સારી રીતે કીર્તન કરનારા.

---

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

### ૩૧ સિદ્ધગુણો

(૧) **અદીર્ઘ** :- લાંબા નહીં.
(૨) **અવૃત્ત** :- ગોળ નહીં.
(૩) **અત્ર્યસ્ર** :- ત્રિકોણ નહીં.
(૪) **અચતુરસ્ર** :- ચોરસ નહીં.
(૫) **અપરિમંડલ** :- વલયાકાર નહીં.
(૬) **અકૃષ્ણ** :- કાળા નહીં.
(૭) **અનીલ** :- નીલ નહીં.
(૮) **અલોહિત** :- લાલ નહીં.
(૯) **અહ્રાલિદ્ર** :- પીળા નહીં.
(૧૦) **અશુક્લ** :- સફેદ નહીં.
(૧૧) **અસુરભિગંધ** :- સુગંધી નહીં.
(૧૨) **અદુરભિગંધ** :- દુર્ગંધી નહીં.
(૧૩) **અતિક્ત** :- કડવા નહીં.
(૧૪) **અકટુ** :- તીખા નહીં.
(૧૫) **અકષાય** :- તુરા નહીં.
(૧૬) **અનમ્લ** :- ખાટા નહીં.
(૧૭) **અમધુર** :- મીઠા નહીં.
(૧૮) **અકર્કશ** :- કર્કશ નહીં.
(૧૯) **અમૃદુ** :- મૃદુ નહીં..
(૨૦) **અગુરુ** :- ભારે નહીં.

(૨૧) **અલઘુ** :- હલકા નહીં.

(૨૨) **અશીત** :- ઠંડા નહીં.

(૨૩) **અનુષ્ણ** :- ગરમ નહીં.

(૨૪) **અસ્નિગ્ધ** :- સ્નેહવાળા નહીં.

(૨૫) **અનૃક્ષ** :- લૂખા નહીં.

(૨૬) **અપુરુષ** :- પુરુષ નહીં.

(૨૭) **અસ્ત્રી** :- સ્ત્રી નહીં.

(૨૮) **અનપુંસક** :- નપુંસક નહીં.

(૨૯) **અસંગ** :- સંગરહિત.

(૩૦) **અરુહ** :- જન્મરહિત.

(૩૧) **અકાય** :- કાયારહિત.

અથવા, **બીજી રીતે ૩૧ સિદ્ધગુણો.**

૫ પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ, ૯ પ્રકારનું દર્શનાવરણીય કર્મ, ૨ પ્રકારનું વેદનીયકર્મ, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ ૨ પ્રકારનું મોહનીયકર્મ, ૪ પ્રકારનું આયુષ્યકર્મ, શુભનામકર્મ અને અશુભનામકર્મ એમ ૨ પ્રકારે નામકર્મ, ૨ પ્રકારનું ગોત્રકર્મ અને ૫ પ્રકારનું અંતરાયકર્મ - એમ ૩૧ પ્રકારના કર્મોનો ક્ષય થવારૂપ ૩૧ સિદ્ધગુણો છે.

## ૫ જ્ઞાન

(૧) **આભિનિબોધિકજ્ઞાન** :- અર્થને અભિમુખ થતો નિયત બોધ તે આભિનિબોધિકજ્ઞાન, એટલે કે યોગ્ય દેશમાં રહેલ વસ્તુ વિષયી પાંચ ઈન્દ્રિયો અને મનથી થતું જ્ઞાન. તેને મતિજ્ઞાન પણ કહેવાય છે. તેના ૨૮ ભેદ છે. તે આ પ્રમાણે -

(i) **વ્યંજનાવગ્રહ** :- ઈન્દ્રિય અને વિષયનો સંપર્ક થવો તે વ્યંજનાવગ્રહ.

(ii) **અર્થાવગ્રહ** :- વ્યંજનાવગ્રહ પછી આ કંઈક છે તેવો અવ્યક્ત બોધ તે અર્થાવગ્રહ. (આમાં શબ્દ, રૂપ વગેરેના અવાંતર ભેદનો નિર્ણય હોતો નથી.)

(iii) **ઈહા** :- 'આ શું હશે ?' એવા સંશય પછી 'આવા લિંગો પરથી આ વસ્તુ આવી હોવી જોઈએ ?' એવો બોધ તે ઈહા.

(iv) **અપાય** :- 'આ વસ્તુ આ જ છે.' એવો વસ્તુનો નિર્ણયાત્મક બોધ તે અપાય.

(v) **ધારણા** :- નિર્ણિત વસ્તુને સ્મૃતિરૂપે ધારણ કરી રાખવી તે ધારણા.

આ પાંચમાંથી વ્યંજનાવગ્રહ સિવાયના ચારે પાંચ ઈન્દ્રિયો અને મનથી થતાં હોવાથી તેમના ૬-૬ ભેદ છે. વ્યંજનાવગ્રહ ઈન્દ્રિય અને વિષયના સંયોગરૂપ છે. ચક્ષુ અને મનથી વિષયના સંયોગ વિના જ બોધ થાય છે. તેથી વ્યંજનાવગ્રહ ચાર ઈન્દ્રિયોથી થતો હોવાથી તેના ૪ ભેદ છે.

વ્યંજનાવગ્રહના ૪ પ્રકાર છે.

અર્થાવગ્રહના ૬ પ્રકાર છે.

ઈહાના ૬ પ્રકાર છે.

અપાયના ૬ પ્રકાર છે.

ધારણાના ૬ પ્રકાર છે.

આમ આભિનિબોધિકજ્ઞાનના કુલ ૨૮ પ્રકાર છે.

(૧) સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ
(૨) રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ
(૩) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ
(૪) શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ
(૫) સ્પર્શનેન્દ્રિય અર્થાવગ્રહ
(૬) રસનેન્દ્રિય અર્થાવગ્રહ
(૭) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ
(૮) ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ
(૯) શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ
(૧૦) માનસ અર્થાવગ્રહ
(૧૧) સ્પર્શનેન્દ્રિય ઈહા
(૧૨) રસનેન્દ્રિય ઈહા
(૧૩) ઘ્રાણેન્દ્રિય ઈહા
(૧૪) ચક્ષુરિન્દ્રિય ઈહા
(૧૫) શ્રોત્રેન્દ્રિય ઈહા
(૧૬) માનસ ઈહા
(૧૭) સ્પર્શનેન્દ્રિય અપાય
(૧૮) રસનેન્દ્રિય અપાય

| | |
|---|---|
| (૧૯) ઘ્રાણેન્દ્રિય અપાય | (૨૪) રસનેન્દ્રિય ધારણા |
| (૨૦) ચક્ષુરિન્દ્રિય અપાય | (૨૫) ઘ્રાણેન્દ્રિય ધારણા |
| (૨૧) શ્રોત્રેન્દ્રિય અપાય | (૨૬) ચક્ષુરિન્દ્રિય ધારણા |
| (૨૨) માનસ અપાય | (૨૭) શ્રોત્રેન્દ્રિય ધારણા |
| (૨૩) સ્પર્શનેન્દ્રિય ધારણા | (૨૮) માનસ ધારણા |

(૨) **શ્રુતજ્ઞાન** :- શ્રવણથી કે શબ્દથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. તેના ૧૪ ભેદ છે. તે આ પ્રમાણે -

(૧) **અક્ષરશ્રુત** :- તેના ૩ પ્રકાર છે -

(i) **સંજ્ઞાક્ષર** :- ૧૮ પ્રકારની લિપિ.

(ii) **વ્યંજનાક્ષર** :- અ થી હ સુધીના ૫૨ અક્ષરો.

(iii) **લબ્ધ્યક્ષર** :- શબ્દશ્રવણ કે રૂપદર્શન વગેરેથી અર્થની પ્રતીતિ કરાવતું અક્ષરાત્મક જ્ઞાન.

(૨) **અનક્ષરશ્રુત** :- અક્ષર વિના હાથ વગેરેની ચેષ્ટાથી કે છીંક-બગાસા વગેરેથી થતો બોધ.

(૩) **સંજ્ઞીશ્રુત** :- સંજ્ઞી જીવોનું શ્રુતજ્ઞાન.

(૪) **અસંજ્ઞીશ્રુત** :- અસંજ્ઞી જીવોનું શ્રુતજ્ઞાન.

(૫) **સમ્યક્શ્રુત** :- સમ્યગ્દૃષ્ટિ જીવોનું શ્રુતજ્ઞાન.

(૬) **મિથ્યાશ્રુત** :- મિથ્યાદૃષ્ટિ જીવોનું શ્રુતજ્ઞાન.

(૭) **સાદિશ્રુત** :- શરૂઆતવાળું શ્રુતજ્ઞાન.

(૮) **અનાદિશ્રુત** :- શરૂઆત વિનાનું શ્રુતજ્ઞાન.

(૯) **સપર્યવસિતશ્રુત** :- અંતવાળું શ્રુતજ્ઞાન.

(૧૦) **અપર્યવસિતશ્રુત** :- અંત વિનાનું શ્રુતજ્ઞાન.

(૧૧) **ગમિકશ્રુત** :- જેમાં સરખા પાઠ (આલાવા) આવે તેવું શ્રુતજ્ઞાન.

(૧૨) **અગમિકશ્રુત** :- જેમાં સરખા પાઠ (આલાવા) ન આવે તેવું શ્રુતજ્ઞાન.

(૧૩) **અંગપ્રવિષ્ટશ્રુત** :- ૧૨ અંગોમાં રહેલું શ્રુતજ્ઞાન.

(૧૪) **અનંગપ્રવિષ્ટશ્રુત** :- ૧૨ અંગો સિવાયનું શ્રુતજ્ઞાન.

(૩) **અવધિજ્ઞાન** :- અમુક મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનો ઈન્દ્રિયોથી નિરપેક્ષ આત્મા દ્વારા થતો સાક્ષાત્ બોધ તે અવધિજ્ઞાન. તેના ૬ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) **અનુગામી** :- ચક્ષુની જેમ જ્યાં જઈએ ત્યાં સાથે આવે એવું અવધિજ્ઞાન.

(૨) **અનનુગામી** :- સાંકળથી બંધાયેલા દીવાની જેમ જ્યાં ઉત્પન્ન થયું હોય ત્યાં જ રહે, પરંતુ અન્યત્ર જતાં સાથે ન આવે એવું અવધિજ્ઞાન.

(૩) **વર્ધમાન** :- ઉત્પન્ન થયા પછી પ્રશસ્ત અધ્યવસાયના કારણે વધતું જાય એવું અવધિજ્ઞાન. આ અવધિજ્ઞાન જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા વિષયનું ઉત્પન્ન થઈ ઉત્કૃષ્ટથી અલોકમાં લોક પ્રમાણ અસંખ્ય ખંડોને જોઈ શકવાના સામર્થ્યવાળું ઉત્પન્ન થાય છે.

(૪) **હીયમાન** :- ઉત્પન્ન થયા પછી ઘટતું જાય એવું અવધિજ્ઞાન.

(૫) **પ્રતિપાતી** :- પ્રગટ થયા પછી નાશ પામે એવું અવધિજ્ઞાન.

(૬) **અપ્રતિપાતી** :- પ્રગટ થયા પછી ક્યારેય નાશ ન પામે એવું અવધિજ્ઞાન.

(૪) **મનઃપર્યવજ્ઞાન** :- અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો તથા તિર્યંચોના મનોદ્રવ્યના મન તરીકે પરિણમાવેલ પર્યાયો જેનાથી જણાય તે મનઃપર્યવજ્ઞાન. તેના બે પ્રકાર છે. તે આ પ્રમાણે -

(i) **ૠજુમતિમનઃપર્યવજ્ઞાન** :- સામાન્યથી જાણે તે. જેમકે, આણે ઘોડો વિચાર્યો છે.

(ii) **વિપુલમતિમનઃપર્યવજ્ઞાન** :- વિશેષથી જાણે તે. જેમકે, આણે માટીનો લાલ રંગનો અમુકની માલિકીનો મોટો ઘડો ચિંતવ્યો છે.

(૫) **કેવળજ્ઞાન :-** લોકાલોકના સર્વદ્રવ્યોના ત્રિકાલિક સર્વ પર્યાયો એક સમયે એક સાથે જેનાથી જણાય તે કેવળજ્ઞાન.

**કેવળજ્ઞાનના ૬ અર્થ :-**

(૧) **શુદ્ધ :-** તે જ્ઞાનાવરણ કર્મના આવરણથી સંપૂર્ણ રહિત છે. તેથી શુદ્ધ છે.

(૨) **સકલ :-** તે ઉત્પન્ન થતાંની સાથે બધુ જાણે છે. તેથી સકલ છે.

(૩) **અસાધારણ :-** તેના સમાન બીજું કોઈ જ્ઞાન નથી. તેથી અસાધારણ છે.

(૪) **અનંત :-** તે અનંત વસ્તુને જાણે છે અથવા અનંતકાળ રહે છે. તેથી અનંત છે.

(૫) **નિર્વ્યાઘાત :-** તે કોઈપણ જાતના વ્યાઘાતથી રહિત છે. તેથી નિર્વ્યાઘાત છે.

(૬) **એક :-** તે મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનોથી રહિત છે. તેથી એક છે.

* * * * *

- ❑ આ સંસારમાં સર્વોત્તમ કાર્ય કયું ? પ્રભુ સિવાયની બીજી કોઈપણ બાબત તરફ મન વળગવા માગતું હોય તો ત્યાંથી તેને પાછું વાળીને આપણી જાતને તેમાં પડતી બચાવવી એ જ આ સંસારમાં સૌથી ઉત્તમ કાર્ય છે.
- ❑ જેણે પ્રભુભક્તિનો રસ ચાખ્યો છે તેને અન્ય બાબતોમાં રસ નથી.
- ❑ જે જે દિવસ-રાત્રિ-કલાક-મિનિટ ધર્મકાર્યમાં-સત્કાર્યમાં જાય છે તે તે સફળ થાય છે.

# (૩૩) તેત્રીશમી છત્રીશી

૩૨ પ્રકારના જીવોનું રક્ષણ કરનારા
૪ પ્રકારના ઉપસર્ગોને જીતનારા

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

## ૩૨ પ્રકારના જીવો

એકેન્દ્રિય ૨૨ + વિકલેન્દ્રિય ૬ + પંચેન્દ્રિય ૪ = ૩૨

### એકેન્દ્રિય ૨૨

(૧) પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય
(૨) પર્યાપ્તા બાદર પૃથ્વીકાય
(૩) પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય
(૪) પર્યાપ્તા બાદર અપ્કાય
(૫) પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય
(૬) પર્યાપ્તા બાદર તેઉકાય
(૭) પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાય
(૮) પર્યાપ્તા બાદર વાયુકાય
(૯) પર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૧૦) પર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય
(૧૧) પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય
(૧૨) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય
(૧૩) અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય
(૧૪) અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય
(૧૫) અપર્યાપ્તા બાદર અપ્કાય
(૧૬) અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય
(૧૭) અપર્યાપ્તા બાદર તેઉકાય
(૧૮) અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાય
(૧૯) અપર્યાપ્તા બાદર વાયુકાય
(૨૦) અપર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૨૧) અપર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય
(૨૨) અપર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય

**એકેન્દ્રિય** :- જેને સ્પર્શનેન્દ્રિયરૂપ એક જ ઈન્દ્રિય હોય તે એકેન્દ્રિય. તેના મુખ્ય ૫ ભેદ છે -

(૧) **પૃથ્વીકાય** :- પૃથ્વી એ જ જેનું શરીર છે તે જીવો. દા.ત. માટી, રત્નો, સોનું વગેરે.

(૨) **અપ્કાય** :- પાણી એ જ જેનું શરીર છે તે જીવો. દા.ત. ભૂમિનું પાણી, વરસાદનું પાણી વગેરે.

(૩) **તેઉકાય** :- અગ્નિ એ જ જેનું શરીર છે તે જીવો. દા.ત. અંગારા, તણખા, દીવાનો પ્રકાશ વગેરે.

(૪) **વાયુકાય** :- વાયુ એ જ જેનું શરીર છે તે જીવો. દા.ત. નીચે ફરતો વાયુ, ઊંચે ફરતો વાયુ વગેરે.

(૫) **વનસ્પતિકાય** :- વનસ્પતિ એ જ જેનું શરીર છે તે જીવો. તેના બે પ્રકાર છે -

(i) **પ્રત્યેક વનસ્પતિકાય** :- જે વનસ્પતિકાયના એક શરીરમાં એક જીવ હોય તે. દા.ત. ફળ, ફૂલ, પાંદડા વગેરે.

(ii) **સાધારણ વનસ્પતિકાય** :- જે વનસ્પતિકાયના એક શરીરમાં અનંત જીવો હોય તે. દા.ત. બટાટા, ગાજર, લસણ વગેરે.

(૧) **સૂક્ષ્મ** :- અનંતા જીવોના અસંખ્ય શરીરો ભેગા થાય તો પણ ચર્મચક્ષુથી જોઈ ન શકાય તે સૂક્ષ્મ.

(૨) **બાદર** :- એક કે બે કે સંખ્યાતા કે અસંખ્યાતા જીવોના શરીર ભેગા થાય ત્યારે ચર્મચક્ષુથી જોઈ શકાય તે બાદર.

(૧) **પર્યાપ્તા** :- સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરી હોય અથવા પૂર્ણ કરીને જ મરવાના હોય તે પર્યાપ્તા.

(૨) **અપર્યાપ્તા** :- સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના જ મરવાના હોય તે અપર્યાપ્તા.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, સાધારણ વનસ્પતિકાયના દરેકના સૂક્ષ્મ-બાદર એમ બે ભેદ છે. પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ હોય છે. આમ ૧૧ ભેદ થયા. આ દરેક પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે ભેદે હોય છે. તેથી ૨૨ ભેદ થયા. આમ એકેન્દ્રિયના ૨૨ ભેદ થયા.

## વિકલેન્દ્રિય ૬

| | |
|---|---|
| (૨૩) પર્યાપ્તા બેઈન્દ્રિય | (૨૬) અપર્યાપ્તા બેઈન્દ્રિય |
| (૨૪) પર્યાપ્તા તેઈન્દ્રિય | (૨૭) અપર્યાપ્તા તેઈન્દ્રિય |
| (૨૫) પર્યાપ્તા ચઉરિન્દ્રિય | (૨૮) અપર્યાપ્તા ચઉરિન્દ્રિય |

**વિકલેન્દ્રિય** :- જેને પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયો ન હોય તે વિકલેન્દ્રિય. તેના મુખ્ય ૩ ભેદ છે -

(૧) **બેઈન્દ્રિય** :- જેને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય રૂપ બે ઈન્દ્રિયો હોય તે બેઈન્દ્રિય. દા.ત. શંખ, કૃમિ, કાષ્ઠના કીડા વગેરે.

(૨) **તેઈન્દ્રિય** :- જેને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય રૂપ ત્રણ ઈન્દ્રિયો હોય તે તેઈન્દ્રિય. દા.ત. કીડી, મકોડા વગેરે.

(૩) **ચઉરિન્દ્રિય** :- જેને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય રૂપ ચાર ઈન્દ્રિયો હોય તે ચઉરિન્દ્રિય. દા.ત. ભમરા, માખી, મચ્છર વગેરે.

આ ત્રણેના પર્યાપ્તા-અપર્યાપ્તા એમ બે-બે ભેદ છે. તેથી વિકલેન્દ્રિયના કુલ છ ભેદ છે.

## પંચેન્દ્રિય ૪

| | |
|---|---|
| (૨૯) પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | (૩૧) અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય. |
| (૩૦) પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય. | (૩૨) અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય. |

**પંચેન્દ્રિય** :- જેને પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયો હોય તે પંચેન્દ્રિય. દા.ત. દેવ, નારકી, મનુષ્ય, તિર્યંચ. તેના બે ભેદ છે -

(i) **અસંજ્ઞી** :- જેને મન ન હોય એવા પંચેન્દ્રિય તે અસંજ્ઞી પંચેન્દ્રિય.

(ii) **સંજ્ઞી** :- જેને મન હોય એવા પંચેન્દ્રિય તે સંજ્ઞી પંચેન્દ્રિય.

આ બન્નેના પર્યાપ્તા-અપર્યાપ્તા એમ બે-બે ભેદ છે. તેથી પંચેન્દ્રિયના કુલ ૪ ભેદ છે.

આમ જીવોના કુલ ભેદ ૨૨ + ૬ + ૪ = ૩૨ છે.

## ꧁ ૪ પ્રકારના ઉપસર્ગો ꧂

(૧) **દેવકૃત ઉપસર્ગ** :- તે ૪ પ્રકારના છે -

(i) **હાસ્યથી** :- ક્રીડાથી. વ્યંતરીએ ઈડરના ક્ષુલ્લકમુનિને કરેલા ઉપસર્ગની જેમ.

(ii) **રાગથી**♦ :- સ્નેહથી. સીતેન્દ્રે રામચન્દ્રજીને કરેલા ઉપસર્ગની જેમ.

(iii) **પ્રદ્વેષથી** :- દ્વેષથી. સંગમદેવે શ્રીવર્ધમાનસ્વામીને કરેલા ઉપસર્ગની જેમ.

(iv) **વિમર્શથી** :- 'પોતાની પ્રતિજ્ઞાથી આ ચલાયમાન થાય છે કે નહીં', એવા વિચારથી. શ્રદ્ધા નહીં કરનારા દેવે નંદિષેણને કરેલા ઉપસર્ગની જેમ.

(૨) **મનુષ્યકૃત ઉપસર્ગ** :- તે ૪ પ્રકારે છે -

(i) **હાસ્યથી** :- ક્રીડાથી. વેશ્યાની દીકરીએ ક્ષુલ્લકમુનિને કરેલા ઉપસર્ગની જેમ.

(ii) **રાગથી**■ :- સ્નેહથી. કોશા વેશ્યાએ સ્થૂલભદ્રમુનિને કરેલા ઉપસર્ગની જેમ.

(iii) **પ્રદ્વેષથી** :- દ્વેષથી. સૌમિલે ગજસુકુમાલને કરેલા ઉપસર્ગની જેમ.

(iv) **વિમર્શથી** :- 'પોતાની પ્રતિજ્ઞાથી આ ચલાયમાન થાય છે કે નહીં', એવા વિચારથી. હાથી ઉપર બેઠેલા મહાવતે કરેલા ત્રાસથી ક્રમે કરીને છોડ્યા છે કેટલાક વસ્ત્રો જેણે એવી વૃદ્ધ સાધ્વીને રાજાએ કરાવેલા ઉપસર્ગની જેમ.

(૩) **તિર્યંચકૃત ઉપસર્ગ** :- તે ૪ પ્રકારે છે -

(i) **ભયથી** :- કૂતરા, સાપ વગેરે ભયથી ઉપસર્ગ કરે તે.

---

♦ મતાંતરે ઉભયપદથી-વિમર્શ, પ્રદ્વેષ વગેરે પદોના દ્વિસંયોગ-ત્રિસંયોગથી થનાર ઉપસર્ગ.

■ મતાંતરે **કુશીલપ્રતિસેવનથી** - દુરાચારીઓની સોબતથી.

(ii) **પ્રદ્વેષથી :-** ચંડકૌશિક સાપે વીરપ્રભુને કરેલા ઉપસર્ગની જેમ.

(iii) **આહાર માટે :-** વાઘણે સુકોશલમુનિને કરેલા ઉપસર્ગની જેમ.

(iv) **અપત્ય-આલયના સંરક્ષણ માટે :-** સંતાન અને ઘરનું સંરક્ષણ કરવા માટે ગાય-સિંહ વગેરે ઉપસર્ગ કરે તે.

(૪) **આત્મસંવેદનથી :-** તે ૪ પ્રકારે છે -

(i) **સંઘટ્ટનથી :-** આંખમાં રજ જવાથી સ્વયં મસળવાથી થતો ઉપસર્ગ.

(ii) **પ્રપતનથી :-** પગની સ્ખલનાથી પડી જવાથી થતો ઉપસર્ગ.

(iii) **સ્તંભનથી :-** ઉત્પન્ન થયેલા વાયુના પ્રયોગથી ક્ષણ માટે હાથ-પગ વગેરે અક્કડ થઈ જવાથી થતો ઉપસર્ગ.

(iv) **લેશનથી :-** ગાઢ રોગને લીધે શરીરના ભાગો કૃશ થવાથી થતો ઉપસર્ગ.

* * * * *

- ❑ એક કીડીએ ફુલમાં જઈને વાસ કર્યો. તે ફુલની સુગંધ માણતી. એક દિવસ માળીએ એ ફુલને પોતાના ગ્રાહકને આપવા ચુંટી લીધું. તેમાં કીડી પણ સાથે હતી. ગ્રાહકે ફુલ રાજાને આપ્યું. રાજાએ ફુલ પ્રભુને ચડાવ્યું. આમ ફુલની સોબતથી કીડી છેક પ્રભુના મસ્તક સુધી પહોંચી ગઈ. તેમ ઉત્તમની સોબતથી ઉત્તમ પદ અનાયાસે મળે છે.

- ❑ ગૃહસ્થના ઘરમાં પાંચ સ્થાન પાપના ગણાય - (૧) ચૂલો, (૨) ઘંટી, (૩) સાવરણી, (૪) ખાંડણીયો અને (૫) પાણીયારું.

- ❑ જેમ પડી રહેલું લોઢું કાટથી ખવાય છે, તેમ આળસથી મનુષ્યનું જીવન નકામું થઈ જાય છે.

# (૩૪) ચોત્રીશમી છત્રીશી

૩૨ દોષ રહિત વંદનના અધિકારી
૪ પ્રકારની વિકથા વિનાના

કુલ ૩૬ ગુણોવાળા ગુરુ જય પામો.

## ꕥ વંદનના ૩૨ દોષો ꕥ

(૧) **અનાદત** :- અનાદરપણે ચિત્તની ઉત્સુકતા વિના વંદન કરવું તે.

(૨) **સ્તબ્ધ** :- જાતિમદ વગેરે મદ વડે સ્તબ્ધ થઈને વંદન કરવું તે.

(૩) **પવિદ્ધ** :- વંદના કરતાં કરતાં વંદના અધૂરી રાખીને ભાગી જવું તે.

(૪) **પરિપિંડિત** :- ઘણાંને એક વંદનથી વાંદવા, અથવા અક્ષરો-આવર્ત્તોને છૂટા ન કરવા, અથવા બે હાથ કેડ ઉપર સ્થાપીને આવર્ત્ત કરવા તે.

(૫) **ટોલગતિ** :- તીડની જેમ કૂદકા મારતાં વંદન કરવું તે.

(૬) **અંકુશ** :- વંદનાર્થે વંદનીયને કપડું ઝાલીને આસને ખેંચી જવા, અથવા રજોહરણને અંકુશની જેમ બે હાથથી ઝાલવું, અથવા અંકુશથી જેમ હાથીનું મસ્તક ઊંચું-નીચું થાય તેમ મસ્તક ઊંચું-નીચું કરવું તે.

(૭) **કચ્છપરિંગિત** :- વંદન કરતી વખતે કાચબાની જેમ શરીરને સન્મુખ અને વિમુખ ચલાયમાન કરવું તે.

(૮) **મત્સ્યોદ્વૃત્ત** :- વંદન કરતી વખતે બેસતાં-ઊઠતાં એકદમ ઊછળવા સરખું શીઘ્ર ઊઠવું અને બેસવું તે, અથવા એક સાધુને વંદન કર્યા પછી બીજા સાધુને વંદન કરવા માટે ત્યાં રહ્યા થકા જ શરીર ઘુમાવવું તે.

(૯) **મનઃપ્રદુષ્ટ** :- વંદનીયના દોષ મનમાં લાવી અસૂયા-અરુચિપૂર્વક વંદન કરવું તે, અથવા સ્વ કે પર નિમિત્તે થયેલા મનોદ્વેષપૂર્વક વંદન કરવું તે.

(૧૦) **વેદિકાબદ્ધ** :- તે પાંચ પ્રકારે છે -

(i) બે હાથને બે ઢીંચણની ઉપર રાખવા તે.

(ii) બે હાથને બે ઢીંચણની નીચે રાખવા તે.

(iii) બે હાથને બે સંડાસા (વાળેલા પગ)ની વચ્ચે રાખવા તે.

(iv) બે હાથની અંદર બે ઢીંચણ રાખવા તે.

(v) બે હાથની અંદર એક ઢીંચણ રાખવો તે.

આ પાંચ રીતે વંદન કરવું તે વેદિકાબદ્ધ દોષ.

(૧૧) **ભજંત** :- ગુરુ મને ભજે છે અથવા ભજશે એવી બુદ્ધિથી વંદન કરવું તે, અથવા 'હે ગુરુજી ! અમે આપને વંદન કરવા ઊભા છીએ,' એમ કહીને વંદન કરવું તે.

(૧૨) **ભય** :- વંદન નહીં કરું તો ગુરુ મને ગચ્છ વગેરેમાંથી બહાર કાઢી મુકશે એવા ભયથી વંદન કરવું તે.

(૧૩) **ગૌરવ** :- સાધુઓ જાણે કે આ સાધુ કે શ્રાવક સમાચારીમાં કુશળ છે, એવા ગર્વથી વંદન કરવું તે.

(૧૪) **મૈત્રી** :- 'આ મારા મિત્ર છે અથવા થશે', એમ જાણીને વંદન કરવું તે.

(૧૫) **કારણ** :- જ્ઞાનાદિ કારણ સિવાયના 'મને વસ્ત્ર આપશે' વગેરે કારણથી વંદન કરવું તે.

(૧૬) **સ્તૈન્ય** :- 'વંદન કરવાથી મારી લઘુતા થશે', એમ ધારી છૂપા રહીને વંદન કરવું તે, અથવા કોઈ દેખે ન દેખે તેમ વંદન કરવું તે.

(૧૭) **પ્રત્યનીક** :- અનવસરે વંદન કરવું તે.

(૧૮) **રુષ્ટ** :- ગુરુ ગુસ્સામાં હોય અથવા પોતે ગુસ્સામાં હોય ત્યારે વંદન કરવું તે.

(૧૯) **તર્જિત** :- 'લાકડાના શંકરની જેમ આપ ખુશ પણ નથી થતાં અને ગુસ્સે પણ નથી થતાં.' એમ તર્જના કરતાં અથવા આંગળી વગેરેથી તર્જના કરતાં વંદન કરવું તે.

(૨૦) **શઠ** :- વિશ્વાસ ઉપજાવવા માટે વંદન કરવું અથવા માંદગી વગેરે બહાનું કાઢી યથાવિધ વંદન ન કરવું તે.

(૨૧) **હીલિત** :- 'હે ગુરુજી ! આપને વાંદવાથી શું ?', એમ અવજ્ઞા કરીને વંદન કરવું તે.

(૨૨) **વિપરિકુંચિત** :- અડધી વંદના કરીને દેશાદિની કથા કરવી તે.

(૨૩) **દૃષ્ટાદૃષ્ટ** :- ઘણા સાધુઓ વંદન કરતાં હોય ત્યારે કોઈ સાધુની ઓથમાં રહીને વંદન કરવા તે, અથવા અંધારામાં ગુરુ ન દેખે ત્યારે વંદન ન કરવું, દેખે એટલે તુરંત વંદન કરવું તે.

(૨૪) **શૃંગ** :- આવર્ત્ત કરતી વખતે લલાટની બાજુમાં હાથનો સ્પર્શ કરવો તે.

(૨૫) **કર** :- 'વંદન કરવું એ ભગવાનનો કે ગુરુનો કર છે.' એમ માની વંદન કરવું, નિર્જરા માટે વંદન ન કરવું તે.

(૨૬) **કરમોચન** :- 'આ કર ચુકવ્યા વિના મોક્ષ નહીં થાય.' એમ વિચારી વંદન કરવું તે.

(૨૭) **આશ્લિષ્ટ-અનાશ્લિષ્ટ** :- આવર્ત્ત વખતે રજોહરણને અને મસ્તકને હાથ સ્પર્શે નહીં તે. અહીં ૪ ભાંગા થાય -

રજોહરણને સ્પર્શે - મસ્તકને સ્પર્શે,
રજોહરણને ન સ્પર્શે - મસ્તકને સ્પર્શે,
રજોહરણને સ્પર્શે - મસ્તકને ન સ્પર્શે,
રજોહરણને ન સ્પર્શે - મસ્તકને ન સ્પર્શે.

અહીં પહેલો ભાંગો શુદ્ધ છે બાકીના ભાંગામાં દોષ લાગે.

